Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FOR BUYING, SELLING & LEASING
Investment In Real Estate Can Make Your Future Better...
FOR SELLERS
Free Home Staging Consultation
Professional Photography & Virtual Tour
Attractive Advertising
Social Media Marketing
Customized Feature Sheet
Weekly Open House
Assist in Mortgage & Legal Services
FOR BUYERS
Team of Strong Mortgage Brokers
Team of Lawyers
Professional Home Inspectors
Step by Step Guidance Through out Buying Process
AMIT SHAH
Sales Representative
Dir: 647-995-5640
KOMAL SHAH
Sales Representative
Dir: 647-624-5640
Homekey236@gmail.com
Web: www.amitshah.ca

FRIDAY, 26 AUGUST, 2022 Vol. 19, No. 34 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# યુક્રેનના સ્વતંત્રતા દિને રશિયાનો હુમલો : 53નાં મોત

## અમે સરહદ પર સૈનિકોને લઈ જતી મિલિટરી ટ્રેન પર હુમલો કરી 200 સૈનિકોને માર્યા : રશિયાનો દાવો

**પોકરોવ્સ્ક**

યુક્રેન તેના સ્વતંત્રતા દિનની ઉજવણી કરી રહ્યુ છે ત્યારે રશિયાએ ટ્રેન પર કરેલા હુમલામાં ૫૨ નાગરિકોના મોત થયા હોવાના અહેવાલો છે. આ અંગે રશિયાએ ગુરુવારે દાવો કર્યો હતો કે, આ હુમલો અમે પૂર્વી સરહદે લશ્કરને લઈ જતી ટ્રેન પર કર્યો છે. બીજી બાજુ ચાલુ યુદ્ધે પુતિને રશિયાના લશ્કરમાં ૧,૩૭,૦૦૦ સૈનિકોનો વધારો કરવાનો આદેશ આપ્યો છે.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેના દળોએ મિલિટરી ટ્રેનને ટાર્ગેટ બનાવવા માટે ઈસ્કંદર મિસાઈલનો ઉપયોગ કર્યો છે. આ ટ્રેન યુક્રેનના લશ્કરી દળો અને સાધનસામગ્રીને પૂર્વી યુક્રેનમાં લઈ જઈ રહી હતી. અમે ૨૦૦થી વધુ યુક્રેનિયન સૈનિકોને આ હુમલામાં ખતમ કર્યા છે.

યુક્રેનના ચેપલીન શહેરના રેલ્વે સ્ટેશન પર રશિયાએ આ જોરદાર હુમલો કર્યો હતો. જિનિવામાં માનવ અધિકાર કાર્યકર મિશેલ બેશલેટે જણાવ્યું હતું કે રશિયાના પ્રમુખ પુટિનના દળો અકલ્પનીય રીતે ભયાવહ સ્થિતિનું નિર્માણ કરી રહ્યા છે. તેમણે પુતિનને સશસ્ત્ર હુમલો રોકવા હાકલ કરી હતી. યુદ્ધમાં અત્યાર સુધીમાં રશિયાના ૭૦ હજારથી વધારે સૈનિકો માર્યા ગયા હોવાનું કહેવાય છે. એક રીતે જોઈએ તો રશિયાએ દર મહિને બાર હજાર સૈનિકો ગુમાવ્યા છે. તેની સામે યુક્રેને દસથી બાર હજારો સૈનિકો જ ગુમાવ્યા હોવાનું કહેવાય છે. આમ રશિયાના પક્ષે ખુવારી જબરજસ્ત છે. આ ખુંવારીની તેણે કલ્પના પણ નહી કરી હોય.મળતી વિગતો પ્રમાણે પુતિને ૧,૩૭,૦૦૦ સૈનિકોની ભરતી કરવાનો આદેશ આપ્યો છે. કેટલાય નિષ્ણાતો તેને હતાશામાં લેવાયેલો નિર્ણય ગણાવે છે. રશિયાના ભૂતપૂર્વ સુરક્ષા નિષ્ણાતોનું માનવું છે કે આ સૈનિકોની ભરતીથી કંઈ યુદ્ધના પરિણામ પર ફેર નહી પડે. રશિયાએ યુક્રેન યુદ્ધ માટે બે લાખનું તૈયાર રાખેલું લશ્કર હવે ઓછું પડી રહ્યુ છે.



# દક્ષિણ-પશ્ચિમ ચીનમાં હીટવેવ, વીજળીની અછત

શાંઘાઈ : ચીનમાં હાલમાં લોકો અને સરકાર બને મુશ્કેલીમાં છે. દેશના દક્ષિણ પશ્ચિમમા પડી રહેલી ભીષણ ગરમી અને વીજળીની અછતને પગલે લોકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હીટવેવને કારણે વીજળીની માગ અગાઉ કરતા ખૂબ જ વધી ગઈ છે. જેના કારણે વીજળીની અછત ઉભી થઈ છે. ઓછા વરસાદ અન દુકાળની આગાહીથી અહીંના લોકો અને સરકારની ઉંઘ ઉડી ગઈ છે. હવામાન વિભાગે સતત ૧૧મા દિવસે પણ સમગ્ર વિસ્તારમાં હીટવેવની ચેતવણી આપી છે. હવામાન વિભાગે સમગ્ર વિસ્તારમાં રેડ એલર્ટ જારી કરી છે. વીજળીની અછત અને આકાશમાંથી પડી રહેલી ગરમીને કારણે પાક ખરાબ થઈ રહ્યાં છે.

ABOWATH
REAL ESTATE GROUP
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
ABOWATH.COM

AIR CANADA
KLM
AIR FRANCE
QATAR
SWISS
LUFTHANSA
BRITISH AIRWAYS
Airline Tickets - Whole Sale Price
Travel insurance With Discount
Free Oath Commissioner Services
All Inclusive Vacation Tour Packages
Fast + Best Services
VISA, PASSPORT, OCI
INTERSKY TRAVEL
514-389-7070
20 YEARS

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife
Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Closing down sale !
Japanese Sarees, UK Sweaters and much more at attractive prices.
Upto 80% off
• $1 each Blouse Piece • 3 for $100 Gold Print Jacquard Sarees. • 4 for $100 Gold Print Sarees. • 5 for $100 UK Sweaters. • 10 for $100 Printed Georgette Sarees. • 20 for $100 Japanese Plain Suit Pcs
and many more specials...
Biggest Sale Ever!
Just in Time for the festive season!
Uma Sarees
6270 Côte des Neiges, Montreal
514-341-1394

Residential
New Condos
Investments
Commercial
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડા-જર્મની વચ્ચે હાઈડ્રોજન શીપમેન્ટ શરૂ કરવા સંધિ

• કરાર મુજબ હાઈડ્રોજન પુરવઠાની સપ્લાયચેન આવનારા ત્રણ વર્ષમાં ગોઠવાઈ જશે

**ઓન્ટેરિયો**



કેનેડા અને જર્મની વચ્ચે નવી હાઈડ્રોજન સંધિ ઉપર હસ્તાક્ષર થયા છે. આ સોદા મુજબ ટ્રાન્સએટલાન્ટીક હાઈડ્રોજન પુરવઠાની સપ્લાયચેન આવનારા ત્રણ વર્ષમાં ગોઠવાઈ જશે. કેનેડાના કુદરતી સ્રોતોના મંત્રી જોનાથન વિલકીંગસન અને જર્મનીના વાઈસ ચાન્સલર રોબર્ટ હેડબેકે મંગળવારે બંદર શહેર સ્ટીફનવિલે ખાતે આ અંગેના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રસંગે એક હાઈડ્રોજનના વ્યાપાર મેળાનું પણ આયોજન થયું હતુ. જેમાં કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો અને જર્મનીના ચાન્સલર ઓલ્ફા શોલ્ઝ ઉપસ્થિત રહ્યા હતા. આ કરાર પાંચ પાનાનો છે જેને ઈરાદાપત્રકની જાહેરાત તરીકે ઓળખાવવામાં આવે છે. જેમાં બંને દેશો વચ્ચે હાઈડ્રોજનના વ્યાપારની વાતોનો સમાવેશ છે. ટ્રુડોએ કહ્યું હતું કે, આવનારા સમયમાં ઈંધણ ઉર્જાની જરૂરીયાત વધવાની છે અને સ્વચ્છ ઉર્જા માટે હાઈડ્રોજનની જરૂર વધવાની છે. અમે ગ્રીન એનર્જી પ્રોજેક્ટ શરૂ કરી રહ્યા છીએ. જેમાં હાઈડ્રોજનનો મહત્તમ ઉપયોગ થશે. કેનેડા હાઈડ્રોજનના ઉત્પાદનમાં આગળ છે અને જર્મની એના પરીવહન માટેના એટલાન્ટીક વિસ્તારમાં નેટવર્ક ઉભુ કરશે. જો કે, આ કરારમાં હજુ સુધી રશીયાનું નામ નથી. પુટીનને આ કરારથી એવો સંદેશ આપવાનો પ્રયાસ છે કે એમનો દેશ ઉર્જાનો સુપરપાવર ગણાય છે. જે હાલમાં સૌથી વધુ ખતરામાં છે. જર્મની લાંબાગાળાના ઉર્જા સંબંધો માટે રશિયા ઉપર આધારીત રહેવાને બદલે કેનેડા સાથે હાથ મિલાવી રહ્યું છે. શોલ્ઝે કહ્યું હતું કે, અમે પણ હાઈડ્રોજનના ઉત્પાદનને વધારીને એના વહન માટે આયોજન કરી રહ્યા છીએ. અમે રશિયા સિવાયના દેશો પાસેથી પ્રવાહી કુદરતી વાયુ લેવાની પણ તૈયારી રાખી છે. એટલાન્ટીક વિસ્તાર માટે આ યોજના લાંબા ગાળે વધુ ફાયદાકારક પુરવાર થશે.

# ઓન્ટેરિયોમાં એક વર્ષમાં અકસ્માત અને કુદરતી આપત્તિને કારણે ૨૫૦ના મોત

## વાહન હંકારતી વખતે ઝડપની મર્યાદા અને રોડ સેફટીના નિયમોનું પાલન કરવા પોલીસની અપીલ

**ટોરોન્ટો**

ઓન્ટેરિયો પ્રોવિન્શીયલ પોલીસના જણાવ્યા મુજબ આ વર્ષે ૨૫૦થી વધુ વ્યકિતઓના મૃત્યુ જળ જમીનના પ્રપાતને કારણે થયા હતા. સાર્જન્ટ કેરી સ્કીમીટે કહ્યું હતું કે, આ વર્ષે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૨૫૯ લોકોના મૃત્યુનું કારણ રોડ અકસ્માત, ટ્રેલીંગ કે જળમાર્ગના અકસ્માત રહ્યા છે. ગયા અઠવાડિયે જ ૧૯ મોત નોંધાયા હતા. હાઈ-વે ઉપર થતાં અકસ્માતોમાં ડ્રાઈવીંગમાં બેદરકારી, વધુ ઝડપ કે બેધ્યાનપણાને કારણે જાનહાનિની શકયતાઓ વધતી હોવાનું આપણે માનતા હોઈએ છીએ. હજુ પણ લોકો ડ્રાઈવીંગ સમયે સીટ બેલ્ટ પહેરતા નથી કે સલામતીનું ધ્યાન નથી રાખતા. તેમણે આ વાત ટવીટર ઉપર વીડિયો પોસ્ટ દ્વારા કરી હતી. તેમણે કહ્યું હતું કે, આ બધી બાબતો જ જયારે ગયા વર્ષના અને આ વર્ષના પ્રાણઘાતક અકસ્માતોની તુલના કરીવામાં આવે ત્યારે બહાર આવી છે. વધુ પડતી ઝડપ જ આ બધામાં પહેલા નંબરે આવે છે. રોડ એકિસડેન્ટમાં આ વર્ષે બાઈકના અકસ્માતમાં મૃત્યુ દરમાં લગભગ ૩૦૦ ટકા વધારો જોવા મળ્યો છે. આઠ ચાલકોના મોત નિપજયા હતા જે ગયા વર્ષે માત્ર બે હતા. તેમણે લોકોને વધુ ઝડપને ટાળવા તથા સલામતીના ઉપકરણોનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી. જેથી જીવ બચી શકે છે. તેમણે લોકોને સ્પીડ લીમીટનું પાલન કરવા અને રોડ સેફટીના નિયમોનું પાલન કરવા, હેલ્મેટ, સીટ બેલ્ટ અને જળ પ્રવાસ સમયે લાઈફ જેકેટનો ઉપયોગ કરવા તથા આસપાસના માહોલ પર ધ્યાન આપવાની પણ અપીલ કરી હતી. સાથે જ જો કોઈ બેફામ ડ્રાઈવીંગ કરતું જોવા મળે તો ઓપીપીનો કે ૯૧૧ નંબર ઉપર સંપર્ક કરી જાણ કરવા પણ અપીલ કરી હતી.

# ક્યૂબેકની પ્રાંતીય ચૂંટણીઃ કન્ઝર્વેટિવ પાર્ટી દ્વારા સૌપ્રથમ પ્રચારનો આરંભ

## ક્યૂબેકની ચૂંટણી 3 ઑક્ટોબરે યોજાશે, 39 દિવસની આચારસંહિતા

**મોન્ટ્રીયલ**

ક્યૂબેકની કન્ઝર્વેટિવ પાર્ટીએ 21 ઓગસ્ટ, 2022ના રોજ ક્યૂબેક સિટીમાં તેની ચૂંટણી ઝુંબેશ શરૂ કરી હતી. કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા એરિક ડુહાઈમે ટ્વિટર ઉપર આ અંગેની જાહેરાત કરી હતી. તેઓ ચૂંટણી ઝુંબેશ શરૂ કરનાર પ્રાંતીય પક્ષના પ્રથમ નેતા બન્યા છે. પ્રીમિયર ફ્રાન્કોઈસ લેગૉલ્ટે હજુ સુધી સત્તાવાર રીતે ચૂંટણી અંગે જાહેરાત કરવાની બાકી છે. જો કે, પ્રાંતની ગવર્નિંગ પાર્ટીએ તાજેતરના દિવસોમાં પહેલાથી જ ઘણા ચૂંટણી વચનો આપી દીધાં છે, જેમાં તમામ સબસિડી વિનાનાં ડેકેર સ્થળોને સબસિડીવાળી જગ્યાઓમાં રૂપાંતરિત કરવા માટે પાંચ વર્ષમાં1.4 બિલિયન ડોલર આપવાનો પણ સમાવેશ થાય છે. ડુહાઈમે, જેઓ પહેલીવાર પાર્ટીના નેતા તરીકે બન્યા છે, તેમણે ગયા અઠવાડિયે કન્ઝર્વેટિવ પ્લેટફોર્મનું અનાવરણ કર્યું હતું. એમની ચૂંટણી ઝુંબેશનું સૂત્ર હતું "પસંદ કરવાની સ્વતંત્રતા." ક્યૂબેકની ચૂંટણી 3 ઑક્ટોબરે નિર્ધારિત કરવામાં આવી છે, જેમાં આચારસંહિતા પ્રમાણે 33 થી 39 દિવસ સુધી ચૂંટણી ઝુંબેશ ચલાવવાની હોય છે. ધ કેનેડિયન પ્રેસ દ્વારા આ અહેવાલ સૌ પ્રથમ 21 ઓગસ્ટ, 2022 ના રોજ પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

# ઇટોબીકોક પાર્કમાં બ્રાહ્મણ સમાજ ઓફ ઓન્ટેરિયો દ્વારા રક્ષાબંધને પિકનીક





**ઓન્ટેરિયો**

બ્રાહ્મણ સમાજ ઓફ ઓન્ટેરિયો "બળેવ પિકનીક"નું આયોજન 14 ઓગષ્ટ 2022 રવિવારના રોજ સેન્ટેનીયલ પાર્ક ઈટોબીકોક ખાતે કરાયું હતું. ચાલુ વર્ષને બ્રાહ્મણ સમાજ ઓન્ટારિયો સુવર્ણજયંતિ વર્ષ તરીકે ઉજવી રહ્યું છે. બળેવના દિવસે બ્રાહ્મણ સમાજ ઓફ ઓન્ટેરિયો દ્વારા ત્રણ સુંદર કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. જેમાં પારંપારિક વૈદિક વિધિ મુજબ જનોઈ બદલવાનો કાર્યક્રમ સિનિયર 45થી પણ વધુ સભ્યો માટે "GTA TEMPLE TOUR" તથા પિકનીકની સાથે સાથે ભારતની આઝાદીના અમૃત મહોત્સવન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

**45 સભ્યો દ્વારા સામૂહિક રીતે જનોઇ બદલાઈ, સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં ધ્વજવંદન કરાયું**

શાસ્ત્રી કેયુરભાઈ રાવલે સવારે 11.00 કલાકથી વૈદિક રીતે જનોઈ બદલાવી જનોઈની મહત્તા સમજાવી હતી. 20થી વધુ ભૂદેવો અને યુવાનોએ આ કાર્યક્રમમાં ભાગ લઈને તેને સફળ બનાવ્યો હતો. ત્યારબાદ તમામ સભ્યોએ વોલેન્ટિયર શ્રમીક ત્રિપાઠી અને કમિટીના સભ્ય બ્રજેસભાઈ ભટ્ટની આગેવાની હેઠળ ક્રિકેટ અને વોલીબોલ રમીને આનંદ ઉલ્લાસ સાથે દિવસ પસાર કર્યો હતો. આ ઉપરાંત બેહનો અને બાળકીએ પણ રમતો, મ્યુઝીક કમિટીના સભ્ય બિંદુબેન પુરોહિતની આગેવાની હેઠળ આયોજન કરી મઝા માણી હતી. પ્રેસીડેન્ટ ઋષિકેસ ભટ્ટની આગેવાની હેઠળ તમામ કમિટી સભ્યોએ જહેમત ઉઠાવીને પિકનીકને સફળ બનાવી હતી.

સમાજના જૂના સભ્ય હસુબેન બિહારીની આગેવાની હેઠળ ભારતના 76માં સ્વતંત્ર દિન નિમિત્તે સિનિયર અને દરેક ગૃપના સભ્યોએ સાથે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજ્યો હતો.

બ્રાહ્મણ સમાજ ઓફ ઓન્ટેરિયોએ શિલ્પાબેન ત્રિવેદીના નેતૃત્વ હેઠળ "GTA TEMPLE TOUR FOR SRS"નું સુંદર આયોજન કર્યું હતું. "GTA TEMPLE TOUR FOR SRS"ની સફળ યાત્રા સંપન્ન કરીને 45થી પણ વધુ સભ્યોએ પિકનીકમાં ભાગ લીધો અને ધ્વજવંદન કર્યું હતું.

આગામી કાર્યક્રમોમાં નવરાત્રી રાસગરબા અને નવરાત્રી હવન તથા દિવાળી દિવાળી ડીનર અંગે જાહેરાત કરાઈ હતી.



# બ્રામ્પટનમાં ભારતના સ્વતંત્ર દિનની ઉત્સાહભેર ઉજવણી

## ધ્વજવંદન સાથે જય હિંદના નારાઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યુ : આયોજક અને સહભાગી સંસ્થાઓને પ્રશસ્તિ પત્ર અપાયું

**બ્રામ્પટન**

ભારતને સ્વતંત્ર મળ્યાના 75 વર્ષ પૂરા થતા સમગ્ર ભારત અને અન્ય દેશોમાં વસતા ભારતીયોએ 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી કરી હતી. ઓન્ટેરિયો પ્રોવિન્સ અને કેનેડામાં ભારતના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી દર વર્ષે થાય છે. આ વર્ષે બ્રામ્પ્ટનમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણીમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ અપૂર્વ શ્રીવાસ્તવજી, બ્રામ્પ્ટનના મેયર પેટ્રીક બ્રાઉન, રીજીયોનલ કાઉન્સિલ ગુરપ્રીત ધીલ્લોન, બ્રામ્પ્ટન સાઉથના સાંસદ સોનિયા સિધ્ધુ, સંસદ સભ્ય સફકતઅલી, પીલ પોલીસ વોર્ડના ચેર રોન ચઢ્ઢાની ખાસ હાજરી રહી હતી.





કોન્સ્યુલેટ જનરલ અપૂર્વ શ્રીવાસ્તવે અને બ્રામ્પ્ટનના મેયર પેટ્રીક બ્રાઉને ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કર્યું હતું. આ પ્રસંગે સમગ્ર વાતાવરણ જયહિંદ, ભારત માતા કી જય અને વંદેમાતરમ્ના નારા સાથે ગુંજી ઉઠ્યું હતું.

મેયર પેટ્રીક બ્રાઉને પોતાના વકતવ્યમાં ભારતીયોને આઝાદીના 75માં વર્ષ પૂરા થતા સ્વતંત્ર દિવસની શુભેચ્છા આપી હતી. કોન્સ્યુલેટ જનરલ અપૂર્વ શ્રીવાસ્તવે પોતાના પ્રસંગોચિત પ્રવચનમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સ્વતંત્ર દિવસે લાલ કિલ્લાથી કરેલા પ્રવચનની વાત કરી હતી. ઉજવણીમાં IFA, Friends of Gujarat, MICA તથા તેમના હોદ્દેદારો જયેશ બ્રહ્મભટ્ટ, અખિલ શાહ, અશ્વિની અગ્રવાલ તથા અન્ય સંસ્થાએ સહયોગ આપ્યો હતો. રીજીયોનલ કાઉન્સિલર ગુરપ્રિતસિંહ ધીલ્લોન, સંસદ સભ્ય સોનિયા સિધ્ધુ અને સફકતઅલીએ Human for Harmoney તથા અન્ય સંસ્થાઓને પ્રશસ્તિપત્ર, પ્રમાણપત્ર આપ્યા હતા. પ્રભા સુભદ્રાજીએ એ મેરે વતન કે લોગો ગીત ગાયું હતું. આ પ્રસંગે સ્વાગત પ્રવચન Human for Harmoneyના ડોન પટેલ અને આભારવિધિ વિનાયક પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન Human for Harmoneyના પથિક શુક્લાએ કર્યું હતું.

# એક્ઝિબિશનમાં ચકાસણી બાદ ખાદ્ય પદાર્થ વેચતા બે સ્ટોલ બંધ કરાવાયા

**ઓન્ટેરિયો**

કેનેડામાં યોજાયેલા રાષ્ટ્રીય પ્રદર્શનમાં જોડાયેલા ખાદ્ય સામગ્રીના સ્ટોલ ધારકોની આરોગ્યલક્ષી ચકાસણી દરમિયાન બે ફુડ વેન્ડર અયોગ્ય જણાતા તેમના સ્ટોલ બંધ કરાવી દેવાયા હતા.

ટોરન્ટો સીટીની વેબસાઈટ મુજબ ઝાબિહા હલાલ અને મેપલ લોજ ફાર્મને અયોગ્ય ઠરાવવાની જાણકારી સોમવારે આપવામાં આવી હતી. નિરીક્ષકોના જણાવ્યા મુજબ આ બંનેને ફાળવવામાં આવેલી જગ્યાની સ્વચ્છતા જાળવવામાં સ્ટોલ ધારકો નિષ્ફળ નિવડયા હતા.

**પ્રદર્શનમાં ચકાસણી કાર્યથી અનેક ધંધાર્થીને અસર, અનેકને નોટીસ અપાઈ**

આ નિરીક્ષણ ડાઈનસેફ ઈન્સપેક્શન સિસ્ટમ દ્વારા કરવામાં આવી રહ્યું છે. જે મુજબ ખાણીપીણીના વ્યવસાય સાથે સંકળાયેલા ઘણાંને અસર પહોંચી છે.

જેમને હાથ ધોવાના અપુરતા સાધનો અને ઠંડા તથા ગરમ પાણીની વ્યવસ્થા બરાબર ન હોવાને કારણે પણ નોટીસો મળી હતી.

મળતી વિગતો મુજબ ખાસ કરીને કોવિડ-૧૯ બાદની સ્થિતિમાં જયારે ખાણી-પીણીના વ્યવસાયને વધુ સુરક્ષીત બનાવવાની જરૂર છે ત્યારે બેદરકારી ચલાવી નહીં લેવાય. જેમને બેદરકારી બદલ નોટીસો મળી છે એનું નિવારણ ન થાય ત્યાં સુધી એમના સ્ટોલ બંધ રાખવા પડશે.

હવે સરકાર પણ ફુડ સેફટી તરફ વધુ ધ્યાન આપી રહી છે અને એ અંગેના નિયમોનું પાલન ચુસ્ત રીતે થાય એનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

કેમ કે, ૨૦૧૩માં આવા પ્રદર્શનમાં આવેલા મુલાકાતીઓ પૈકી ૨૦૦ જણા ક્રાઉન્ટ બર્ગર ખાવાને કારણે બિમાર પડી ગયા હતા. એ કેસમાં ટોરન્ટોના આરોગ્યવિભાગે તપાસ બાદ બર્ગરના ટોપીંગમાં વપરાતા પદાર્થોમાં ક્ષતિ જણાતા એને મેનુમાંથી હટાવી લેવા આદેશ કર્યો હતો.

ત્યારબાદ આ પ્રદર્શન માટે નવી ફુડ સેકટી પ્રોસિજર અમલમાં મુકાઈ છે અને એ મુજબ હવે સ્થળ પર નિરીક્ષણ કરવામાં આવે છે.

# કેનેડામાં ઈમિગ્રેશનને કારણે જ ભાષાનું વૈવિધ્ય : સ્ટેટિસ્ટિક્સ વિભાગનું તારણ

## કેનેડામાં અંગ્રેજી અને ફ્રેન્ચ સૌથી વધારે બોલાતી ભાષા, દક્ષિણ એશિયન ભાષા બોલનારા વધ્યા

**ઓન્ટેરિયો**

સ્ટેટિસ્ટિક્સ કેનેડાના અહેવાલમાં નોંધાયુ છે કે, 4.6 મિલિયન કેનેડિયન મુખ્યત્વે ઘરમાં અંગ્રેજી અને ફ્રેન્ચ સિવાયની ભાષા બોલે છે. ખાસ કરીને, 2021માં 4 માંથી 1 કેનેડિયન અથવા 9 મિલિયન લોકો અંગ્રેજી અને ફ્રેન્ચ સિવાયની ભાષા બોલતા હતા. 1901 પછી સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ માતૃભાષા પરનો ડેટા ભેગો કરવાનું શરૂ કર્યું ત્યારથી આ રેકોર્ડ ઊંચો છે.

કેનેડામાં અંગ્રેજી અને ફ્રેન્ચ સૌથી વધારે બોલાતી ભાષાઓ છે. 10માંથી 9 કેનેડિયન નિયમિત ધોરણે ઘરમાં આ બે ભાષાઓમાંથી એક ભાષા બોલે છે. ઈમિગ્રેશન કેનેડિયનોની સંખ્યામાં વધારો કરી રહ્યું છે, જેઓ ઘરે અંગ્રેજી અને ફ્રેન્ચ સિવાયની અન્ય ભાષા બોલે છે. 2016થી 2021 દરમિયાન મુખ્યત્વે દક્ષિણ એશિયન ભાષા બોલતા કેનેડિયનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

જ્યારે કેનેડિયન વસ્તી 2016થી 2021 સુધીમાં 5.2% વધી હતી, ત્યારે કેનેડિયન કે જેઓ ઘરમાં દક્ષિણ એશિયન ભાષા બોલતા હતા તેમની સંખ્યા ઘણી ઝડપથી વધી હતી, ખાસ કરીને મલયાલમ (+129%), હિન્દી, (+66%), પંજાબી (+49%) અને ગુજરાતીમાં 43% ટકાનો વધારો થયો છે. વાસ્તવમાં દક્ષિણ એશિયન ભાષાઓ બોલનારાઓની સંખ્યાનો વૃદ્ધિ દર સમગ્ર કેનેડિયન વસ્તી કરતા ઓછામાં ઓછો આઠ ગણો મોટો છે. અંગ્રેજી અને ફ્રેન્ચ હોવા છતાં, મેન્ડેરિન અને પંજાબી કેનેડાની સૌથી વધુ બોલાતી ભાષાઓ હતી. 2021માં, અડધા મિલિયનથી વધુ કેનેડિયનો ઘરમાં મુખ્યત્વે મેન્ડેરિન ભાષા બોલતા હતા અને અડધા મિલિયનથી વધુ લોકો પંજાબી બોલતા હતા. કેનેડામાં 70થી વધુ વિવિધ ભાષાઓ બોલાય છે. 2021માં, 189,000 લોકોએ ઓછામાં ઓછી એક સ્વદેશી ભાષા બોલતા હોવાનો અહેવાલ આપ્યો હતો.

# ઉત્તર-પશ્ચિમ ટોરોન્ટોમાં અકસ્માત, ડ્રાઈવરનું મોત

**ટોરોન્ટો**

સોમવારે રાત્રે ઉત્તર-પશ્ચિમ ટોરોન્ટોમાં ડ્રાઈવર સાથે અથડામણને પગલે એક વ્યક્તિનું તેના વાહનમાં દબાઈ જવાથી મૃત્યુ થયું હતુ. આ અકસ્માત શેપર્ડ એવન્યુ વેસ્ટની દક્ષિણમાં વેસ્ટન રોડ અને સ્ટારવ્યુ લેન વિસ્તારમાં થયો હતો. પોલીસે જણાવ્યું હતું કે, તેમને રાત્રે 8:30 વાગ્યા બાદ ગંભીર અકસ્માત અંગે 911 ઉપર કોલ આવ્યો હતો.

ટોરોન્ટોના પેરામેડિક્સના જણાવ્યા અનુસાર, પેરામેડિક્સે તેનો જીવ બચાવવાનો પ્રયાસ કર્યા પછી, ભોગ બનનારને ઘટનાસ્થળે મૃત જાહેર કરવામાં આવ્યો હતો, જ્યારે અન્ય એક વ્યક્તિને નજીવી ઈજાઓ થઈ હોવાથી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

બંને વાહનમાં એક-એક શખ્સ સવાર હતો. અકસ્માત કેવી રીતે થયો તે પોલીસ હજુ સુધી નક્કી કરી શકી નથી. મૃત્યુ પામેલા માણસની ઉંમર જાહેર કરવામાં આવી નથી.

# કેનેડામાં ઇમિગ્રેશનની અરજીનો ભરાવો

## વર્ષના અંત સુધીમાં પરિસ્થિતિ પૂર્વવત થવાની આશા

**ઓન્ટેરિયો**

કેનેડાના ઈમિગ્રેશન પ્રધાન હવે કહે છે કે યુક્રેનમાં કટોકટી અને અન્ય બાહ્ય ઘટનાઓને કારણે ઈમિગ્રેશન અરજીઓમાં વધુ પડતો ભરાવો થયો હોવાથી મૂળ સ્થિતિમાં આવતાં ધારણા કરતાં થોડા મહિના વધુ સમય લાગશે.

જાન્યુઆરીમાં, ઈમિગ્રેશન મંત્રી સીન ફ્રેઝરે વર્ષના અંત સુધીમાં COVID-19 રોગચાળાને કારણે ભરાવાને દૂર કરવાની ખાતરી આપી હતી. તે પહેલાં કેનેડાએ યુક્રેન પર રશિયન આક્રમણને કારણે સર્જાયેલી શરણાર્થી કટોકટીને કારણે હજારો યુક્રેનિયનો અને તેમના પરિવારોને યુદ્ધથી બચવા માટે અસ્થાયી રૂપે કેનેડા આવવાની મંજૂરી આપી હતી. ફ્રેઝરે જણાવ્યું હતું કે, સરકારની જુની તકનીકના અપડેટના આ પ્રયાસોને કારણે કેનેડા આવવા માંગતા લોકોએ હજુ લાંબો સમય સુધી રાહ જોવી પડશે. જુલાઈના અંત સુધીમાં, સિસ્ટમમાં અંદાજે 1.3 મિલિયન ઈમિગ્રેશન અરજીઓ પર પ્રક્રિયા કરવામાં સરકારને જોઈએ તે કરતાં વધુ સમય લાગ્યો છે. જે સિસ્ટમમાં બાકી રહેલી તમામ અરજીઓના લગભગ 54 ટકા છે. કેનેડિયન પ્રેસ સાથેની એક મુલાકાતમાં ફ્રેઝરે જણાવ્યું હતું કે તમામ ઈમિગ્રેશન સ્ટ્રીમ્સને સામાન્ય થતાં સુધીમાં વિભાગને થોડા વધારે સમયની જરૂર પડી શકે છે. "અમે અત્યારે જે જોઈ રહ્યા છીએ તેના આધારે, આપણે આ વર્ષના અંત સુધીમાં વર્ક પરમિટ અને એજ્યુકેશન પરમિટ માટે પરિસ્થિતિ પૂર્વવત થવાની નજીક છે.



તંત્રી સ્થાનેથી

# યુક્રેન પર રશિયાના હુમલા બાદ પડનો ટાર્ગેટ હવે એલેક્ઝાન્ડર

રશિયાની રાજધાની મોસ્કોની બહાર થયેલા કાર બોમ્બ બ્લાસ્ટમાં દાયરા દુગિન નામની યુવતીનું મોત થતા દુનિયામાં ચકચાર મચી ગઈ. કારણ કે, દાયરા રશિયાના પોલિટિકલ ફિલોસોફર એલેક્ઝાન્ડર દુગિનની પુત્રી હતી. ભારતમાં તો મોટાભાગનાં લોકોને એલેક્ઝાન્ડર દુગિન વિશે ઝાઝુ જાણતા નથી. પરંતુ અમેરિકા સહિતના પશ્ચિમના દેશોમાં આ નામ જાણીતું છે. એલેક્ઝાન્ડર રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિનના ફિલોસોફર અથવા માર્ગદર્શક ગણાય છે. પુતિન વર્ષોથી યુક્રેનને રશિયાનું દુશ્મન માને છે. ૬૦ વર્ષના એલેક્ઝાન્ડર દુગિન જ આ સ્થિતિ માટે જવાબદાર હોવાનું પણ મનાય છે.



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

પાંચ મહિના પહેલાં રશિયાએ યુક્રેન ઉપર આક્રમણ કર્યું ત્યારે પુતિનની ચઢામણી પણ દુગિને જ કરી હોવાનો તર્ક રજૂ થયો હતો.

અમેરિકાના મીડિયામાં તો એલેક્ઝાન્ડર દુગિનનો ઉલ્લેખ 'પુતિન્સ બ્રેઈન' એટલે કે 'પુતિનના ભેજા' તરીકે જ થાય છે. તેથી અમેરિકા સહિતનાં પશ્ચિમના દેશોમાં એલેક્ઝાન્ડર દુગિનના નામથી સૌકોઈ પરિચિત છે. એલેક્ઝાન્ડરનું નામ સતત ગાજતુ રહે છે. ઘણાં એલેક્ઝાન્ડરને 'પુતિન્સ રાસ્પુતિન' પણ કહે છે. હવે દુગિનની હત્યા પાછળ કોઈ જવાબદાર છે તેવા સવાલો ઉઠવા માંડ્યા છે. દુનિયાના કેટલાક બુદ્ધિજીવીઓ અમેરિકા તરફ આંગળી ચીંધી રહ્યા છે.

યુક્રેનમાં રશિયા તરફી જૂથના કમાન્ડર ડેનિસ પુશીલે ઘટના માટે યુક્રેનના 'આતંકવાદીઓ'ને દોષિત ગણાવ્યા છે. યુક્રેનને અમેરિકા પાછલા બારણે મદદ કરતુ હોવાથી અમેરિકા શંકાના દાયરામાં આવે તે સ્વાભાવિક છે.

અમેરિકાની એજન્સીઓએ રશિયાના યુક્રેન પરના આક્રમણ પછી પુતિનની નજીકનાં લોકોને ટાર્ગેટ કરવાનું શરુ કર્યું છે. એલેક્ઝાન્ડર દુગિનનું નામ તેમાં ટોચે હતું. શનિવારે રાત્રે હુમલો થયો એ એલેક્ઝાન્ડરને ઉડાવી દેવા માટે જ કરાયો. આ સમયે એલેક્ઝાન્ડર તેની દીકરી દાયરા સાથે બહાર એક ઉત્સવમાં ભાગ લેવા ગયો હતો. બંને સાથે એક જ કારમાં પાછાં આવવાનાં છે એવી બાતમી હોવાથી દાયરાની લક્ઝુરીયસ લેન્ડ ક્રુઈઝર પ્રાદો કારમાં બોમ્બ મુકાયો. પરંતુ તે પછી દાયરા અને તેના પિતા એલેક્ઝાન્ડરના એકસાથે કારમાં નીકળ્યા નહીં.

એલેક્ઝાન્ડર બીજી કારમાં નીકળ્યો. કારમાં બોમ્બ ગોઠવનારાંને આ વાતની ખબર નહોતી તેથી તેમણે જે કારમાં દાયરા બેઠી હતી તેને ઉડાવી દીધી. કારની સાથે દાયરાના પણ ફૂરચે ફુરચા ઉડી ગયા જ્યારે એલેક્ઝાન્ડર બચી ગયો. હવે પુતિન પોતાના ખાસ મનાતા એલેક્ઝાન્ડર દીકરીની હત્યાનો બદલો લેવા વળતો પ્રહાર કરે તેવી પ્રબળ આશંકા છે. બીજી તરફ અમેરિકા એલેક્ઝાન્ડરને ટાર્ગેટ કરે તેનો અર્થ એ થાય કે એલેક્ઝાન્ડર પુતિનના ખાસ છે અને કેમ એ સમજવું જરૂરી છે. વિચારધારાને કારણે તેની ટીકા ભલે થતી પણ એ કોઈ વિવાદમાં નથી. એલેક્ઝાન્ડરે વર્ષો સુધી મોસ્કો સ્ટેટ યુનિ.ના સોશિયોલોજી ઓફ ઈન્ટરનેશનલ રીલેશન્સ ડીપાર્ટમેન્ટમાં ભણાવ્યું છે. એલેક્ઝાન્ડર વર્ષોથી પોતાની વિચારધારાના પ્રસાર માટે મેગેઝિન ચલાવે છે. એક ટીવી ચેનલનો એડિટર પણ રહી ચૂક્યો છે.


એલેક્ઝાન્ડર યુવાનીના દિવસોમાં સામ્યવાદ વિરોધી હતો. સોવિયેત યુનિયનમાંથી ૧૯૮૭માં સામ્યવાદને વિદાય અપાઈ અને દેશો અલગ થયા પછી એલેક્ઝાન્ડરની વિચારધારામાં ફેરફાર થયો. સોવિયેત યુનિયનનું વિભાજન થતાં અમેરિકા સામે કોઈ પડકાર જ ના રહ્યો. તેનો લાભ ઉઠાવીને અમેરિકાએ દુનિયામાં મનમાની કરવા માંડી. અમેરિકાના આ પ્રકારના વલણથી નારજ એલેક્ઝાન્ડરને લાગ્યું કે, રશિયાનું મહાસત્તા હોવું જરૂરી છે. નહિંતર અમેરિકા તથા તેના દેશો એક દિવસ રશિયાની સામે પણ થઈ જશે. પુતિન એલેક્ઝાન્ડરની વિચારધારાને અનુસરીને રશિયા ઉપર છેલ્લા બે દાયકાથી એકચક્રી શાસન ભોગવી રહ્યા છે. તેમણે બીજા દેશો પર આક્રમણ કરીને રશિયાને ફરી મહાસત્તા બનાવવાની દીશામાં પગલા ભરવા માંડ્યા છે. યુક્રેન પર રશિયાએ કરેલું આક્રમણ આ જ ઉદ્દેશ્યને પાર પાડવાની દીશામાં પહેલું પગલું છે.

ટૂંકમાં એલેક્ઝાન્ડર વૈચારિક રીતે જબરદસ્ત શક્તિ ધરાવતો માણસ છે, તેની વિચારધારાની રશિયનો પર મોટી અસર છે. અમેરિકાને આ કારણે જ તેનાથી ડર લાગે છે. અમેરિકાની વિચારધારા એ જ છે કે, ખતરનાક વિચારધારાને ખતમ કરવી હોય તો એ માણસને ખતમ કરવો દેવો. એલેક્ઝાન્ડરની ઓળખ રશિયામાં પ્રબળ રાષ્ટ્રવાદી તરીકેની છે. જ્યારે અમેરિકા સહિતના પશ્ચિમના દેશો આ જ એલેક્ઝાન્ડરને ફાસીવાદી વિચારધારાનો વ્યક્તિ માને છે. એલેક્ઝાન્ડર ઝારના રાજાશાહી શાસન કે પછી સોવિયેત યુનિયનના સમયની જેમ રશિયાને વિશ્વની સૌથી શક્તિશાળી મહાસત્તા બનાવવાની મહેચ્છા ધરાવે છે. તે કહે છે કે, અમેરિકા તથા તેના સાથી દેશો સહયોગ કરીને એટલાન્ટિઝમ ચલાવે છે તેનો અંત લાવવો જોઈએ. રશિયાના સત્તાધીશોએ રશિયાને મહાસામ્રાજ્ય બનાવવા રશિયામાં ઉઠનારા તમામ વિરોધ કે અવાજને કોઈપણ ભોગે દબાવી દેવો જોઈએ. રશિયન મહાસામ્રાજ્યનું નિર્માણ કર્યા પછી સમગ્ર યુરોપ અને એશિયા ઉપર રશિયાનું વર્ચસ્વ થઈ જશે.

એલેક્ઝાન્ડરે આ ઉદ્દેશ કઈ રીતે હાંસલ કરી શકાય એ માટે હજારો લેખ લખ્યા છે, પુસ્તકો લખ્યાં છે. દુગિને ૧૯૯૭માં ફાઉન્ડેશન ઓફ જીયોપોલિટિક્સ બુક લખી હતી કે જે રશિયન લશ્કરમાં ટોચના અધિકારીઓને તાલીમ આપવા માટેની એકેડમી ઓફ જનરલ સ્ટાફમાં ટેક્સ્ટબુક છે. એલેક્ઝાન્ડરે રશિયન લશ્કરને વિશ્વમાં સૌથી તાકાતવર બનાવવા પણ અનેક સુચનો આપતા લખાણ લખ્યા છે.

અમેરિકા સહિતના દેશોના વિશ્લેષકો એલેક્ઝાન્ડરને પુતિનનો 'રાસ્પુતિન' ગણાવે છે. વિશ્વના ઈતિહાસમાં ગ્રીગરી યેપિમોવિચ રાસ્પુતિન અત્યંત રહસ્યમય પાત્ર છે. રશિયાના છેલ્લા શહેનશાહ નિકોલસ ઝાર તથા તેની મહારાણી એલેક્ઝાન્ડ્રા રાસ્પુતિનના ઈશારે ચાલતાં હતાં. નિકોલસ-એલેક્ઝાન્ડ્રિયાના એક માત્ર પુત્ર એલેક્સીને હિમોફિલિયાની બિમારી હતી. હિમોફિલિયામાં કંઈક વાગે પછી લોહી તરત બંધ થતું નથી. રાસ્પુતિને તેની સારવારના બહાને શાહી પરિવાર સાથે નિકટતા વધારી. ધીરે ધીરે તેનો પ્રભાવ એ હદે થઈ ગયો કે, બંને નાનામાં નાની વાત માટે પણ રાસ્પુતિનની સલાહ લેતાં હતાં.

રાસ્પુતિનના એલેક્ઝાન્ડ્રિયા સાથે શરીર સંબંધ હોવાનું પણ કહેવાય છે. રાસ્પુતિન અત્યંત ઐયાશ અને ભ્રષ્ટ હતો. રાસ્પુતિનને અનેક સ્ત્રીઓ સાથે સંબંધ હતા. તેની હવસલીલાઓની કથાઓ બહુ જાણીતી છે. રાસ્પુતિનના ભ્રષ્ટાચાર અને ઐયાશીના કારણે રશિયનો ભડકી ગયા હતા. રશિયામાં થયેલી ક્રાંતિને સફળ બનાવવામાં રાસ્પુતિન સામેનો આક્રોશ પણ કારણભૂત હતો.



manoj1968@yahoo. ca







# E- FIRમાં સુરતીઓ રાજ્યમાં અવ્વલ એક જ મહિનામાં 426 ફરિયાદ નોંધાવી

## સુરતીઓએ જાગૃતિ બતાવતા 33 % કેસમાં પોલીસે ફરિયાદ દાખલ કરી

**સુરત**

ડિજીટલ ઈન્ડિયા અંતર્ગત ગુજરાત રાજયમાં વાહન અને મોબાઈલ ચોરીના ગુનામાં શરૂ કરવામાં આવેલી ઈ-એફઆઈઆર અંતર્ગત એક મહિનામાં 426 ઈ-એફઆઈઆર નોંધાય છે. જે પૈકી 33 ટકા ઈ-એફઆઈઆરની ફરીયાદ નોંધવામાં આવી છે. ડિજીટલ ઈન્ડિયાના ભાગ રૂપે ગુજરાતના ગૃહ વિભાગ દ્વારા ગત 23 જુલાઈના રોજ ઈ-એફઆઈઆરની સુવિધા શરૂ કરવામાં આવી હતી. આઈપીસી 379 હેઠળ એટલે કે મોબાઈલ કે વાહન ચોરીના ગુનામાં સિટીઝન પોર્ટલ અથવા સિટીઝન ફર્સ્ટ મોબાઈલ એપ પર જાતે જ ફરીયાદ નોંધાવાની હોય છે. ત્યાર બાદ આ ઈ-એફઆરઆઈની જે તે પોલીસ સ્ટેશનના સંબંધિત અધિકારી દ્વારા 48 કલાકમાં ફરીયાદીનો સંપર્ક કરી પ્રાથમિક તપાસનો અહેવાલ તૈયાર કરવાનો હોય છે. ત્યાર બાદ તેના આધારે ઈ-ગુજકોપમાં એફઆઈઆર દાખલ કરવામાં આવે છે. તેવા સંજોગોમાં ઈ-એફઆઈઆરની શરૂઆત કર્યાના અત્યાર સુધીના એક મહિનામાં કુલ 426 ઈ-એફઆઈઆર નોંધાય છે. સુરત પોલીસ દ્વારા ઈ-એફઆઈઆર અંગે હાથ ધરવામાં આવેલી જાગૃતિ અભિયાનનો શહેરીજનોએ મહત્તમ લાભ લીધો છે અને પોલીસે તપાસ અહેવાલને ધ્યાને લઈ 33 ટકા કિસ્સામાં ફરીયાદ નોંધી છે.

## ઉમરગામના દહાડ ગામે 3 વિદ્યાર્થી દ્વારા વિદ્યાર્થિનીની હત્યા

**ઉમરગામ**

ઉમરગામના દહાડ ગામે વિદ્યાર્થીનિ હિચકારી હત્યા કરી દેવામાં આવી છે. વિદ્યાર્થીની ટયુશન જવા માટે ઘરેથી નીકળી હતી જે બાદ ત્રણ યુવકોએ તેનો પીછો કર્યો હતો. એકલતાનો લાભ લઈ કિશોરીને ઘેરી લીધી હતી અને બાદમાં મોતને ઘાટ ઉતારી ફરાર થઈ ગયા હતા. જો કે પોલીસે CCTVઅનેઅન્ય સર્વેલન્સની મદદથી તાબડતોબ આરોપીને પકડવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસે ત્રણે આરોપીને ગણતરીના સમયમાં ઝડપી જેલ હવાલે કરી પૂછપરછ આદરી છે. પ્રેમ પ્રકરણમાં હત્યા કરાઈ હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

## સુરતમાં સ્વાઈન ફ્લૂના વધુ એક દર્દીનું મોત : નવા બે દર્દી

**સુરત**

સુરત શહેરમાં સ્વાઈન ફ્લૂમાં કહેર યથાવત રહેતા  છાપરાભાઠાના વૃધ્ધાનું મોત થયુ હતુ. જયારે સ્વાઈન ફ્લૂમાં બે દિવસમાં નવા બે દર્દી ઝપેટમાં આવ્યા છે. આ સાથે સુરતમાં શુક્રવારે અને શનિવારે સિટીમાં કોરોનામાં ૨૩ અને જીલ્લામાં ૧૮ મળી નવા ૪૧ દર્દી સંક્રમિત થયા છે. જયારે બે દિવસમાં સિટીમાં ૬૦ અને જીલ્લામાં ૩૨ મળી ૯૨ દર્દીઓને ડિસ્ચાર્જ મળ્યો હતો.  આરોગ્ય વિભાગ પાસેથી મળેલી વિગત મુજબ છાપરાભાઠા ખાતે રહેતા ૬૩ વર્ષીય વૃધ્ધાનો તા.૮ મીએ સ્વાઈન ફ્લૂનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તેમને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કર્યા હતા.






# નર્મદાના બે મથકો દ્વારા 161 કરોડનું વીજ ઉત્પાદન

## વીજળીનો લાભ ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રને મળે છે

**રાજપીપલા**

ગરૂડેશ્વર તાલુકાના એસઓયુ એકતાનગર ખાતે સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી મંગળવારે ૪ કલાકે ૧૩૫.૭૮ મીટરે નોંધાઇ છે. ડેમના ૨૩ દરવાજાને ૩.૦૫ મીટરની ઉંચાઇ સુધીના ખોલી ૫ લાખ ક્યૂસેક પાણી નદીમાં છોડાઈ રહ્યું છે.



ડેમમાં આ લેવલે ગ્રોસ સ્ટોરેજ ૮૫૯૯.૩૦ મિલીયન ક્યુબીક મીટર જથ્થો છે અને આજની સ્થિતીએ ડેમમાં પાણીનો ૯૧ ટકા જથ્થો ભરાયેલ છે. છેલ્લા ૩૪ દિવસથી દરરોજ રિવર બેડ પાવર હાઉસમાં વીજળીનું ઉત્પાદન થઈ રહ્યું છે. રિવરબેડ પાવર હાઉસ અને કેનાલ હેડ પાવર હાઉસ દ્વારા છેલ્લા ૩૪ દિવસમાં કુલ ૧૬૧.૭૬ કરોડની કિંમતનું વીજ ઉત્પાદન કર્યું છે.

ભૂગર્ભ વિદ્યુત જળ મથક દ્વારા વીજ ઉત્પાદન બાદ ૪૫ હજાર ક્યૂસેક પાણી સહિત કુલ ૨.૯૫ લાખ પાણીનો જથ્થો નર્મદા નદીમાં છોડાઇ રહ્યો હતો. છેલ્લા ૩૪ દિવસથી સરદાર સરોવર ડેમ ખાતેના ભૂગર્ભ જળ-વિદ્યુત મથક-રિવરબેડ પાવર હાઉસના તમામ ૬ યુનિટ મારફત વીજ ઉત્પાદન શરૂ કરાયું છે. આ વીજ ઉત્પાદન શરૂ કરાયું ત્યારે સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી ૧૧૯ મીટરે નોંધાઈ હતી. છેલ્લા ૩૪ દિવસથી રિવરબેડ હાઉસના ૨૦૦ મેગાવોટની ક્ષમતાવાળા ૬ યુનિટ દરરોજ ૨૪ કલાક સતત કાર્યરત સાથે ઉપયોગમાં લેવાઇ રહ્યાં છે.

## 4 લાખ ક્યુસેક પાણી છોડાતાં મહી કાંઠાના 26થી વધુ ગામો એલર્ટ

**આણંદ :** કડાણા ડેમમાંથી ચાર લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવતા મહીસાગર નદી બે કાંઠે વહેવા લાગી છે અને આણંદ, ઉમરેઠ, બોરસદ તથા આંકલાવ તાલુકાના કુલ-૨૬ ગામોને એલર્ટ કરાયા છે. કડાણા જળાશયમાં પાણીની આવક વધતા મહીસાગર નદીમાં ગઈકાલ રાત્રિના સુમારે ૪ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવતા આણંદ જિલ્લામાંથી પસાર થતી મહીસાગર નદી ઘુઘવાટા મારતા પાણી સાથે બે કાંઠે વહેવા લાગી છે. મહીસાગર નદીમાં પાણીની આવક વધતા આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના મહીકાંઠાના કંકાપુરા, ગાજણા, બદલપુર, મોટી શેરડી, વાલવોડ, સારોલ, કોઠીયાખાડ, નાની શેરડી અને દહેવાણ, આંકલાવ તાલુકાના આમરોલ, આસરમા, ઉમેટા, ખડોલ, નાની સંખ્યાડ, ભાણપુરા, ભેટાસી(વાંટા), ચમાસા, બામણગામ અને માનપુરામાં રહેતા લોકોને એલર્ટ કરાયા હતા.

## ૭ દિવસમાં નવ વર્ષના છોકરાએ હિમાલયની ૧૪ હજાર ફૂટ ઊંચાઈ સર કરી

**વડોદરા**

વડોદરાના છોકરાએ હિમાલયમાં આવેલા ગાડસર પાસની ૧૪,૦૦૦ ફૂટની ઊંચાઈ સર કરી છે. માત્ર નવ વર્ષની ઉંમરે તે કદાચ ગુજરાતનો સૌથી નાની વયનો બાળક હશે જે આટલે ઊંચે ચઢયો હશે અને તે પણ માત્ર સાત દિવસની અંદર. બિલબોંગ સ્કૂલમાં ચોથા ધોરણમાં અભ્યાસ કરતાં વિઆને કહ્યું, *મારા જીવનના શ્રેષ્ઠ અનુભવ પૈકીનો એક હતો. મેં કયારેય આટલી ઊંચાઈ પર ચઢાણ નથી કર્યું એટલે કયારેક નર્વસ થઈ જાઉ એવી ક્ષણો પણ આવી હતી. પરંતુ મને વિશ્વાસ હતો કે હું ટોચ પર પહોંચીશ અને મેં તે કર્યું.* ૭ ઓગસ્ટથી ૧૪ ઓગસ્ટ વચ્ચે યોજાયેલા કાશ્મીર ગ્રેટ લેક્સ ટ્રેકમાં વિઆને તેના પિતા મિત્તલ પટેલ સાથે ભાગ લીધો હતો.

## વડોદરામાં જૂની અદાવતે પાણીગેટ શાકમાર્કેટ પીસે ધિંગાણું : છને ઇજા

### જન્માષ્ટમી બાદ અદાવત રાખી છરી, ધારિયા અને લાકડીથી હુમલો

**વડોદરા**

પાણીગેટ ગંજખાના પોલીસ ચોકીની સામે શાક માર્કેટ પાસે રહેતા ભગત ભીખાભાઈ દેવીપુંજકે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે,ગત તા.૨૨ મી એ બપોરે બે વાગ્યે હું પાણીગેટ કહાર મહોલ્લા પાસે સાંઈબાબા મંદિરની સામે આવેલા ઝાડ પર ચડીને ડાળીઓ કાપતો હતો.તે સમયે કૈલાસ મફાભાઈ દેવીપુંજક , સાગર દેવીપુંજક, રોહિત દેવીપુંજક (રહે.પાણીગેટ) આવ્યા હતા.તેઓએ મને ઝાડ પરથી નીચે ઉતરવાનું કહેતા હું નીચે ઉતર્યો હતો.સાગરે મને જન્માષ્ટમીના દિવસે થયેલા ઝઘડા અંગે જણાવી ગાળો બોલવાનું શરૂ કરી હોકીથી મને મારવાનું શરૂ કર્યુ હતું.તેની સાથે આવેલા કૈલાસ તથા રોહિતે પણ મને ગાળો બોલી હોકી વડે માર માર્યો હતો.મને છોડાવવા વચ્ચે પડેલા કાંતિભાઈ, રમેશભાઈ તથા સુનિલને પણ આરોપીઓએ ઈજા પહોંચાડી હતી.જ્યારે સામા પક્ષે સાગર કૈલાસભાઈ દેવીપુંજકે ભગત દેવીપુંજક, રમેશ, કાંતિ, સુનિલ, સન્ની તથા સંજુ સામે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, જન્માષ્ટમીના દિવસે આરતી બાબતે થયેલી તકરારની અદાવત રાખી આરોપીઓએ હુમલો કરી મને તથા મારા પિતા પર હુમલો કર્યો હતો.

## બિલ્ડર અને ભાજપ અગ્રણી દર્પણ શાહની છેતરપિંડી કેસમાં ધરપકડ

**વડોદરા**

વડોદરાના બહુ ચર્ચિત બનેલા બિલ્ડર અને ભાજપના પૂર્વ હોદ્દેદાર દર્પણ શાહને વડોદરા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા છેતરપિંડીના કેસમાં અમદાવાદ ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો છે. વાઘોડિયા ડભોઈ રીંગ રોડ પર સુખધામ રેસીડેન્સી નામની સાઈટમાં મનીષ શાહ અને તેના ભાઈએ વર્ષ 2015માં રૂ. 1.10 કરોડ ચૂકવી બે ડુપ્લેક્સ બુક કરાવ્યા હતા. પરંતુ તેઓને માત્ર પોઝિશન આપવામાં આવ્યું હતું અને દસ્તાવેજ કરવામાં આવ્યો ન હતું. આ અંગે બિલ્ડર દર્પણ શાહ પાસે રજૂઆત કરતા તેણે દસ્તાવેજ નહીં કરી આપી ધમકી આપી હતી. જેથી ગ્રાહકે આ અંગે પોલીસ ફરિયાદ કરતા ક્રાઈમ બ્રાન્ચ અને તપાસ સોંપવામાં આપવામાં આવી હતી.



# 1125 કરોડના ડ્રગ્સ કેસમાં ગોડાઉનમાંથી 1000 લીટર કેમિકલ અને પાવડર પકડાયા

**વડોદરા**

મોકસી ખાતેની નેક્ટર કેમ કંપનીમાંથી પકડાયેલા રૂ.૧૧૨૫ કરોડના ડ્રગ્સ કૌભાંડમાં ગુજરાત એટીએસ અને વડોદરા શહેર એસઓજીની ટીમે ડ્રગ્સ કૌભાંડી પીયૂષ પટેલને સાથે રાખી સાંકરદા પાસેના ગોડાઉન પર દરોડો પાડયો હતો. પોલીસે અંદાજે ૧ હજાર લીટર જેટલું કેમિકલ તેમજ ૧૦૦ ગ્રામ જેટલું મેફેડ્રોન કબજે કર્યું હતું

વડોદરા નજીક સાવલી તાલુકાના મોક્સી ખાતે ધમધમતી મેફેડ્રોન ડ્રગ્સની ફેક્ટરી નેક્ટર કેમ પર ગુજરાત એટીએસની ટીમે તાજેતરમાં દરોડો પાડીને ૧,૧૨૫ કરોડની કિંમતના ૨૨૫ કિલોગ્રામ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડયો હતો અને ફેક્ટરીના સંચાલક મહેશ ઉર્ફે મહેશ ધોરાજી ગોપાલભાઇ વૈષ્ણવ તથા પીયૂષ અશોકભાઇ પટેલની ધરપકડ કરી નવ દિવસના રિમાન્ડ પર લીધા છે.તેમની પૂછપરછ બાદ ડ્રગ્સનું ઉત્પાદન કરતી ભરૂચના સાયખા જીઆઇડીસીની વેન્ચર ફાર્મા લિ. માંથી વધુ ચાર જણાની અટકાયત કરાઇ હતી. તમામ છ આરોપીઓની રિમાન્ડ દરમિયાન મેફેડ્રોનના નેટવર્કની તપાસ કરવામાં આવી રહી છે.જેને પગલે આજે એટીએસની ટીમે વડોદરા એસઓજીને સાથે રાખી સૂત્રધાર પીયૂષ પટેલના વડોદરા નજીક સાંકરદા ખાતે સ્વસ્તિક સિરામિક કમ્પાઉન્ડના ગોડાઉનમાં દરોડો પાડયો હતો.પોલીસ વધુ એક વ્યક્તિની પૂછપરછ પણ કરી રહી છે. પીયૂષ પટેલે રાખેલા સાંકરદાના ગોડાઉનમાં એમડી ડ્રગ્સ માટે ઉપયોગમાં લેવાતું કેમિકલ સ્ટોર કરાયું હોવાની વિગતો મળતાં પોલીસે પીયૂષને સાથે રાખી ગોડાઉનમાંથી અંદાજે એક હજાર લીટર જેટલું કેમિકલ કબજે કર્યું છે.

# તારાપુરની વસ્તી કરતાં વધુ લગ્ન નોંધણીનું કૌભાંડ, તલાટી સસ્પેન્ડ

**આણંદ**

આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના રેલ, ખાખસર અને સાઠ ગામે અને ખંભાત તાલુકાના જીણજ ગામે આ લગ્નનોંધણીના કૌભાંડમાં વર્ષો સુધી તલાટી તરીકે ફરજ બજાવતા તલાટીએ આ તમામ ગામોની વસ્તી કરતા લગ્નની નોંધણીની સંખ્યા વધુ કરી હતી. સમગ્ર ઘટનાની આણંદ જિલ્લા સંકલન સમિતિમાં જાણ થતા આણંદ જિલ્લા વિકાસ અધિકારીએ તપાસનો આદેશ આપ્યો હતો. આણંદ જિલ્લા વિકાસ અધિકારીએ સમગ્ર ઘટનામાં તપાસ કરતા તલાટી કસૂરવાર જણાતા તલાટીને સસ્પેન્ડ કરાયા છે. તારાપુર તાલુકાના રેલ, ખાખસર અને સાઠ ગામે અને ખંભાત તાલુકાના જીણજ તલાટી તરીકે ફરજ બજાવતા અરવિંદ મકવાણાએ તેમની રેલ અને વલ્લી તેમજ ખાખસર આ ૩ ગામોમાં તલાટીની ફરજ દરમિયાન ગામની કુલ વસ્તીથી વધુ લગ્નની નોંધણી કરી હતી. તલાટી અરવિંદ મકવાણા તેમના સાંઠ અને જીણજ ગામમાં ફરજ બજાવતા હતા ત્યારે ત્યાં પણ ગામની વસ્તીની સરખામણીમાં લગ્નની નોંધણી વધુ જણાઈ હતી. અધિકારી મિલિન્દ બાપનાએ તપાસ કરતા તલાટી અરવિંદ મકવાણાને ફરજ પરથી સસ્પેન્ડ કરી દીધા હતા.

# ખેરાલુમા તાલુકા પંચાયતના પ્રમુખ સામે અવિશ્વાસ દરખાસ્ત

**મહેસાણા**

ખેરાલું તાલુકા પંચાયતના પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરવામાં આવી છે. ભાજપના જ છ અને કોગ્રેસ છ સદસ્યોએ અવિશ્વાસની દરખાસ્ત મૂકી છે. ભાજપ શાસિત ખેરાલુ તાલુકા પંચાયતના પ્રમુખ અસ્મિતાબેન ચૌધરી સામે અવિશ્વાસની દરખાસ્ત મૂકવામાં આવી છે. ખેરાલુ તાલુકા પંચાયતમાં કુલ ૧૮ બેઠક છે, જેમાં હાલ ૧૭ સદસ્યો છે. તાલુકા પંચાયતમાં ભાજપના ૯, કોગ્રેસના ૭ અને ૧ અપક્ષ સદસ્ય છે. તાલુકા પંચાયતના કુલ ૧૭ સદસ્યોમાંથી ૧૨ સદસ્યોએ ચૌધરી સામે અવિશ્વાસની દરખાસ્તમાં સહી કરી છે. આ ૧૨માંથી મ્નઁના ૬ સદસ્યો અને કોગ્રેસના ૬ સદસ્યોએ સાથે મળી દરખાસ્ત દાખલ કરી છે.

# વડોદરા ખાતે સ્થાનિક સ્વરાજ સંસ્થાની ચૂંટણીમાં અનામત માટે 1200 રજૂઆતો

## સૌથી વધુ રજૂઆતો વડોદરા, આણંદ અને ખેડામાંથી મળી

**વડોદરા**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં અન્ય પછાત વર્ગોને અનામત આપવા માટે રાજ્ય સરકાર દ્વારા રચાયેલા સમપત આયોગે આજે મધ્ય ગુજરાતના સાત જિલ્લાઓ માટે વડોદરા ખાતે જાહેર સુનાવણી હાથ ધરી હતી અને તેમાં આયોગને ૧૨૦૦થી વધુ રજૂઆતો મળી હતી. આયોગ દ્વારા તમામ રજૂઆતકર્તાઓને વ્યક્તિગત રીતે પણ સાંભળવામાં આવ્યા હતા. સમપત આયોગના અધ્યક્ષ જસ્ટીસ કે. એસ. ઝવેરી ઉપરાંત સભ્યો આઇ. એસ. પટેલ, કે. એસ. પ્રજાપતિ અને વી. બી. ઠાકોર આજે સવારમાં જ કલેક્ટર કચેરી ખાતે આવી પહોંચ્યા હતા અને ધારાસભા હોલ ખાતે જાહેર સુનાવણી હાથ ધરી હતી. જેમાં આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર ઉપરાંત વડોદરા જિલ્લા સહિત મહાનગરપાલિકાના વિસ્તારમાંથી રજૂઆતો સ્વીકારવામાં આવી હતી અને રજૂઆતકર્તાઓને સાંભળવામાં પણ આવ્યા હતા. સમપત આયોગના અધ્યક્ષ જસ્ટીસ ઝવેરી સમક્ષ મધ્ય ગુજરાત સાત જિલ્લાઓના વિવિધ સામાજિક અને રાજકીય સંગઠનો અને સંસ્થાઓ તથા આગેવાનો દ્વારા સામૂહિક અને વ્યક્તિગત રજૂઆતો કરવામાં આવી હતી.

# એકલવાયું જીવન ગુજારતી સેવિકાને સગા ભાઈના નામે ધમકીભર્યો પત્ર મળ્યો

**વડોદરા**

હાલ અમદાવાદ ખાતે રહેતા અને મૂળ વડોદરાના રહેવાસી રીનાબેન સંસ્થા ચલાવી સમાજસેવક તરીકે કાર્ય કરે છે. તેમણે ફરિયાદ નોંધાવી હતી કે, વર્ષ 2011 થી ઘર કંકાસથી કંટાળી પતિથી અલગ રહું છું. 20 ઓગસ્ટના રોજ ફેમિલી કોર્ટની મુદત હોય હું વડોદરા ખાતેના મકાનમાં આવી હતી. મકાનનો દરવાજો ખોલતા કવર મળી આવ્યું હતું. જેમાં મોકલનાર તરીકે એડવોકેટ જયભાઈ પીઠવા ( રહે - કાન્હાસીટી આજવા રોડ) નો ઉલ્લેખ હતો. પત્રમાં જણાવ્યું હતું કે, કોઈ વકીલ તારો કેસ લડશે નહીં. તારી પાસે બે ઓપ્શન છે. એક મારા માણસોને ખુશ કરી દે. બીજો મરવા માટે તૈયાર રહેજે. વિગેરે લખાણ સાથે ગર્ભિત ધમકીઓ આપી હોવાનો પણ ઉલ્લેખ છે.



# રાજકોટમાં 6 દિવસમાં 12 લાખથી વધુ લોકોએ મોજથી લોકમેળો માણ્યો

## કલેક્ટર તંત્રને રૂા. 2.91 કરોડની, વેપારીઓ- ફેરિયાને અંદાજે 50 કરોડની કમાણી

**રાજકોટ**

સૌરાષ્ટ્રનો સૌથી મોટો રાજકોટ રેસકોર્સ લોકમેળાને આજે એક દિવસ લંબાવાયા બાદ બુધવારે મધ્યરાત્રિએ મેળાનું સમાપન થયું હતું. છ દિવસમાં આશરે 12 લાખથી વધુ નાગરિકો મેળામાં આવ્યાનું અને સાતમ આઠમના બે દિવસમાં 6 લાખથી વધુ લોકો ઉમટયાનું કલેક્ટર તંત્રએ જણાવ્યું છે. આ સાથે રાજકોટના હરવા ફરવાના સ્થળોએ શહેરીજનો અને બહારગામથી આવેલા કૂલ આશરે ૨૨ લાખ લોકો રંગીલા રાજકોટમાં ટ્રાફિક જામ,ભંગાર રસ્તાની સમસ્યા વચ્ચે મોજમસ્તીથી હરી ફરીને રોજિંદી ઘટમાળમાંથી રાહત મેળવી હતી. લોકમેળા ઉપરાંત તા. 16ના ખુલ્લા મુકાયેલા રામવનમાં પ્રવેશ ફી રખાતા છ દિવસમાં 2 લાખથી વધુ મુલાકાતીઓ ઉમટી પડયા હતા અને વિજીલન્સ પોલીસ તૈનાત કરવી પડી હતી. જ્યારે પ્રદ્યુમ્નપાર્ક ઝૂમાં ૫૦૮ પ્રાણી-પંખીઓને નિહાળવા રૂા.૨૫ની ટિકીટ લઈને 63,000 થી વધુ મુલાકાતીઓ આ છ દિવસમાં આવ્યા છે જે સામાન્યતઃ આટલા દિવસોમાં 15થી 17 હજાર હોય છે.ન્યારી અને આજી ડેમ પર આશરે ૩ લાખથી વધુ લોકો ફરવા ઉમટયા હતા તો કાલાવડ રોડ પર આશરે એક લાખ મુલાકાતીઓએ ઉજાણી કરી હતી. મેળા થકી વેપારીઓને 50 કરોડની કમાણી થઈ હતી.



## મેળા પછી હોસ્પિટલો-દવાખાનાએ ભીડ, સૌરાષ્ટ્રમાં રોગચાળો વકર્યો

અત્યારે મોજ કરી લોને, પછી જોયુ જશે' તે માનસિકતા સાથે રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં લોકોએ ચિક્કાર ભીડમાં કતારોમાં ઉભા રહીને મન પડે તેમ હર્યા ફર્યા અને સ્વાસ્થ્યને બદલે સ્વાદવૃતિને પ્રાધાન્ય આપીને ખાધુ,પીધું અને હવે હોસ્પિટલો,દવાખાનાઓ ખુલતા જ તેમાં દર્દીઓની ભીડ જોવા મળી હતી. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં વિવિધ રોગોની સારવાર માટે દર્દીઓની કતારો લાગી હતી.

### અંતિમ સોમવારે શિવમંદિરોમાં ભીડ

# સોમનાથ દાદાને વૈષ્ણવદર્શન શૃંગાર, મંદિરમાં પોણો લાખ ભાવિકો ઉમટયા

**રાજકોટ**

શ્રાવણ માસના આજે અંતિમ, 4થા સોમવારે સૌરાષ્ટ્રના તમામ શિવમંદિરોમાં અગાઉના સોમવારો કરતા પણ ભાવિકોની ભારે ભીડ જોવા મળી હતી. સ્કંદ પુરાણમાં કહેવાયું છે 'શિવસ્ય હૃદયમ્ વિષ્ણું, વિષ્ણોશ્ચ હૃદયં શિવઃ' અર્થાત્ શિવના હૃદયમાં વિષ્ણુ અને વિષ્ણુના હૃદયમાં શિવનો વાસ છે તે કથન અનુસાર જગપ્રસિધ્ધ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવને અંતિમ સોમવાર અને શ્રાવણ વદ એકાદશીના દિવસે વૈષ્ણવ દર્શન શુંગાર કરવામાં આવ્યો હતો. જેનો મંદિરમાં લાંબી કતારોમાં ઉભા રહીને રાત્રિ સુધીમાં આશરે 75,000 ભક્તોએ શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી.

સવારે 4 વાગ્યાથી રાત્રિના 11 વાગ્યા સુધીમાં ભાવિકોની અવિરત કતારો જોવા મળી હતી, હર હર મહાદેવના નાદ સાથે પ્રભાતક્ષેત્ર ગુંજી ઉઠયું હતું. 28 ધ્વજારોહણ, 41 સોમેશ્વર મહાપુજા અને મહામૃત્યુંજય



યજ્ઞાનો લાભ 1129 ભક્તોએ લીધો તેમાં આજે 23,700 આહુતિઓ અપાઈ હતી. અત્યાર સુધીમાં 12,800 ભક્તોએ નોંધાવેલ યજ્ઞામાં કૂલ 2.68 લાખ આહુતિઓ અપાઈ છે. સોમવારે સોમનાથ દાદાની પાલખીયાત્રા નીકળી હતી અને સમગ્ર પરિસર બમ બમ ભોલે, હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠયું હતું.

# કાગવડના ખોડલ ધામના આંગણે ૯મી ઓક્ટોબરે મહાસભાનું આયોજન કરાયું

## નરેશ પટેલ, ખોડલધામના કન્વીનર અને સહ કન્વીનરો બેઠકમાં હાજરી આપશે

**રાજકોટ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા જ ખોડલધામમાં ચૂંટણીના પડઘમ વાગી રહ્યાં છે. રવિવારે કાગવડના ખોડલધામમાં મહાસભાને લઈને બેઠક મળવાની છે. ખોડલધામના કન્વીનરો અને સહ કન્વીનરોની બેઠક મળશે. મહાસભાની રૂપરેખા તૈયાર કરવા માટે આ બેઠક મળશે.

ખોડલધામના આંગણે ૯ ઓક્ટોબરે મહાસભાનું આયોજન કરાયું છે. આ મહાસભામાં પાટીદાર સમાજના આગેવાનો અને ઉદ્યોગપતિઓ હાજર રહેશે. ખાસ વાત તો એ છે કે, વિધાનસભા ચૂંટણી પહેલા મહાસભાનું આયોજન થઈ રહ્યું છે. તે માટે ૨૮ ઓગસ્ટના રોજ ખોડલધામ ખાતે મહાસભાની વ્યવસ્થા અંગે બેઠક થશે. ખોડલધામના પ્રવક્તા હસમુખ લુણાગરિયાએ આગામી કાર્યક્રમને લઈને જણાવ્યું કે, ખોડલધામના કન્વીનરો અને સહ કન્વીરોની બેઠક યોજાશે. મહાસભાની રૂપરેખા તૈયાર કરવા આ બેઠકમાં ચર્ચાવિચારણા થશે. બેઠકમાં ખોડલધામ પ્રમુખ નરેશ પટેલ પણ ઉપસ્થિત રહેશે. મહાસભામાં ખોડલધામના આગેવાનો અને કાર્યકરો સાથે વિવિધ પાટીદાર સંસ્થાના આગેવાનો, ઉદ્યોપાતિઓ અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેવાના છે.

## ભાવનગરમાં સ્વાઈન ફ્લૂથી 1 વ્યકિતનું મોત થતાં અરેરાટી

**ભાવમનગર**

ભાવનગર શહેરમાં મંગળવારે સ્વાઈન ફ્લૂના વધુ બે કેસ નોંધાયા હતા, જયારે એક વ્યકિતનુ સ્વાઈન ફ્લૂથી મોત નિપજતા અરેરાટી વ્યાપી જવા પામી છે. સ્વાઈનફ્લૂના કેસ ધીમીગતીએ વધી રહ્યા છે ત્યારે લોકોએ જાગૃત થવુ જરૂરી છે. ભાવનગર શહેરમાં આજે મંગળવારે સ્વાઈન ફ્લૂથી નારી ગામે રહેતા ૬૧ વર્ષના વૃધ્ધનુ મોત નિપજયુ હતુ તેથી અરેરાટી વ્યાપી જવા પામી છે. શહેરમાં રૂપાણી સર્કલ પાસે રહેતા ૩૯ વર્ષના યુવાન અને કાળીયાબીડ વિસ્તારમાં રહેતા ૪૭ વર્ષના મહિલા સ્વાઈન ફ્લુમાં સપડાઈ હતી.

## મોદી બે દિવસ ગુજરાતના પ્રવાસે, કચ્છ જિલ્લાને મોટી ભેટ આપશે

**કચ્છ**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૭ મી ઓગષ્ટથી ગુજરાતની મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી કચ્છ જિલ્લાને અનેક પ્રકલ્પોની ભેટ ધરાવના છે. સુકા પ્રદેશને પાણીની સમસ્યામાંથી ઉગારતી કચ્છ - ભુજ બ્રાન્ચ કેનાલનું પ્રધાનમંત્રી ૨૮મી ઓગષ્ટના રોજ લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રી કચ્છ-ભુજ બ્રાંચ કેનાલનું લોકાર્પણ કરશે. કચ્છના ૯૪૮ ગામો અને ૧૦ નગરોમાં પીવાનું પાણી પૂરુ પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૮૨ ગામના ૧ લાખ ૧૦ હજાર હેક્ટરથી વધુ વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.


First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

| Brampton (West) | Scarborough WE ARE RE-OPENING | Mississauga WE MOVED TO |
|---|---|---|
| 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours | 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, | 6800 REXWOOD ROAD, UNIT - D |
| Phone 647-761-1317, 647-657-9631 | Phone 647-761-1317 647-657-9631 905-673-9631 | : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631 |
| ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM | ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM | ------: SAT-SUN :------ 11.00 AM to 5.00 PM -----: MON-FRI : ------ 9.30 AM to 5.00 PM ----: WEEKENDS :---- 11.00 AM TO 5.00PM |

૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS


Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.



## અમિતાભ બચ્ચન ફરી કોરોનાની ચપેટમાં

અમિતાભ બચ્ચનનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેની જાણકારી બીગ બીએ પોતે ફેન્સને સોશિયલ મીડિયા પર આપી છે. અમિતાભ બચ્ચને ટ્વીટર પર લખ્યું, હું બસ થોડા સમય પહેલા જ કોરોના પોઝિટિવ આવ્યો છે. જે પણ મારા સંપર્કમાં આવ્યા છે તેઓ કૃપા કરીને પોતાનો કોરોના ટેસ્ટ કરાવી લેવો. અમિતાભ બચ્ચન હાલમાં ક્વિઝ શો 'કૌન બનેગા કરોડપતિ 14' હોસ્ટ કરી રહ્યા છે. અમિતાભ બચ્ચન બીજી વખત કોરોનાની લપેટમાં આવ્યા છે.

## ઘરઆંગણે સુપર ફ્લોપ લાલ સિંહ ચઢ્ઢાની વિદેશોમાં 60 કરોડની કમાણી



આમીર ખાનની ફિલ્મ લાલસિંહ ચઢ્ઢાને ભારતમાં લોકોએ નકારી કાઢી છે તે ફિલ્મ વિદેશમાં સારી એવી કમાણી કરી રહી છે. લાલ સિંહ ચઢ્ઢાએ ભારતમાં 13 દિવસમાં માત્ર 57 કરોડ રૂપિયાની કમાણી કરી છે તો વિદેશોમાં આ ફિલ્મ રિલિઝ થયાના એક સપ્તાહમાં 60 કરોડ રૂપિયા કમાઈ ચુકી છે. વિદેશી થીયેટરોમાં કમાણીની બાબતમાં લાલ સિંહ ચઢ્ઢાએ ભુલ ભુલૈયા-2, કાશ્મીર ફાઈલ્સ અને ગંગુબાઈ કાઠીયાવાડી જેવી હીટ ફિલ્મોને પાછળ પાડી દીધી છે.લાલ સિંહ ચઢ્ઢાની વિદેશી બોક્સ ઓફિસ પરની કમાણી 7.5 મિલિયન ડોલર થઈ છે. જ્યારે ગંગુબાઈએ વિદેશોમાં 7.47 મિલિયન ડોલર, ભુલ ભુલૈયાએ 5.88 મિલિયન ડોલર અને કાશ્મીર ફાઈલ્સે 5.7 મિલિયન ડોલરની કમાણી કરી હતી. ઘરઆંગણે બોયકોટ બોલીવુડ ટ્રેન્ડને કારણે આમીરની આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફસડાઈ પડી છે.

### ઊંચા ભાવે ખરીદવાનો ઓટીટીનો ઈનકાર

લાલસિંહ ચઢ્ઢાની એક ઓટીટી ડિલ કેન્સલ થઈ ગઈ હોવાનું જાણવા મળે છે. આમિરે પોતાની ફિલ્મ માટે બહુ ઊંચો ભાવ માગ્યો હતો. પરંતુ ફિલ્મ ફ્લોપ ગઈ હોવાથી ઓટીટીએ રકઝક કરી હતી. આખરે આ સોદો અટકી ગયો હોવાનું કહેવાય છે.

# હું પસંદ ના હોઉં તો મને જોવા ના આવશોઃ આલિયાનાં વિધાનોથી બ્રહ્માસ્ત્ર પર જોખમ



મુંબઈ : બોયકોટ બોલીવૂડના ટ્રેન્ડમાં હવે આલિયા ભટ્ટ પણ ફસાઈ છે. તેણે એક ઈન્ટરવ્યૂમાં જે લોકો મને પસંદ નથી કરતા તેઓ મારી ફિલ્મ ના જુએ તેવાં વિધાનો કરતાં તે તરત જ સોશિયલ મીડિયા પર ટ્રોલ થવા લાગી હતી. આલિયાની ફિલ્મ બ્રહ્માસ્ત્રની રિલીઝનું કાઉન્ટડાઉન ચાલુ થઈ ગયું છે તેવા સમયે જ તેનાં આ વિધાનોથી બ્રહ્માસ્ત્ર સામે બોયકોટનાં એલાનનું સંકટ સર્જાયું છે.

આલિયા એક મીડિયા ઈન્ટરવ્યૂમાં નેપોટિઝમ સહિતના સવાલોનો જવાબ આપી રહી હતી ત્યારે તેણે કહ્યું હતું કે જે લોકો મને પસંદ નથી કરતા તે લોકો મારી ફિલ્મો જોવાનું રહેવા દે. આ મોરચે હું બીજી કોઈ મદદ કરી શકું તેમ નથી.

નેપોટિઝમ અંગેના સવાલોનો જવાબ આપતાં આલિયાએ એમ પણ કહ્યું હતું કે હું ફિલ્મ ઉદ્યોગમાં કામ કરતાં માં-બાપને ત્યાં જન્મી એ મારો વાંક નથી. આલિયાએ એમ પણ કહ્યું હતું કે હું ટ્રોલિંગથી ગભરાતી નથી. હું આવા બધા પ્રહારોનો જવાબ મારાં કામથી આપું છું. મેં અગાઉ ગંગુબાઈ કાઠિયાવાડી દ્વારા જવાબ આપી દીધો છે. જોકે, આલિયાના ઈન્ટરવ્યૂના સંકલિત અંશોની ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી. લોકોએ કરીના કપૂરનાં બહુ લાંબા સમય પહેલાંના જેમને મારી ફિલ્મો ના જોવી હોય તે ના જુએ નિવેદનને યાદ કર્યું હતું અને આલિયાના નિવેદનને તેની સાથે સરખાવ્યું હતું. તે પછી કરીનાએ લાલસિંહની રજૂઆત વખતે લોકોને ફિલ્મનો બહિષ્કાર નહીં કરવાની અપીલ કરવી પડી હતી તે પણ લોકોએ યાદ અપાવ્યું હતું. આલિયા ભટ્ટની પતિ રણબીર કપૂર સાથેની પહેલી ફિલ્મ બ્રહ્માસ્ત્ર આગામી સપ્ટેમ્બરમાં રજૂ થવાની છે.

## ઉર્વશી રૌતેલા વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કની મહેમાન બની



બોલીવુડના સુપરસ્ટાર એક્ટ્રેસ ઉર્વશી રૌતેલા હંમેશા લોકોના દિલ પર છવાયેલા રહે છે. તાજેતરમાં જ અભિનેત્રીએ આપણા દેશનુ ગૌરવ વધાર્યુ છે. તેઓ એકમાત્ર બોલીવુડ હસ્તી હતા જેમને અબજોપતિ ઈલોન મસ્કએ AmFar Gala 2022માં આમંત્રણ આપ્યુ એટલે કે ઉર્વશી રૌતેલા વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કની મહેમાન બની છે. ઉર્વશી રૌતેલાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો, જેમાં અભિનેત્રી ગોલ્ડ સેક્વિન ડ્રેસમાં જોવા મળી રહ્યા છે. જેની સાથે તેમણે ગોલ્ડન હીલ્સ પહેર્યા તેમજ હાઈ મેકઅપ લુક સાથે હાફ પોનીટેલની હેરસ્ટાઈલ કરી છે. આઉટફિટ સાથે તેમણે ગોલ્ડન બ્રેસલેટ અને પર્લ ઈયરરિંગ્સ પહેર્યા.

સમગ્ર લુકમાં ઉર્વશી રૌતેલા ખૂબ જ બોલ્ડ અને સુંદર જોવા મળી રહ્યા છે. અભિનેત્રી ટૂંક સમયમાં જ 'ઈન્સ્પેક્ટર અવિનાશ'માં રણદીપ હુડ્ડા સાથે લીડ રોલમાં જોવા મળશે. અભિનેત્રી 'બ્લેક રોઝ'માં પણ મુખ્ય ભૂમિકા નિભાવશે, સાથે જ સુપરહીટ 'થિરુટ્ટુ પાયલ 2' ના હિંદી રિમેકની સાથે ત્રણ ફિલ્મો સાથે કરાર પણ કર્યા છે. આ ઉપરાંત ઉર્વશી રૌતેલા ઈન્ટરનેશનલ મ્યુઝીક વીડિયોમાં ઈન્ટરનેશનલ સુપરસ્ટાર જેસન ડેરુલો સાથે પણ જોવા મળશે.

## રાજુ શ્રીવાસ્તવ 15 દિવસે ભાનમાં આવ્યાઃ તબિયતમાં સુધારો



મુંબઈ : હાસ્ય કલાકાર રાજુ શ્રીવાસ્તવના ફેન્સ માટે એક શુભસમાચાર છે. તેઓને ૧૫ દિવસ પછી ભાન આવ્યું છે, તેઓની તબીયતમાં પણ સુધારો દેખાઈ રહ્યો છે.

તે સર્વવિદિત છે કે, એક જિમમાં એકસરસાઈઝ કરતાં રાજુનાં હૃદય ઉપર હુમલો થયો હતો તે પછી તુર્ત જ તેઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

બહુ થોડાને ખબર હશે કે તેઓનું મૂળ નામ સત્યપ્રકાશ શ્રીવાસ્તવ છે. તેઓ ૧૯૮૦ના દશકના અંત ભાગથી મનોરંજન ઉદ્યોગમાં એક્ટિવ થયા છે. પરંતુ તેઓ ધી ગ્રેટ ઈન્ડીયન લાફ્ટર ચેલેન્જની પહેલી સીઝનમાં ભાગ લીધા પછી જાણીતા થઈ ગયા.

તેઓએ મૈને પ્યાર કીયા, બાજીગર, બોમ્બે-ટુ-ગોવા, આમદાની અઠન્ની ખર્ચા રૂપૈયામાં અભિનય આપ્યો હતો. તેઓ અત્યારે ઉત્તર પ્રદેશ ફિલ્મ વિકાસ પરિષદના અધ્યક્ષ પદે છે. તેમણે બીગ-બોસ જેવી ફિલ્મોમાં પણ અભિનય આપ્યો છે.

## સોનાલી ફોગાટનું શંકાસ્પદ મોત :હત્યાનો ગુનો દાખલ




ગોવા પોલીસે ભારતીય જનતા પાર્ટી નેતા અને ટીવી અભિનેત્રી સોનાલી ફોગાટનું ગોવાની એક હોટલમાં હૃદયરોગના હુમલામાં મૃત્યુ નિપજ્યું હતું. સોનાલી ફોગાટના શરીરે ઇજાના નિશાન દેખાતા બે દિવસ બાદ તેનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. પોસ્ટમોર્ટમ પછી તરત જ તેના બે સહયોગીઓ વિરુદ્ધ હત્યાનો કેસ નોંધ્યો છે. હકીકતમાં, સોનાલી ફોગાટના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં શરીર પર ઘણી ઈજાઓ જોવા મળી છે. સોનાલી ફોગાટના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ઘણી વખત તેના શરીર પર બળજબરીથી કોઈ મંદ વસ્તુ વડે મારવાનો ઉલ્લેખ છે. પોલીસ અધિકારીએ કહ્યું કે ૪૨ વર્ષીય ફોગાટના મૃત્યુ સાથે સંબંધિત કેસમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા) ઉમેરવામાં આવી છે.

## બોલિવૂડના પીઢ નિર્માતા-ગીતકાર સાવનકુમારનું નિધન



મુંબઈઃ બોલીવૂડના પીઢ ફિલ્મ નિર્માતા અને ગીતકાર સાવન કુમાર ટાંકનું મુંબઈમાં લાંબી માંદગી બાદ અવસાન થયું છે. ૮૬ વર્ષના સાવનકુમાર કેટલાય સમયથી ફેફસાં સહિતની બીમારીથી પીડાતા હતા. આજે હૃદય બંધ પડી જવાથી તેમનું નિધન થયું હતું. સાવન કુમારની સૌથી જાણીતી ફિલ્મોમાં રાજેશ ખન્ના, પદ્મિની કોલ્હાપુરી અને ટીના મુનિમની સૌતન ફિલ્મનો સમાવેશ થાય છે. સાવન કુમારે એ પછી સૌતન શબ્દ પરથી કેટલીય ફિલ્મો બનાવી અને ગીતો પણ લખ્યાં હતાં. સૌતનનાં શાયદ મેરી શાદી કા ખ્યાલ દિલ મેં આયા હૈ અને જિંદગી પ્યાર કા ગીત હૈ જીસે હર દિલ કો ગાના પડેગા જેવાં તેમનાં લખેલાં ગીતો આજે પણ લોકપ્રિય છે.

## ફેમસ ગુજરાતી અભિનેત્રી હેપી ભાવસારનું અવસાન



ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને મોટો ઝટકો લાગે તેવા સમાચાર આવ્યા છે. 'પ્રેમજી અને મહેતુ'ની અભિનેત્રી હેપી ભાવસારનું નાની ઉંમરે નિધન થયુ છે. ફેફસાના કેન્સરની બીમારીના કારણે હેપ્પી ભાવસારનું ૪૫ વર્ષની વયે અકાળે અવસાન થયુ છે. પોતાનાં નામની જેમ જ હંમેશાં જીવનારા હેપી ભાવસારને ફેફસાંનું કેન્સર ડિટેક્ટ થોડા સમય પહેલાં જ થયું હતું. તેને અઢી મહિનાની ટ્વિન્સ દીકરીઓ છે. હેપી ભાવસારને એક મહિના પહેલાં જ તેનાં લંગ કેન્સર અંગે જાણ થઇ હતી. પહેલાં સ્ટેજનું કેન્સર હોવાને કારણે પરિવારને આશા હતી કે તે જલ્દી જ સાજી થઇ જશે. પણ વિધાતાને કંઇક બીજુ જ મંજૂર હોય તેમ થયું. હેપીને આ સાથે એક રેર ઓફ ધ રેર બીમારી જોવા મળી.






હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર

નિહાળો નીત નવા રૂપરંગમાં !!

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

## સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સાંપ્રત સમયમાં માનવ જીંદગીનો જ એક ભાગ બની ગયા

# ઈન્સ્ટા, ફેસબુક, ગુગલ થકી પણ જાસુસી શક્ય

ગુગલ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને યુ-ટ્યૂબ આજે માનવ જીંદગીનો એકભાગ બની ગયા છે. છેલ્લાં એક દાયકામાં એનરોઈડ ફોન અને ઈન્ટરનેટનો વ્યાપ દુનિયાના ખૂણે ખૂણે પહોંચ્યો છે. ભારત જેવા વિકાસસીલ દેશમાં પણ ઈન્ટરનેટ અને એનરોઈડ મોબાઈલ હાથવગા સાધન છે. જો કે, આ સુવિધાની બીજી બાજુ ગેરલાભકર્તા છે. ગુગલ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને યુ-ટ્યૂબ એકબીજાના સહયોગમાં કામ કરે છે. થોડા દિવસ પહેલાં ગુગલના ક્રોમ બ્રાઈઝરનો ઉપયોગ કરીને પોતાની જૂની મોટર કાર વેચવા માટે એક નાગરિકે વેબસાઈટ પર પોતાની વિગતો આપી હતી. થોડા સમય પછી તેણે યુટ્યૂબ ખોલ્યું તો તેમાં તે કંપનીની જાહેરખબર જોવા મળી હતી. તેણે ફેસબુકનું પેજ ખોલ્યું તો પણ તે કંપનીની જાહેરખબર ટોપ પર હતી. હવે તે મિત્ર ફેસબુક કે યુટ્યૂબ પર જાય કે તરત તેને સૌથી પહેલાં પેલી કાર ખરીદનાર કંપનીની જાહેરખબર જોવા મળે છે. થોડા દિવસ પછી તો તેને કાર ખરીદનારી કંપનીનો ફોન પણ આવી ગયો કે તમારે કાર વેચવી છે ? તેના ઈમેઈલમાં પણ કાર ખરીદનારી કંપનીની જાહેરખબરો આવવા લાગી. હવે તેણે કાર કદાચ વેચવી જ પડશે.

ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વ્હોટ્સ એપ જેવા પ્લેટફોર્મની માલિકી મેટા નામની કંપનીની છે. આ ત્રણ પ્લેટફોર્મ ઉપર તમે જે કંઈ પ્રવૃત્તિ કરો છો તેનો વર્ષો સુધી રેકોર્ડ આ કંપની રાખતી હોય છે. દાખલા તરીકે તમે ત્રણ વર્ષ પહેલાં આજના દિવસે કોઈ હિલ સ્ટેશન પર ગયા હોવ અને તમે તેના ફોટા પાડ્યા હોય તો તમને તેની યાદ કરાવવા તેઓ ફોટા મોકલી આપે છે. ઘણી વખત તો જે ઘટના આપણા માનસપટ પરથી ભૂંસાઈ ગઈ હોય અને જે ફોટા આપણા મોબાઈલમાં પણ ન હોય તે ફોટા ફેસબુક આપણને શોધીને આપે છે. તમે વિચાર કરો કે ભારત સરકારમાં મહત્ત્વના હોદ્દા ઉપર કામ કરી રહેલી કોઈ વ્યક્તિ હોય, સુપ્રિમ કોર્ટના કોઈ જજ હોય કે સૈન્યના કોઈ જનરલ હોય; તેનો આવો ડેટા કોઈ દુશ્મન દેશના હાથમાં પહોંચી જાય તો કેટલું નુકસાન થાય?

આટલું ઓછું હોય તેમ આપણે મેટા કંપનીની કોઈ પણ એપનો ઉપયોગ કરીને કોઈ બહારની વેબસાઈટની મુલાકાત લીધી હોય તો તેનો ટ્રેક પણ મેટામાં રાખવામાં આવે છે. ક્રોમ અને સફારી જેવા બ્રાઉઝરમાં તેવી ગોઠવણ હોય છે કે તેના વડે જે વેબસાઈટનું ટ્રેકિંગ થતું




હોય તેનો ડેટા થર્ડ પાર્ટીના હાથમાં ચાલ્યો જાય નહીં. મેટા દ્વારા આ સેટિંગ તોડીને ટ્રેકિંગનો ડેટા સ્ટોર કરવામાં આવે છે. તેમાં ક્રેડિટ કાર્ડના નંબરનો અને પાસવર્ડનો પણ સમાવેશ થઈ જાય છે.

**ઓફબીટ**
**ધવલ શુક્લ**

આપણે કઈ કઈ વેબસાઈટની મુલાકાત લઈએ છીએ, ક્યાં ક્યાં ફોટો કે વીડિયો જોઈએ છીએ, ક્યા સ્ક્રીન શોટ લઈએ છીએ, તેની માહિતી મેટા પાસે પહોંચી જાય છે.

જો કે, મેટાના માલિકો દાવો કરે છે કે તેઓ તેમના ગ્રાહકને પૂછ્યા વિના કે તેમની સંમતિ વિના કોઈ ડેટાનો ઉપયોગ કરતા નથી. ઉપયોગ કરીને તેઓ ગ્રાહકની ચોઈસ જાણી જાય છે અને પછી તમારી પર તે મુજબની જાહેરખબરોનો મારો ચલાવવામાં આવે છે.

દાખલા તરીકે તમારે કાશ્મીર અથવા તો સિંગાપોર ફરવા જવું હોય અને તમે ગુગલનો ઉપયોગ કરીને કોઈ હોટેલ તથા આવવા જવાની સુવિધા માટે વેબસાઈટની મુલાકાત લેશો તો તમારી પર તે હોટેલની જાહેરખબરોનો મારો કરવામાં આવશે. તેને તેઓ ટાર્ગેટેડ જાહેરખબરો કહે છે. મેટા અને ગુગલ જેવી કંપનીઓ મફતમાં સેવા આપે છે, પણ જાહેરખબરોની કંપનીને તે ડેટા વેચીને

### જીપીએસમાં લોકેશનનો વિકલ્પ બંધ હોય તો પણ યુઝર્સની દરેક હિલચાલ પર ગુગલ નજર રાખે છે, જેને આધારે તે ડેટા સંગ્રહ કરે અને તેને વેચી અઢળક નાણા કમાઈ લે છે

હકીકતમાં ગ્રાહક જ્યારે તેમની કોઈ પણ એપ ડાઉનલોડ કરે છે ત્યારે તેમાં એક સંમતિપત્રક પર સહી કરવાની હોય છે. તેમાં ગ્રાહક પાસે તેનો ડેટા ટ્રેક કરવાની અને તેને સ્ટોર કરવાની સંમતિ લઈ લેવામાં આવે છે. એપ ડાઉનલોડ કરનારા મોટાભાગના ગ્રાહકો તેના નિયમો વાંચતા નથી, જે ઝીણા અક્ષરમાં લખવામાં આવ્યા હોય છે. મેટાના દાવા મુજબ ગ્રાહકના બ્રાઉસિંગના અનુભવને સમૃદ્ધ બનાવવા તેમના દ્વારા ટ્રેકિંગ કરવામાં આવતું હોય છે. તેનો અઢળક કમાણી કરી લે છે.

મેટા જેવી કંપનીઓ આ રીતે થર્ડ પાર્ટીને ડેટા વેચીને અબજો ડોલરની કમાણી કરે છે, તેને કારણે ગુગલ, એપલ અને ફાયરફોક્સ જેવી કંપનીઓનો પિત્તો ગયો છે. ગુગલ પાસે ક્રોમ બ્રાઉઝર છે તો એપલ પાસે તેનું પોતાનું સફારી બ્રાઉઝર છે. જો આપણે કોઈ પણ બ્રાઉઝરનો ઉપયોગ કરીને મેટાની કોઈ એપનો ઉપયોગ કરતા હોઈએ તો મેટા આપણો ડેટા કલેક્ટ કરે છે. 2021માં એપલે પોતાના સફારી બ્રાઉઝરમાં એવું સેટિંગ કર્યું કે તેના ગ્રાહકની સ્પષ્ટ પરવાનગી વિના મેટાના માલિકો તેમનો ડેટા ભેગો કરી શકે નહીં. સફારી બ્રાઉઝરમાં ડિફોલ્ટ સેટિંગ દ્વારા ત્રીજી પાર્ટીની જાહેરખબરો બ્લોક કરવામાં આવે છે. તેને કારણે મેટાને વાર્ષિક ૧૦ અબજ ડોલરનું નુકસાન થાય છે. જો એક બ્રાઉઝર દ્વારા ટ્રેકિંગ બ્લોક કરવાને કારણે આટલું નુકસાન થતું હોય તો ડેટા વેચવા દ્વારા મેટાને થતી કમાણીની કલ્પના કરી શકાય તેમ છે.

આ કમાણી કરવા જ આપણને મફત સેવા આપવામાં આવે છે. મેટાને આ રીતે કમાણીમાં ખોટ જતી હોવાથી હવે તે પોતાનું જ બ્રાઉઝર વિકસાવી રહ્યું છે. આજથી ૧૮ વર્ષ પહેલાં જેનો પ્રારંભ થયો હતો તે ફેસબુકના આજે દુનિયામાં ૨૯૧ કરોડ માસિક સક્રિય વપરાશકારો છે. દુનિયાની વસતિના લગભગ અડધા લોકો ફેસબુકના માધ્યમથી એકબીજા સાથે જોડાયેલા છે. મેટા કંપનીનો ત્રણ મહિનાનો વકરો જ ૩૦ અબજ ડોલર જેટલો હોય છે. દુનિયાના ઘણા દેશોના જીડીપી કરતાં મેટાનું ટર્નઓવર વધારે છે. મેટા દ્વારા આપવામાં આવતી ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવી સેવાઓ મફત હોય છે, પણ તેમની આવકનો મુખ્ય સ્રોત જાહેરખબરો થકી મળતી આવક જ છે.

જે કંપની રોજના ૧૯૩ કરોડ લોકો સુધી પહોંચતી હોય તેમાં જાહેરખબરો મેળવવા માટે પણ ઝાઝી મહેનત કરવી પડતી નથી. મેટા કંપની પાસે આશરે ૩૦૦ કરોડ ગ્રાહકોનો ડેટા છે, જેને આધારે તેઓ કઈ ચીજ ખરીદી શકે તેમ છે, તેનો કંપનીને ખ્યાલ હોય છે. જે કંપની તે ગ્રાહકને પોતાનો માલ વેચવા માગતી હોય તેને તેઓ ડેટા વેચે છે. જો યુરોપના દેશો ફેસબુકનો ડેટા બહારના દેશમાં ન લઈ જવાય તેવો કાયદો ઘડે તો તેમની ટેક્સની આવકમાં પણ ધરખમ વધારો થાય છે.

અત્યારે મેટા કંપની પોતાનો ડેટા એવા દેશોમાં સ્ટોર કરે છે, જેમાં ડેટા સ્ટોર કરવાની સેવાઓ પર ઓછામાં ઓછો ટેક્સ છે. મેટા કંપની આ નીતિ પ્રમાણે યુરોપના ડેન્માર્ક, સ્વિડન અને આયર્લેન્ડ જેવા દેશોમાં ડેટાનો સંગ્રહ કરે છે. જો જર્મની, ફ્રાન્સ અને બ્રિટન જેવા દેશો કાયદો કરે કે તેમનો ડેટા દેશની બહાર ન જવો જોઈએ, તો મેટા કંપનીએ તે દેશોમાં પણ સેન્ટરો શરૂ કરવા પડશે. તેને કારણે તેમનો ટેક્સ વધી જાય અને નફો ઘટી જાય તેમ છે.

# Bumblebee Loader

BazarLoader, TrickBot, અને IcedID બાદ હવે વધુ ખતરનાક માલવેર લોડર બમ્બલબી હાલમાં જોવા મળ્યો છે. એવું જાણવા મળ્યું છે કે હેકરો લક્ષ્ય નેટવર્ક્સ પર એટેક્સ કરવા માટે તેમની ઝુંબેશના ભાગ રૂપે શોષણ પછીની પ્રવૃત્તિઓના હેતુ માટે લક્ષ્ય નેટવર્ક્સમાં પ્રવેશ કરવા માટે તેનો ઉપયોગ કરી રહ્યા છે.

સાયબેરેસનના સંશોધકો મેરુજન એન્ટોનિયન અને એલોન લોફર જણાવે છે કે બમ્બલબીના ઓપરેટરો દ્વારા સઘન રિકોનિસન્સ હાથ ધરવામાં આવે છે. વધુમાં, આદેશનો અમલ કર્યા પછી પણ, તેઓ તે આદેશના આઉટપુટને ફાઈલો પર રીડાયરેક્ટ કરે છે જેથી કરીને તેને બહાર કાઢી શકાય.

યુઝર્સ દ્વારા સામાન્ય રીતે LNK ફાઈલો ચલાવીને બમ્બલબી લોડર શરૂ કરે છે. જે સિસ્ટમ બાઈનરીનો ઉપયોગ કરીને માલવેર લોડ કરે છે. મેલીસીયસ પેલોડ સાથે ફિશિંગ ઈમેઈલ્સ અથવા બમ્બલબી માલવેર ધરાવતા મેલીસીયસ આર્કાઈવ્સની લિંક્સનો ઉપયોગ માલવેરને વિતરિત કરવા માટે થાય છે.

માર્ચ, 2022 દરમિયાન Google ના TAG એ પ્રથમ વખત શોધ્યું કે બમ્બલબી ઈન્ટરનેટ પર શું કરી રહી છે. એક્ઝોટિક લિલીને અનમાસ્ક કરીને બ્રોકર્સ કે જેઓ મોટા કોન્ટી સામૂહિક તેમજ ટ્રીકબોટ સાથે સંબંધ ધરાવે છે તેઓ આ સિદ્ધિને પૂર્ણ કરવામાં સક્ષમ હતા.

આ LNK ફાઈલમાં એક એમ્બેડેડ પેલોડ છે. જે odbcconf.exe, Living Off the Land



Binary (LOLBin) અને .rsp ફાઈલોનો ઉપયોગ કરીને Bumblebee DLL ચલાવે છે. જ્યારે બમ્બલબી ડીએલએલનો સંદર્ભ .rsp ફાઈલમાં મળી શકે છે.

એક અહેવાલ મુજબ સામાન્ય નિયમ તરીકે ફિશીંગ એટેક્સની પદ્ધતિનો ઉપયોગ નેટવર્કસમાં એટેક કરી પ્રારંભિક ઍક્સેસ મેળવવા માટે થાય છે. ISO અને LNK ફાઈલોની તરફેણમાં મેક્રો-એન્હાન્સ્ડ ડોક્યુમેન્ટને ટાળીને વર્ષ દરમિયાન પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. જે વધુ વિશ્વસનીય છે.

બમ્બલબી લોડર શરૂ કરવા માટેનો આદેશ LNK ફાઈલમાં સમાયેલ છે. નેટવર્કમાં એન્ટર થયા બાદ તે આ મુજબ પ્રક્રિયા કરે છે.

1. દ્રઢતા જાળવી રાખવી - Maintaining persistence

2. વિશેષાધિકારોની ઉન્નતિ - Elevation of privileges અથવા Privilege Escalation

3. જાસૂસી - Reconnaissance

4. ઓળખપત્રની ચોરી - Theft of credentials

કોબાલ્ટ સ્ટ્રાઈક વિરોધી સિમ્યુલેશન ફ્રેમવર્ક પણ એટેક દરમિયાન ઉચ્ચ વિશેષાધિકારો મેળવવા માટે RAT (રીમોટ એક્સેસ ટ્રોજન)નો ઉપયોગ કરી વિરોધીના વર્તનનું અનુકરણ કરવા માટે કાર્યરત હતું. આ ખતરનાક લોડરને સમગ્ર નેટવર્કને હાની પહોચાડવાની ક્ષમતા રાખે છે. AnyDesk રીમોટ ડેસ્કટોપ સોફ્ટવેરમાં પણ પેલોડ ઈન્સ્ટોલ કરી સીસ્ટમનો પુનઃ એક્સેસ પ્રાપ્ત કરવા માટે ચેપગ્રસ્ત સિસ્ટમ પર જમાવી શકાય છે.

આ ઘટનામાં એક ઉચ્ચ વિશેષાધિકૃત વપરાશકર્તાના ઓળખપત્રો ચોરાઈ ગયા હતા અને હેકર્સ દ્વારા સક્રિય ડિરેક્ટરી સર્વર પર નિયંત્રણ મેળવવાનું શક્ય બનાવવા માટે ત્યારબાદ વિગતોનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો.

beinghumanmj

**શીર્ષક : સાંભળ્યો હતો તને**
**મૂળ રચના : વિનય ભૂષણ પાણિગ્રાહી**
**અનુવાદ : હિના મોદી**

સાંભળ્યો હતો તને એટલે જ તો
ફરીથી આવી રહ્યે છું પૃથ્વી પર
વારંવાર મોક્ષને ટાળીને
યુક્તિ કરી લઉં છું એક દેહની
પૂંછ્યા વિના જાતી, ધર્મ, વર્ણ, પ્રાંત
અને પ્રદેશ
સાંભળ્યો હતો તને એટલે જ તો
એકાગ્ર મધુમાખીની જેમ
પળપળ પી રહ્યે છું
જીવનનાં વિષયુક્ત મોહને
હતાશાની દિશાહિન
મરુસ્થળની પવિત્ર ગંગા જેવા
આંસુઓ વહાવી રહ્યે છું
ચાલતાં ચાલતાં થાકેલા પગ
નથી રોકાતા કે નથી પંથનો અંત
આવે છે
સાંભળ્યો છે તને એટલે જ તો
ગણી રહ્યે છું આકાશનાં તારાઓને
સાગરની લહરોને
સમુદ્ર કિનારાની રેતને
કદાચ, ક્યાંકથી મળી જાય
તારી સાથેની પ્રથમ
મુલાકાતની
ધુંધળો દસ્તાવેજ
પ્રથમ પ્રેમનું પ્રમાણપત્ર
તારી સાથે વિતાવેલ
જીવનનાં
કેટલાંક અવશેષ -

# કૉલેજ ગોઈંગ ગર્લ્સમાં સ્લોગન ટી શર્ટ ઈન ટ્રેન્ડ




વ્યક્તિના પોશાક અને પહેરવેશને આધારે તેને જજ કરવામાં આવે છે, એટલે તો કહેવાય છે કે આઉટફિટ્સ એ વ્યક્તિત્વનો આઈનો છે. ટોળામાં આપણે અલગ તરી આવવા માટે આપણે કંઈક યુનિક પહેરવાનું પસંદ કરતાં હોઈએ છીએ. એમાં ટી શર્ટની વાત કરીએ તો, પ્લેન ટી શર્ટ દરેક વ્યક્તિના વોર્ડરોબમાં સ્થાન ધરાવે છે. આ વખતે સ્લોગન ટી શર્ટ ઉપર પસંદગી ઉતારીએ. સ્લોગન ટી શર્ટ તમને હોટ, કૂલ અને સ્ટાઈલિશ દેખાવામાં મદદ કરશે.

**કૅરી કરતાં પહેલાં ધ્યાનમાં રાખો :** જો તમે લુકની સાથે વધારે પ્રયોગ કરવા ન ઈચ્છતા હોવ તો સ્લોગન ટી શર્ટની સાથે ડેનિમ પહેરી શકો. પર્સનલ ટચ આપવા ટી શર્ટની સાથે બ્રોચ કે પિન્સ લગાવો. સ્લોગન ટી શર્ટ જેટલું લૂઝ પહેરશો એટલી પહેરવાની મજા આવશે. બધા કરતાં ડિફરન્ટ દેખાવા માટે ટ્રિપલ એક્સેલ ટી શર્ટને ડ્રેસની જેમ પહેરી શકો છો. સ્લોગન ટી શર્ટની સાથે પ્રિન્ટેડ કે ડિઝાઈનર સ્નીકર્સ પહેરો. ઓવર સાઈઝ્ડ ટી શર્ટની ઉપર પહોળો બેલ્ટ લગાવો. એની સાથે ડેનિમ શોર્ટ્સ પહેરો. ટી-શર્ટની ઉપર ડેનિમ અથવા બાઈકર જેકેટ અને રિપ્ડ જિન્સ પણ પહેરી શકો. ટી શર્ટ જો શોર્ટ હોય તો સાથે લોંગ સ્કર્ટ પહેરવાથી આકર્ષક લુક મળશે.

**ક્વૉટ્સ અને ગીતો :** ટી શર્ટ ઉપર ક્વૉટ્સ લખાવવાની ફેશન તો છે જ આ ઉપરાંત હવે ફિલ્મી ગીતોની લાઈનનું ચલણ વધ્યું છે. ફિલ્મીગીતની પહેલી લાઈન અથવા તો વચ્ચેની કોઈ કેચીલાઈનને ટી શર્ટ ઉપર લખવામાં આવે છે. જે યુનિક પણ લાગે છે. સ્લોગન ટી શર્ટનો ક્રેઝ લાંબા સમયથી ટ્રેન્ડમાં છે. જોકે આ સિઝનમાં નવો અંદાજ જોવા મળી રહ્યો છે. પહેલાં ટી શર્ટમાં ક્વૉટ્સ લાંબા લાંબા હતા, હવે એક અથવા બે શબ્દો જ લખેલા જોવા મળે છે.

**હિટ સ્લોગન :** બોલિવૂડમાં પણ સ્લોગનવાળાં ટીશર્ટની ફેશન અત્યારે ટ્રેન્ડમાં છે. સેલિબ્રિટીઝ અનેક અવસર ઉપર સ્લોગનવાળાં ટી શર્ટ પહેરેલાં જોવા મળે છે. એમાં ફોટો પ્લીઝ, ગર્લ ગેંગ, પાપા કી પરી, આઈ એમ બિઝી, ડોન્ટ વરી, આઈ એમ ઈન લવ, વોન્ટ ફ્રીડમ, બિઝી, આઈ એમ સેક્સી, ફેમિનિઝમ. આ સિવાય તમારો મનગમતો કોઈ ક્વૉટ્સ ટી શર્ટ ઉપર લખવો હોય તો પ્લેન વ્હાઈટ ટી શર્ટ ખરીદી લો અથવા મનગમતું રંગીન ટી શર્ટ ખરીદો. એની ઉપર તેને પેઈન્ટર પાસે લખાવી લો.

# અપનાવો આ ઘરેલી ટીપ્સ




- આદું અને ફુદીનાના રસમાં સિંધવ મીઠું નાખીને પીવાથી પેટનો દુઃખાવો મટે છે.
- એક ચમચી શેકેલી હિંગ થોડા ગરમ પાણીમાં પીવાથી પડખાનો દુઃખાવો મટે છે.
- પાંદડાવાળા લીલા શાકભાજીનો રંગ જાળવી રાખવા માટે પહેલાં તેમને શેડ્માં સૂકવો એ પછી આખો દિવસ સૂર્યના તડકામાં રાખી હવાચુસ્ત ડબ્બામાં ભરી દો.
- ગંદા અને ચીકણા થઈ ગયેલા કિચન ડસ્ટરને અડધો કલાક સુધી ચણાનો લોટ ભેળવેલા પાણીમાં ભીંજવ્યા પછી તેને ધોવાથી ડસ્ટર સ્વચ્છ થશે અને ચીકાશ પણ નીકળી જશે.
- તાજા નાળિયેરના અડધા ભાગને પીળો થતો અટકાવવા માટે એના પર છૂટથી મીઠું ચોપડી તો ફ્રીજમાં મૂકી દો.
- આદુનો રસ સહેજ ગરમ કરીને અથવા મધના ટીપા કાનમાં નાખવાથી કાનના ચસકા દુઃખાવો અને રસી મટે છે. આ ઉપરાંત તલના તેલમાં હિંગ નાખી ઉકાળીને તે તેલના ટીપા કાનમાં નાખવાથી પણ ફાયદો થશે.
- કાચા પપૈયાને કાપવાથી તેમાંથી નીકળતા દૂધ જેવા પ્રવાહીને ખીલ પર થોડા દિવસ સુધી રોજ લગાડવાથી ખીલ કાયમ માટે જડમૂળથી મટી જશે.
- કાનખજૂરો, બગાઈ જેવા જીવજંતુઓ કાનમાં ગયા હોય તો મધ અને તેલ ભેગા કરીને કાનમાં નાખવાથી નીકળી જશે અને આરામ મળશે.
- લીંબુનો રસ કાઢી નાકમાં પિચકારી વાટે નાખવાથી નસકોરીનું દર્દ કાયમ માટે નાબૂદ થાય છે.
- ઘી બળી ગયું હોય તો એમા કાપેલું બટાટું નાખવાથી બળવાની ગંધ દૂર થઈ જશે.
- ગ્લિસરીન ગુલાબ જળ અને લીંબુનો રસ સરખે ભાગે લઈ શીશીમાં ભરી રાખો. આ મિશ્રણથી માલીશ કરવાથી ચામડી સાફ થશે અને હાથ-પગમાં પડેલા ચીરા મટી જશે.
- તેલ, લીંબુનો રસ અને મીઠું મેળવી દાંતે ઘસવાથી દાંતનો દુઃખાવો, દાંતની પીળાશ અને દાંતમાંથી નીકળતું લોહી બંધ થાય છે.



# બિલ્કિસ બાનો કેસઃ દોષિતોને છોડાતા ગુજરાત સરકારને નોટિસ

## આગામી 2 સપ્તાહ બાદ આ અંગે વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે

નવી દિલ્હી: બિલ્કિસ બાનો કેસ મામલે દાખલ કરવામાં આવેલી અરજી મામલે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા એનવી રમનાની પીઠ સામે વકીલ કપિલ સિબ્બલે દલીલો કરી હતી. કોર્ટે 11 દોષિતોને સજામાં છૂટ આપવા મામલે ગુજરાત સરકાર અને કેન્દ્રને નોટિસ પાઠવી છે. આગામી 2 સપ્તાહ બાદ આ અંગે વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે.

બિલ્કિસ બાનો કેસમાં દોષિતોને છોડી દેવામાં આવ્યા તેના વિરૂદ્ધમાં દાખલ કરવામાં આવેલી અરજી મામલે આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. સુપ્રીમ કોર્ટે આ મામલે ગુજરાત સરકારને નોટિસ પાઠવી છે અને 2 સપ્તાહ બાદ આ અંગે આગળની સુનાવણી હાથ ધરાશે.

બિલ્કિસ બાનોના ગુનેગારોને સજામુક્તિ આપવાના ગુજરાત સરકારના નિર્ણયને પડકારતી જનહિતની અરજી પર સુનાવણી માટે સુપ્રીમ કોર્ટે તૈયારી દાખવી હતી અને આજ રોજ સુનાવણી હાથ ધરાઈ હતી. આ અરજી સીપીએમ નેતા સુભાષિની અલી, લેખિકા રેવતી લાલ અને માનવાધિકાર કાર્યકર રૂપ રેખા વર્માએ દાખલ કરી હતી. અરજીકર્તાઓના કહેવા પ્રમાણે સમગ્ર કેસની તપાસ સીબીઆઈએ કરી હતી માટે ગુજરાત સરકાર દોષિતોને સજામાં છૂટ આપવાનો એકતરફી નિર્ણય ન લઈ શકે. ક્રિમિનલ પ્રોસિજર કોડના સેક્શન 435 અંતર્ગત રાજ્ય સરકારે આ માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયની સલાહ લેવી અનિવાર્ય છે.

## બિલ્કીશ કેસમાં ખુલાસોઃ દોષિતોને છોડી મૂકનારી કમિટીમાં ભાજપના 2 MLA સહિત 5 નેતા

અમદાવાદઃ ગુજરાતમાં 2002માં બિલ્કીશબાનુ પર ગેંગરેપ અને હત્યાના તમામ 11 દોષિતોને મુક્ત કરવાના ગુજરાત સરકારના નિર્ણય પર સવાલો ઉભા થઈ રહ્યા છે. હવે ગુજરાત સરકારની તે સમિતિ પણ સવાલમાં આવી ગઈ છે. વાસ્તવમાં, ગુજરાતના ગોધરામાં 2002ના રમખાણો પછી બિલ્કીશબાનુ પર સામૂહિક બળાત્કાર થયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે આ સમિતિમાં ભાજપના અગ્રણીઓ સહિત 2 ધારાસભ્યો પણ સામેલ હતા. આવી સ્થિતિમાં વિપક્ષ સવાલ ઉઠાવી રહ્યો છે કે શું આવી સમિતિઓમાં જનપ્રતિનિધિઓને પણ સામેલ કરી શકાય? બિલ્કીશબાનુ કેસમાં જેલ મુક્ત થયેલા 11 આરોપીઓને છોડવા અંગે નિર્ણય કરનારી જેલ સલાહકાર સમિતિના 10 સભ્યો પૈકીના 5 ભાજપના અગ્રણીઓ હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

# ગુજરાતીઓને રિઝવવા કોંગ્રેસના વચનો

**અમદાવાદ**



ગુજરાતમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે તમામ રાજકીય પાર્ટીઓએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેમાં હવે કોંગ્રેસ પણ મેદાને ઉતરી છે. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતએ ગુજરાત પ્રવાસ દરમિયાન અમદાવાદમાં યોજેલી પત્રકાર પરિષદમાં પ્રજાલક્ષી જાહેરાતો કરી કોંગ્રેસની તૈયારીઓ વિશે જાણકારી આપી છે તેમજ કોંગ્રેસ ગુજરાતમાં રાજસ્થાન મોડલ અપનાવશે તેવુ વચન આપ્યુ હતુ. ગુજરાતમાં કોંગ્રેસ સરકાર બનતા જ જનતાલક્ષી યોજનાઓનો અમલ થશે.

**રાજસ્થાન મોડલ દરેક જગ્યાએ લાગુ થશે**

1. મુખ્યમંત્રી ચિરંજીવી સ્વાસ્થ્ય વીમા યોજના - તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં રૂ. 10 લાખ સુધીની કેશલેસ સારવાર, રૂ. 5 લાખનો અકસ્માત વીમો.
2. જૂની પેન્શન સ્કીમ (પ્રી-પેન્શન સ્કીમ) - 1 જાન્યુઆરી 2004 પછી નિમાયેલા સરકારી કર્મચારીઓ માટે પૂર્વ-પેન્શન સ્કીમ લાગુ કરવામાં આવશે.
3. અલગથી કૃષિ બજેટ, કૃષિ વીજ જોડાણ પર દર મહિને રૂ. 1000ની સબસીડી,
4. દૂધ આપનાર ડેરી ખેડૂતોને પ્રતિ લિટર રૂ.5 ની સબસીડી.
5. ઈન્દિરા ગાંધી શહેરી રોજગાર ગેરંટી યોજના.
6. ઉત્તમ કોવિડ મેનેજમેન્ટ, ભીલવાડા, રામગંજ મોડલ, કોવિડમાં જીવ ગુમાવનાર દરેક વ્યક્તિના પરિવારને 50,000 રૂપિયાની આર્થિક સહાય.
7. ઈન્દિરા રસોઈ યોજના, રૂપિયામાં ગુણવત્તાયુક્ત ભોજન, 358 જગ્યાએ કાર્યરત, 1000 કરી રહ્યા છે.
8. 1 લાખ 29 હજાર નોકરીઓ આપવામાં આવી છે, 1 લાખ પ્રક્રિયામાં છે અને 1 લાખ વધુ આપવામાં આવશે.

# કચ્છમાં 89 કરોડના ખર્ચે બનેલા સાયન્સ સેન્ટરનું PMના હસ્તે લોકાર્પણ કરાશે

**ભુજ**

કચ્છના લોકોની ખુમારી વિશ્વભરમાં વખણાય છે. આ ખુમારી થકી આવનારી પેઢીમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તથા કચ્છ પ્રવાસનનું હબ બને તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા ભુજીયા ડુંગર ખાતે સ્મૃતિવનની સાથે સાથે રિજિયોનલ સાયન્સ સેન્ટરનું નિર્માણ કરવામાં આવ્યું છે. ૧૦ એકરમાં ફેલાયેલા આ સેન્ટરને કચ્છની સંસ્કૃતિને અનુરૂપ ભુંગા આકારની ડિઝાઈનમાં તૈયાર કરાયું છે. જેનું વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લોકાર્પણ કરાશે. કચ્છ સફેદ રણ તથા વિશ્વ વિરાસત ધોળાવીરા માટે વિશ્વના આકર્ષણનું કેન્દ્ર બનેલું છે. વડાપ્રધાન દ્વારા ૮૯ કરોડના ખર્ચે બનેલા આ મ્યુઝિયમને જાહેરજનતા માટે લોકાપત કરાયા બાદ વિજ્ઞાનક્ષેત્રે રસ ધરાવતા દેશ-વિદેશના જિજ્ઞાસુપ્રેમી પ્રવાસીઓ માટે આ સેન્ટર વધુ એક નવલું નજરાણું બની રહેશે. સાથોસાથ સરહદી કચ્છને પ્રવાસનક્ષેત્રે વધુ એક ઊંચાઈ પર લઈ જશે. રાજય સરકાર દ્વારા વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી(ગુજકોસ્ટ) દ્વારા ચાર સ્થળે પ્રાદેશિક વિજ્ઞાન સંગ્રહાલયનું નિર્માણ કરાશે .

# લઠ્ઠાકાંડના આરોપી સમીર પટેલની કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન ખૂબ જરૂરી

**અમદાવાદ**

ચકચારભર્યા લઠ્ઠાકાંડ કેસમાં ત્રણેય આરોપી ડાયરેકટરોની આગોતરા જામીન અરજી ફગાવતાં ચુકાદામાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટના બીજા એડિશનલ સેશન્સ જજ સચીન શેઠીએ બહુ મહત્વપૂર્ણ અવલોકન કરતાં જણાવ્યું હતું કે, લઠ્ઠાકાંડ કેસમાં આરોપી સમીર પટેલ અને રાજેન્દ્ર દસાડિયાની કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન ખૂબ જરૂરી છે, તેથી તેમને આગોતરા જામીન આપી શકાય નહી. વળી, મિથાઈલ આલ્કોહોલનો જથ્થો આરોપીઓની એમોસ કંપનીમાંથી ગેરકાયદે રીતે બહાર લઈ જવાતો હોવાની ડાયરેકટર અને મેનેજર તરીકે તેઓને જાણ હતી જ, તેથી તેઓની કોઈ જવાબદારી બનતી નથી તેવું ના કહી શકાય. કોર્ટે નીરીક્ષણ કર્યું હતું કે, મિથાઈલ આલ્કોહોલનું દેશીદારૂમાં મિલાવટના કારણે ૪૬થી વધુ નિર્દોષ યુવાનો અને ઘરના મોભીઓના મૃત્યુ થયા છે.

# ગુજરાતમાં ભરતી પરીક્ષામાં મહાવ્યાપમ કૌભાંડ : અરવિંદ કેજરીવાલનો આક્ષેપ

## - દિલ્હીના મુખ્યમંત્રીએ ભાવનગરમાં બેરોજગાર યુવાનો સાથે સંવાદ કર્યો

**ભાવનગર**



મધ્ય પ્રદેશમાં વ્યાપમ કૌભાંડ થયુ હતુ પરંતુ ગુજરાતમાં ભરતી પરીક્ષામાં મહાવ્યાપમ કૌભાંડ થયુ છે તેમ મંગળવારે ભાવનગર આવેલ અરવિંદ કેજરીવાલે જણાવ્યુ હતુ અને ભાજપ સરકારને આડે હાથ લીધી હતી. દિલ્હીના મુખ્યમંત્રીએ ભાવનગરમાં બેરોજગાર યુવાનો સાથે સંવાદ કર્યો હતો. આ કાર્યક્રમમાં બેરોજગાર યુવાઓએ ભાજપ સરકાર વિરૂદ્ધ હૈયાવરાળ ઠાલવી હતી. ગુજરાતમાં આપ પાર્ટીની સરકાર આવશે તો તલાટી સહિતની ભરતી કરવાના વાયદા દિલ્હીના મુખ્યમંત્રીએ કર્યા હતાં. મનીષ સિસોદીયાએ પણ શિક્ષણ, આરોગ્ય સહિતના મુદ્દે ભાજપ સરકાર સામે સવાલો ઉઠાવ્યા હતાં. બેરોજગાર યુવાઓએ તલાટી, વિદ્યા સહાયક, સેના સહિતની ભરતી નહી થતા ભાજપ સરકાર સામે રોષ ઠાલવ્યો હતો અને આપ પાર્ટી પાસે તેઓ નોકરીની આશા રાખી રહ્યા છે.

# સિરામિક્સ કંપની ક્યૂટોનના રૂ.૩૦૦ કરોડના વહેવારો પકડાયા

**અમદાવાદ**

સિરામિક્સના પ્રોડક્ટના હબ ગણાતા મોરબીના અગ્રણી ટાઈલ્સ ગ્રુપ ક્યૂટોન સિરામિક્સ પ્રાઈવેટ લિમિટેડના પ્રમોટર જગદીશ કુંવરજી દલસાણિયા, મનોજ કુમાર અગ્રવાલ, સુનિલ સીતારામ મંગ્નુલિયા અને રાજીવ અદાલખના રાજકોટ ખાતેના નિવાસસ્થાનો અને અમદાવાદ સ્થિત પાચ સ્થળે પાડેલા દરોડાને અંતે આવકવેરા અધિકારીઓએ રૂા. ૩૦૦ કરોડના બિનહિસાબી વહેવારો પકડી પાડયા હોવાનું સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. નવમી ઓગસ્ટથી રાજકોટ, અમદાવાદ, રાયપુર, ગુવાહાટી, ગુરુગ્રામઅને કોલકાતા સહિતના ૩૬ સ્થળોએ સાગમટે દરોડા પાડવામાં આવ્યા હતા.

# કંગાળ વહિવટને કારણે કંડલા પોર્ટની આવક ૩૫૦ કરોડ ઘટી

## કંડલા બંદરે બે વર્ષથી કામકાજ આગળ જ ન વધ્યા હોવાની ફરિયાદ

**અમદાવાદ**

ભારત સંચાર નિગમ લિમિટેડ સાથે ભૂતકાળમાં બન્યું હતું તેમ જ કંડલા બંદરના વહીવટ કર્તાઓ હાથે કરીને પોર્ટની કામગીરી નબળી પાડીને બંદરને ખાનગી હાથોમાં સરકી જાય તેવી સ્થિતિ નિર્માણ કરી રહ્યા છે. તેમના અયોગ્ય આયોજનને કારણે કંડલા પોર્ટનીઆવકમાં રૂા. ૩૫૦ કરોડનો ઘટાડો થશે. ટેન્ડરને મંગાવ્યા પછી તેની પ્રક્રિયા હાથ ધર્યા બાદ પણ ટેન્ડરના કામ ન સોંપાતા હોવાથી રોયલ્ટીની આવકનું પણ કરોડોનું નુકસાન કરી રહી છે. કંડલા પોર્ટની જેટ્ટી ૧૪ના ટેન્ડરો મંગાવ્યા અને ક્વોલિફાય કર્યા પછી બે વર્ષ થયા પણ ટેન્ડરની ફાળવણી કરવામાં આવી નથી. છેલ્લા આઠ મહિનાથી આ મોરચે રતિભાર પ્રગતિ થઈ જ નથી. દર પંદર દિવસે તેની મુદત લંબાવવામાં આવી રહી છે. આમ રોયલ્ટીની આવક સતત ગુમાવી રહ્યા છે. કંડલા પોર્ટ ટ્રસ્ટ ટેન્ડર ભરનારાઓને મોડેલ કન્સેશન એગ્રીમેન્ટ હેઠળ કરાર કરનારને રોયલ્ટી પેટે કાર્ગો હેન્ડલિંગના ટનદીઠ ચાર્જના ૨૫ ટકા હિસ્સો આપવો પડે છે.

# અમદાવાદમાં વસતા 40 પાકિસ્તાની હિંદુઓને ભારતીય નાગરિકતા મળી

**અમદાવાદ**

અમદાવાદમાં વસતા ૪૦ જેટલા પાકિસ્તાની હિંદુ નિરાશ્રિતોને અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ગૃહરાજ્યમંત્રીની ઉપસ્થિતિમાં ભારતીય નાગરીકતા આપવામાં આવી હતી. પાકિસ્તાનના સિંધ પ્રાંતમાંથી હિજરત કરીને ભારતના અલગ-અલગ રાજ્યમાં આવીને વસેલા પાકિસ્તાની હિંદુઓને ભારતીય નાગરીકતા આપવામાં આવી રહી છે. ૨૩-૧૨-૨૦૧૬ થી કલેક્ટરને નાગરીકતા આપવાની સત્તા મળ્યા બાદ અમદાવાદમાં અત્યાર સુધીમાં કલેક્ટર દ્વારા કુલ ૧,૦૩૨ જેટલા પાકિસ્તાની હિંદુઓને નાગરીકતા અપાઈ ચુકી છે.

# ગઢડા સ્વામિનારાયણ મંદિરમાં પૂજારીની હત્યાથી ભારે ચકચાર

**ગઢડા**

ગઢડા બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા અમેરિકામાં આવેલા સ્વામિનારાયણ મંદિરમાં સફાઈ કામ માટે ગઢડા બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાંથી મહેન્દ્ર માનસીંગભાઈ રાઠવા નામના શખ્સને મોકલવાનો હોય, પરંતુ મંદિરમાં સેવા-પૂજાનું કામ કરતા પ્રતાપસિંહ હિંમતસિંહ સિંધા (રહે, મૂળ ધુવારણ)ને પોતાના દિકરાને અમેરિકા મોકલવો હોય, જે બાબતને લઈ બન્ને વચ્ચે છેલ્લા ઘણાં સમયથી મનદુઃખ ચાલી રહ્યું હતું. દરમિયાનમાં તા.૧૯-૮ના રોજ વહેલી સવારના સુમારે પ્રતાપસિંહ સિંધા મુખ્ય મંદિરના નીચેના માળમાં આવેલ અભિષેક ખંડમાં સેવા પૂજા માટે ગયા હતા. ત્યારે મહેન્દ્ર રાઠવાએ હાથમાં લોખંડનો પાઈપ જેવી ઘાતક વસ્તુ લઈ તેઓની પાછળ દોડી અભિષેક ખંડને અંદરના ભાગેથી બંધ કરી દઈ પ્રતાપસિંહ સિંધાને માથાના ભાગે પાઈપનો ઘા મારી લેતા તેઓ લોહીથી લથપથ હાલતમાં ઢળી પડયા હતા. ત્યારબાદ મંદિરમાં સેવા-પૂજાનું કામ કરતા પ્રેમજીભાઈ નાનુભાઈ ગોળકિયા અને મંદિરમાં વહીવટી કામ કરતા અન્ય લોકો અને મંદિરના દવાખાનાના મેડીકલ ઓફિસર સહિતનાઓએ દોડી આવી તપાસ કરતા પૂજારીનું મોત થયાનું જણાયું હતું.

# ગુજરાતના મંત્રીઓની કામગીરી ઉપર મોદીની સીધી નજર

## MLAની કામગીરીના રિપોર્ટ તૈયાર કરાયાં, AAPની સક્રિયતા વચ્ચે મંત્રી-MLAની નિષ્ક્રિયતા પોષાય તેમ નથી

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ભાજપે પૂરજોશમાં ચૂંટણીલક્ષી તૈયારીઓ આરંભી છે. વડાપ્રધાનથી માંડીને કેબિનેટ મંત્રીઓની પણ ગુજરાતમાં આવનજાવન વધી છે. મંત્રીઓની કામગીરી પર ખુદ પીએમઓ સીધી નજર રાખી રહ્યુ છે. પ્રજાલક્ષી કામોમાં ભ્રષ્ટાચાર આચરતા મંત્રી અને પદાધિકારીને ઘરનો રસ્તો દેખાડી દેવા નક્કી કરાયુ છે.

ભાજપ સરકારના બધાય મંત્રીઓની કામગીરી પર દેખરેખ રાખવામાં આવી રહી છે. નવરાત્રીમાં ચૂંટણીનું એલાન થઇ શકે તેવી શક્યતા જોવાઇ રહી છે ત્યારે મંત્રીઓથી માંડીને ધારાસભ્યોની નિષ્ક્રિયતા ભાજપને પોષાય તેમ નથી. આ જોતાં ભાજપના ધારાસભ્યોની કામગીરીના રિપોર્ટ પણ તૈયાર કરી દેવાયા છે. કયા ધારાસભ્ય સક્રિય છે અને કયા ધારાસભ્ય નિષ્ક્રિય છે તેની યાદી તૈયાર કરાઇ છે. અત્યારથી જ કઇ બેઠક પર વર્તમાન ધારાસભ્યનુ પત્તુ કપાય તો કયા ઉમેદવારને ચૂંટણી મેદાને ઉતારવા તે દાવેદારો અંગે અંદરખાને મંથન પણ થઇ રહ્યુ છે. ટૂંકમાં વ્યક્તિગત મૂલ્યાંકન આધારે જ ઉમેદવારને ટિકીટ આપવાની ભાજપની ગણતરી છે. ભાજપ આ વખતે યુવા અને સ્વચ્છ પ્રતિભા ધરાવતા ઉમેદવારને તક આપવા માંગે છે. વર્તમાન ધારાસભ્યો પૈકી મોટાભાગનાની ટિકીટ કપાઇ શકે છે. એક બાજુ, ગુજરાતમાં આપ સક્રિય થયુ છે જેના પગલે ભાજપને મંત્રી ઉપરાંત ધારાસભ્યોની નિષ્ક્રિયતા પોષાય તેમ નથી. આ જોતાં ખુદ મોદીએ મોરચો સંભાળી લીધો છે.

### વિધાનસભાની ચૂંટણી પહેલા ગુજરાત સરકારના બે સિનિયર મંત્રીઓના ખાતા છીનવાયા

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા ગુજરાતના રાજકારણના સૌથી મોટા ઘણી શકાય તેવા સમાચાર મળી રહ્યા છે. રાજ્ય સરકારના બે સિનિયર મંત્રીઓના ખાતા છીનવાયા છે, જેમાં રાજેન્દ્ર ત્રિવેદી પાસેથી મહેસૂલ ખાતુ અને પૂર્ણેશ મોદી પાસેથી માર્ગ મકાન ખાતુ પાછું લેવાયું છે. ભૂપેન્દ્ર પટેલ સરકારની નવી ટીમના મંત્રીઓએ થોડા સમય પહેલા મંત્રીપદના શપથ લીધા હતા. જેમાં સૌપ્રથમ કેબિનેટ મંત્રી તરીકે રાજેન્દ્ર ત્રિવેદી, જીતુ વાઘાણી, ઋષિકેશ પટેલ, પૂર્ણેશ મોદી, રાઘવજી પટેલે એકસાથે શપથ લીધા હતા. ત્યારબાદ કનુ દેસાઇ, કિરીટ રાણા, નરેશ પટેલ, પ્રદીપ પરમાર, અર્જુન સિંહ ચૌહાણે પણ કેબિનેટ મંત્રી તરીકે એકસાથે શપથ લીધા હતા.

### ગુજરાતના ખેડૂતો ફરી લડી લેવાના મૂડમાં! 25 ઓગસ્ટથી ધરણાં

**ગાંધીનગર**

ગાંધીનગર ખાતે ભારતીય કિસાન સંઘે વિશેષ બેઠક બોલાવી હતી. જેમાં સમાન વીજ દર મામલે ભારતીય કિસાન સંઘે બેઠકનું આયોજન કર્યું હતુ. છેલ્લા 6 માસથી સરકાર સમક્ષ વીજ મામલે રજૂઆત કરવામાં આવી રહી છે. પરંતુ તેનો કોઈ ઉકેલ મળી રહ્યો નથી. કિસાન સંઘના પ્રવક્તા આર કે પટેલે જણાવ્યું હતું કે, સમાન વીજ દર મામલે સરકાર સમક્ષ કિસાન સંઘે રજૂઆત કરી છે. સતત રજૂઆત કરવામાં આવી રહી છે. પરંતુ તેનો કોઈ હકારાત્મક જવાબ મળી રહ્યો નથી. અમે તાલુકા સ્તરે ધરણા કર્યા અને આવેદનપત્ર આપ્યા હતા. ત્યારે સરકારે 4 મંત્રીઓની બેઠક યોજી આશ્વાસન આપ્યું હતું. તે વાતને એક મહિનો થઈ ગયો છે, પરંતુ હજુ કઈ થયું નથી. આર કે પટેલે વધુમાં જણાવ્યું હતું કે, તબેલામાં પણ કોમર્શિયલ ભાવ દુર કરવાની માંગ ભારતીય કિસાન સંઘ દ્વારા સરકાર સમક્ષ કરવામાં આવી છે.

### રાજ્યમાં 207 ડેમોમાં 2,06,719 કરોડ લિટર પાણીનો સંગ્રહ થયો

**રાજકોટ**

ચોમાસા પૂર્વે તા. 1 જૂનના સરદાર સરોવર સહિત રાજ્યના કૂલ 207 જળાશયોની કૂલ 8.92 લાખ એમ.સી.એફટી. (મિલિયન ક્યુબીક ફૂટ, 10 લાખ ઘનફૂટ) ક્ષમતા સામે માત્ર 42.41 ટકા જળસંગ્રહ હતો, અઢી માસમાં ધોધમાર અને અવિરત વરસેલા મેઘરાજાથી આજે તા. 24 ઓગષ્ટની સ્થિતિએ જળસંગ્રહ વધીને 7,30,457એમ.સી.એફટી.એ પહોંચ્યો છે જેને લિટરમાં ગણીએ તો 20,67,19,04,80,000 એટલે કે 2,06,719 કરોડ લિટર થાય છે! ગુજરાતની આશરે સાડા છ કરોડની વસ્તીમાં પીવાના પાણી,ખેતીવાડી,ઔદ્યોગિક સહિત હેતુ માટે માથાદીઠ સંગ્રહ આશરે 31 હજાર લિટર થાય છે અને હજુ ચોમાસુ બાકી છે અને 80થી 90,000 એમ.સી.એફટી. સંગ્રહ કરી શકાય તેમ છે.

ચોમાસા પૂર્વે, જૂનના આરંભે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવરમાં માત્ર 50 ટકા (1.87 લાખ એમસીએફટી) અને તે સહિત કૂલ 207 ડેમોમાં 3.78 લાખ જળરાશિ હતી. જે સંગ્રહક્ષમતાના માત્ર 42 ટકા હતી. ચોમાસાનું 3.52 લાખ એમસીએફટી પાણી જળાશયોએ રોક્યું છે અને આજે રાજ્યના જળાશયોનો સંગ્રહ 81.87 ટકાએ પહોંચ્યો છે. કૂલ 7.30 લાખ એમ.સી.એફટી.પાણી સંગ્રહાયું છે જે ગત વર્ષે આ દિવસના સંગ્રહ કરતા 2.95 લાખ એમ.સી.એફટી. વધારે છે.

### હાઇકોર્ટમાં ગુજરાતી ભાષા સત્તાવાર કરાવવા હવે બાર કાઉન્સીલ મેદાનમાં

**અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટમાં કોર્ટ કામગીરી માટે સત્તાવાર ભાષા તરીકે ગુજરાતી ભાષાને સામેલ કરવા અંગે તાજેતરમાં જ ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસીએશનના પ્રમુખ અસીમ પંડયાએ રાજયપાલને લખેલા પત્રને લઈ હવે સર્જાયેલા વિવાદ બાદ ગુજરાત હાઈકોર્ટના વકીલો વચ્ચે જૂથવાદ અને બે ફાંટા પડયાની સ્થિતિ સામે આવી છે. ત્યારે હવે ગુજરાત બાર કાઉન્સીલ પણ આ સમગ્ર મામલે મેદાનમાં આવી છે. ખુદ બાર કાઉન્સીલના પૂર્વ ચેરમેન અનિલ સી.કેલ્લા સહિત અન્ય કેટલાક સભ્યો આ મુદ્દે ગુજરાત બાર કાઉન્સીલને પત્ર લખ્યો છે અને આ સમગ્ર મામલે રાજયભરના ૨૭૨ બાર એસોસીએશનને વિશ્વાસમાં લઈ વિશાળ પ્રતિનિધિમંડળ સાથે રાજયપાલને મળવાની માંગણી કરી છે. જેમાં વર્તમાન પરિસ્થિતિમાં સર્જાતી સમસ્યાનો ચિતાર પણ પત્રમાં રજૂ કરાયો છે.

### ગાંધી અને પટેલની ભૂમિ પર આ ઝેર કોણ ફેલાવી રહ્યું છે?: રાહુલ ગાંધી

#### વિધાનસભા ચૂંટણીમાં ડ્રગના કારોબારને મુખ્ય મુદ્દો બનાવાશે

**નવી દિલ્હી**



રાજ્યમાં ડ્રગ અને નશાના કારોબારની સીધી અસર સામાન્ય જનતા પર જોવા મળી રહી છે. રાજ્યમાં વધી રહેલા ડ્રગ અને નશાના કારોબાર મામલે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ફરી એક વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ ટ્વિટરના માધ્યમથી વડાપ્રધાન પર નિશાન સાધીને તેઓ આ અંગે મૌન કેમ છે તેવો સવાલ કર્યો હતો. આ સાથે જ રાહુલ ગાંધીએ કેન્દ્ર અને ગુજરાત સરકારમાં બેસેલા કયા લોકો ડ્રગ માફિયાઓને સંરક્ષણ આપી રહ્યા છે તેમ જણાવી ગાંધી-પટેલની ભૂમિ પર કોણ ઝેર ફેલાવી રહ્યું છે તેવો સવાલ કર્યો હતો. કોંગ્રેસનું વલણ જોતા તે આગામી વિધાનસભા ચૂંટણીમાં ડ્રગના કારોબારને મુખ્ય ચૂંટણી મુદ્દો બનાવશે તેમ જણાઈ રહ્યું છે.

### સ્ટેચ્યુ ઓફ યુનિટી એક્ટને પડકારતી PILમાં સરકારપક્ષને નોટિસ

**અમદાવાદ**

સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરીઝમ ગવર્નન્સ એક્ટ-૨૦૧૯ની બધારણીય કાયદેસરતાને પડકારતી જાહેરહિતની રિટ અરજીમાં ગુજરાત હાઈકોર્ટે રાજય સરકાર, શહેરી વિકાસ સચિવ, ટુરીઝમ ડિપાર્ટમેન્ટના સચિવ સહિતના સંબંધિત સત્તાવાળાઓને નોટિસ જારી કરી હતી અને કેસની વધુ સુનાવણી આગામી મહિનામાં મુકરર કરી હતી. હાઈકોર્ટે સરકારપક્ષને જવાબ રજૂ કરવા પણ નિર્દેશ કર્યો હતો. નર્મદા જિલ્લાના ખેડૂતો અને સુરત જિલ્લાના પછાત વિસ્તારના આદિવાસી સમાજના લોકો દ્વારા કરાયેલી જાહેરહિતની રિટ અરજીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરીઝમ ગવર્નન્સ એક્ટની સંબંધિત જોગવાઈઓ રદ કરવા માંગણી કરવામાં આવી હતી.

### ખેરગામના પ્રોફેસરે પાંચ વર્ષમાં 700થી વધુ સંસ્કૃત પુસ્તકો વાંચ્યા

**સુરત**

વલસાડ જિલ્લાના કકવાડી ગામના યોગેશ ટંડેલે સંસ્કૃત વિષય પર પીએચ.ડી કર્યું છે. આજે તેમને ડિગ્રી સર્ટિફિકેટ એનાયત થતા સ્વપ્ન સાકાર થયું હતું. પ્રા.યોગેશ ટંડેલ નવસારી જિલ્લાની ખેરગામ સરકારી કોલેજમાં આર્ટસ ફેકલ્ટીના સંસ્કૃતના પ્રોફેસર છે. તેમણે કહ્યું કે, સંસ્કૃત ભાષા એ કોઇ ધર્મ, સંપ્રદાય કે વર્ગ વિશેષની ભાષા નથી. નાનપણથી મને સંસ્કૃત પ્રત્યે રૂચિ હતી. અને આધ્યાત્મીક સાથે જોડાયેલો હોવાથી બોરીંગ લગતા આ વિષયને રસપ્રદ બનાવીને અભ્યાસ પૂર્ણ કર્યો છે. સંસ્કૃતમાં પીએચ.ડી કરવા માટે પાંચ વર્ષમાં સંસ્કૃત ભાષાના ૭૦૦ થી વધુ પુસ્તકોનું વાંચન કરી સંસ્કૃત વિષય પર પ્રભુત્વ મેળવ્યુ છે.


Sri Radha Krishna Temple
1960 Ellesmere Road Unit 9 Scarborough ON M1H 2V9
srkt2000@gmail.com 416-431-3311 www.sriradhakrishnatemple.ca


Saturday Aug 27, 2022
Amritvani Paath
6:15pm-7:00pm
Aarti followed by Prasad
For Sponsorship please contact 416-431-3311



Sunday Aug 28, 2022
Sunderkand Paath
6:15pm-7:30pm
Aarti followed by Prasad
For Sponsorship please contact 416-431-3311



Monday Aug 29, 2022
Shiv Aradhana
6:15pm-7:00pm
Mahamrityunjaya Havan
7:00pm-7:30pm
Aarti followed by Prasad
For Sponsorship please contact 416-431-3311



# બિહાર, દિલ્હી, ઝારખંડ, તમિલનાડુમાં ઈડી તેમજ સીબીઆઈએ દરોડા પાડ્યા

## લાલુ રેલવે મંત્રી હતા ત્યારે જમીન-પ્લોટનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો આરોપ

**પટણા/નવી દિલ્હી**

કેન્દ્રીય એજન્સીઓ સીબીઆઈ અને ઈડીએ દેશભરમાં કેટલાક રાજ્યોમાં સપાટો બોલાવ્યો છે. ખાસ કરીને બિનભાજપ શાસિત રાજ્યોના ૫૦થી વધુ સ્થળોએ એજન્સીઓએ દરોડા પાડયા છે. બિહારમાં વિધાનસભામાં નીતિશ સરકારના વિશ્વાસમત પહેલા જ સીબીઆઈએ ૨૪થી વધુ સ્થળોએ દરોડા પાડયા હતા. જદ(યુ) ને સમર્થન આપી સરકાર બનાવનારા લાલુ યાદવના પક્ષ આરજેડીના ચાર નેતાઓ સીબીઆઈની રડારમાં છે. જે સ્થળે દરોડા પાડવામાં આવ્યા તેમાં આરજેડી નેતાઓનો પણ સમાવેશ થાય છે. આ સાથે જ ઝારખંડ, બિહાર, દિલ્હી, તમિલનાડુમાં ઈડીએ પણ મોટા પાયે દરોડા પાડયા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ EDએ ઝારખંડમાં ગેરકાયદેસર ખાણકામમાં મની લોન્ડરિંગના સંબંધમાં 17 સ્થળોએ દરોડા પાડ્યા હતા. પ્રેમ પ્રકાશ સાથે જોડાયેલા સ્થળો પર આ દરોડા પાડવામાં આવ્યા છે. દરોડા દરમિયાન EDને બે AK 47 રાઈફલ મળી આવી છે.



# રૂ.605 કરોડના બેન્ક ફ્રોડમાં ઇડી દ્વારા 4ની ધરપકડ થઈ

## ઉધોગપતિઓએ ખોટી આવક બતાવીને બેન્ક પાસે જંગી લોન મેળવીને નાણાં ખાતામાં જમા કરી દીધા

**નવી દિલ્હી**

ઈડીએ બાંકે બિહારી એક્સપોર્ટ્સ લિમિટેડ દ્વારા ૬૦૫ કરોડુની છેતરપિંડી કેસમાં દિલ્હીના ચાર ઉધોગપતિની ધરપકડ કરી છે. આરોપીઆની ઓળખ કંપનીના ડિરેક્ટર અમરચંદ ગુપ્તા, રામલાલ ગુપ્તા, રાજકુમાર ગુપ્તા અને અમરચંદ્ર ગુપ્તાના ભત્રીજા તથા કર્મચારી સંજય કંસલના સ્વરુપમાં થઈ છે. તેઓ કંપનીના ડિરેક્ટર છે. ઈડીએ કંપનીના ડિરેક્ટરો અને અજાણ્યા કોર્પોરેટરો સામે સીબીઆઈએ નોંધાવેલી એફઆઈઆરના આધારે તપાસ શરુ કરી છે. એફઆઈઆરમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે કંપનીના ડિરેક્ટરો આ કૌભાંડમાં સામેલ છે. તેમના પર અન્ય વ્યક્તિઓના બેન્ક ભંડોળના દૂરુપયોગ, તેમના નામે નકલી સંસ્થાઓ અને કંપનીની સહયોગી સંસ્થાઓના માધ્યમ દ્વારા હિસાબી ચોપડામાં હેરાફેરી અને શેલ કંપનીઓ દ્વારા નાણા ટ્રાન્સફર કરવાનો આરોપ મૂકાયો છે. તેમણે પોતાના વ્યક્તિગત ફાયદા માટે કંપનીમાંથી ભંડોળ કાઢ્યુ જેથી જાહેર ક્ષેત્રની બેન્કોને ૬૦૫ કરોડનું નુકસાન થયું હતું.

# ધનવાન કોંગ્રેસી કેજીએફ બાબુ દ્વારા રૂ. 350 કરોડનું દાન કરવાની જાહેરાત

**બેંગ્લુરુ**

કર્ણાટકમાં કોંગ્રેસના નેતા કેજીએફ બાબુ એટલે કે યુસુફ શરીફ લાઈમલાઈટમાં છે. કોંગ્રેસની ચિકપેટની ટિકિટ પર દાવો કરી દીધો છે. તેની સાથે તેમણે સ્થાનિક લોકો પાછળ ૩૫૦ કરોડ રુપિયા આપવાની યોજનાની જાહેરાત કરી દીધી છે. રિયલ એસ્ટેટ પહેલા સ્ક્રેપનો કારોબાર કરનારા શરીફ આ પહેલા ત્યારે પ્રકાશમાં આવ્યા હતા જ્યારે તેમણે ૨૦૨૧માં બેંગ્લુરુ સીટ માટેના સોગંદનામામાં ૧,૭૪૩ કરોડ રુપિયાની સંપત્તિની જાહેરાત કરી હતી. આમ તેમણે કર્ણાટકના



લઘુ ઉદ્યોગ અને નગર પ્રશાસન મંત્રી એમટીબીનાગરાજને સંપત્તિના મામલામાં પાછળ છોડી દીધા હતા. તેમની સંપત્તિ ૧,૨૦૦ કરોડ રુપિયા હતી. કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં યોજાવવા ને હજી ઘણો સમય બાકી છે, પરંતુ રાજધાની બેંગ્લુરુના મિલર્સ રોડ સ્થિત પોતાના મહેલ જેવા ઘરમાં બેઠેલા યુસુફ શરીફ ઉર્ફે કેજીએફ બાબુ ચૂંટણીની ટિકિટ પહેલા જ કોંગ્રેસના કાર્યકરોને મળવામાં વ્યસ્ત છે.

# દેશમાં 5 રાજ્યોમાં પ્રલય : મ.પ્ર., યુપી, ઉત્તરાખંડ અને હિમાચલ જળબંબાકાર

## નદી-નાળા છલકાતા પૂરની સ્થિતિ સર્જાઇ, અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ

**નવી દિલ્હી**

દેશના કેટલાંક રાજ્યોમાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. પાંચ રાજ્યમાં ભારેથી અતિ ભારે વરસાદને કારણે જળતાંડવ જોવા મળી રહ્યું છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, યુપી, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડમાં સ્થિતિ વધુ ગંભીર બની રહી છે. અહીં નદી-નાળા છલકાતા પૂરની સ્થિતિ સર્જાઈ છે. ઠેરઠેર અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થયા છે. રસ્તાઓ અને પુલો તૂટી ગયા છે. પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલનને કારણે અનેક ઘર તેમજ માણસો દટાઈ ગયા છે. 60થી વધુનાં મોત થયાં છે અને અનેક લોકો લાપતા છે. મધ્યપ્રદેશના 39 જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. ભોપાલમાં અનેક વિસ્તારો પાણીમાં ડૂબી ગયા છે. તળાવ જેવી સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા 24 કલાકમાં 8 ઈંચ વરસાદ પડયો છે. આગામી 24 કલાક માટે મુશળધાર વરસાદની શક્યતા છે.

એમપીમાં 50 ડેમ ઓવરફ્લો થયા છે. ભોપાલમાં એક ક્રુઝ ડૂબી ગયું છે. અશોકનગરમાં કાર સહિત પાંચ તણાતા સરપંચનું મોત થયું છે. એક લાપતા છે અને ત્રણને બચાવાયા છે.

રાજસ્થાનમાં ભારે વરસાદની શક્યતા છે. આથી 10 જિલ્લાને હાઈ એલર્ટ કરાયા છે. કોટા, બુંદી, ટોંક, સવાઈ માધોપુર, ચિત્તોડગઢ, બાંસવાડા, ડુંગરપુર, ઉદયપુર અને પાલીમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. રાજસ્થાનમાં 200 ડેમ ઓવરફ્લો થયા છે.

# મુંબઈમાં ગણપતિને 66 કિલો સોનાના દાગીનાનો શણગાર, 316 કરોડનો વીમો

**મુંબઈ**

મુંબઈમાં ગૌડ સારસ્વત બ્રાહ્મણ સેવા મંડળ દ્વારા તો આ વખતે ગણેશોત્સવના મંડપ માટે 316 કરોડ રૂપિયાનો વીમો ઉતરાવવામાં આવ્યો છે. આ મંડળ દ્વારા દર વર્ષે ગણેશોત્સવ દરમિયાન શ્રીજીની મૂર્તિને સોનાના તેમજ બીજા કિમતી ઘરેણાનો શણગાર કરાતો હોય છે. અંગ્રેજી અખબારના અહેવાલ અનુસાર જે વીમો ઉતરાવવામાં આવ્યો છે તેમાં 31 કરોડનો વીમો દાગીના માટે છે. જ્યારે સ્વયંસેવકો, પૂજરીઓ, રસોઈયા, કર્મચારીઓ, વેલેટ પાર્કિંગ કરનારા, લોકો માટે 263 કરોડ રૂપિયાનો વ્યક્તિગત અકસ્માતનો વિમો લેવાયો છે. બીજી વસ્તુઓ માટે એક કરોડ રૂપિયા, આગ જેવી ઘટના માટે 77 લાખ, પંડાળ-સ્ટેડિયમ તેમજ દર્શન કરવા આવનારા ભાવિકો માટે 20 કરોડનો વીમો લેવામાં આવ્યો છે.



# DRDO દ્વારા ભારતીય નૌ-સેનાનાં સીક્રેટ-વેપનનું સફળ પરીક્ષણ થયું

## ગતિ વધુ હોવાથી રડારમાં પકડી શકાય તેમ નથી

**ચાંદીપુર**

ભારતનાં ડીફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) નૌ સેનાનાં એક બેટાલિશિપ ઉપરથી એવાં મિસાઈલનું પરીક્ષણ કર્યું છે કે, જો પોતાની ગતિ, નિશ્ચિતતા અને પ્રહાર શક્તિ માટે અસામાન્ય છે. આપણાં આ સ્વનિર્મિત તેવાં મિસાઈલની ગતિ એટલી બધી છે કે તે શત્રુનાં રડારની પણ પકડમાં આવી શકે તેમ નથી. તેનું પરીક્ષણ ચાંદીપુર સ્થિત ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જની પાસે સમુદ્રમાં કરાયું આ મિસાઈલનું નામ છે 'વર્ટિકલ લોન્ચ શોર્ટ રેન્જ સર્ફેસ ટુ એર મિસાઈલ'. આ મિસાઈલમાં સ્વદેશી રેડીયો ફિક્વન્સી સીકર લગાડવામાં આવ્યું છે. જે તેની સટીકતાને વધુ વધારે છે. તે સામેથી આવતાં શસ્ત્રને માર્ગમાં જ ધ્વસ્ત કરી શકે તેવું છે. આ મિસાઈલ એવી ઓછી ઉંચાઈએ ઊડે છે તેથી શત્રુનાં રડારને થાપ આપી શકે છે. આથી આ મિસાઈલ દેશ તરફ આવતાં વિમાન, ડ્રોન, હેલિકોપ્ટર્સ કે મિસાઈલ્સની ધજ્જીયાં ઉડાડી શકે તેમ છે.

# પયગંબર અંગે અપમાનજનક ટીપ્પણી બદલ ધારાસભ્ય ટી. રાજાની ધરપકડ અને જામીન

**હૈદરાબાદ**

ભાજપના વિવાદાસ્પદ નેતા રાજા સિંહની ઈસ્લામ અને મોહમ્મદ પયગંબર અંગે કથિત અપમાનજનક ટીપ્પણી કરવા બદલ મંગળવારે ધરપકડ કરવામાં આવી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટી. રાજાનો કથિત ટીપ્પણીનો વીડિયો વાઈરલ થયા પછી ભાજપે પક્ષમાંથી પણ તેની હકાલપટ્ટી કરી હતી. બીજીબાજુ પયગંબર અંગે અપમાનજનક ટીપ્પણીનો વીડિયો વાઈરલ થયા પછી હૈદરાબાદની કમિશનર ઓફિસ બહાર મોટી સંખ્યામાં એકત્ર થયેલા મુસ્લિમોના ટોળાએ રાજા વિરુદ્ધ 'સર તન સે જુદા'ના સૂત્રો પોકાર્યા હતા. જેને પગલે ધારાસભ્યની ધરકપડ કરાઈ હતી. જોકે બાદમાં તેમને જામીન પણ મળી ગયા હતા.

**રાજસ્થાનમાં જાલોર જેવી બીજી ઘટના**

# બાડમેરમાં શિક્ષકે દલિત વિદ્યાર્થીને ફટકારતા હોસ્પિટલમાં ખસેડાયો

**બાડમેર**

રાજસ્થાનમાં જાલોર જિલ્લામાં શિક્ષકના મારથી મોતને ભેટેલા દલિત વિદ્યાર્થીનો મામલો હજુ શાંત પણ નથી થયો, ત્યાં સરહદી બાડમેર જિલ્લામાં વધુ એક આવો બનાવ સામે આવ્યો છે. જેમાં એક શિક્ષક દ્વારા દલિત વિદ્યાર્થીને ઢોરમાર મારવામાં આવ્યો છે. જાલોરની જેમ જ બાડમેરના આ બનાવથી ચકચાર મચી જવા પામી છે. વિવિધ દલિત સંગઠનોએ આ મામલે પોતાનો વિરોધ વ્યક્ત કર્યા બાદ પોલીસે આરોપી શિક્ષકની અટકાયત કરી છે. આ બનાવ બાડમેર શહેરની સરકારી સ્કૂલનો છે. જ્યાં 7માં ધોરણમાં ભણતા વિદ્યાર્થીને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. એવું કહેવાય છે કે, ઢોરમાર બાદ વિદ્યાર્થી સ્કૂલમાં જ બેહોશ થઈ ગયો હતો. જે બાદ તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. બાળકના પરિવારજનોનો આરોપ છે કે, ક્લાસમાં ટેસ્ટ દરમિયાન શિક્ષક દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નનો વિદ્યાર્થી જવાબ નહતો આપી શક્યો.

# સ્વાસ્થ્ય ક્ષેત્રે 70 વર્ષમાં જેટલુ કામ નથી થયું તેટલુ અમે 7 વર્ષમાં કર્યું : મોદી

**નવી દિલ્હી**

નરેન્દ્ર મોદીએ ભારતની સૌથી મોટી ખાનગી હોસ્પિટલનું હરિયાણાના ફરિદાબાદમાં ઉદઘાટન કર્યું હતું. ૧૩૩ એકડમાં ફેલાયેલી આ હોસ્પિટલમાં કેંસર સહિતની બીમારીઓની સારવાર આપવામાં આવશે. આ દરમિયાન તેઓએ સ્વાસ્થ્ય ક્ષેત્રે ભારતની કામગીરીના વખાણ કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે આજે હોમી ભાભા કેંસર એન્ડ રિસર્ચ સેંટર તરીકે દેશને એક અત્યંત આધુનિક હોસ્પિટલ મળી રહી છે. જેમાં ટાટા મેમોરિયલ સેંટરે મહત્વની ભૂમિકા નિભાવી છે. મોદીએ દાવો કર્યો હતો કે ભારતમાં છેલ્લા ૭૦ વર્ષમાં સ્વાસ્થ્ય ક્ષેત્રે કામ નથી થયું તેના કરતા વધારે કામ છેલ્લા સાત વર્ષમાં કરવામાં આવ્યું હતું.

# દિલ્હી એરપોર્ટ ખાતે ઈમિગ્રેશન રેકેટ પકડાયું ગુજરાતી સહિત ચાર નાગરિકોની ધરપકડ

## પોલીસે પાસપોર્ટ એક્ટની કલમ 12 હેઠળ ગુજરાતી વ્યક્તિ રવિ ચૌધરીની ધરપકડ કરી

**નવી દિલ્હી**

લોકોને બોગસ પાસપોર્ટ પર વિદેશ મોકલવાનું કૌભાંડ દિલ્હી એરપોર્ટ ઉપર પકડાતાં એક પેસેન્જર સહિત ત્રણની ધરપકડ કરવામાં અવી છે. ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટના પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર IPCની કલમ 420, 468, 471, 120મ્ અને પાસપોર્ટ એક્ટની કલમ 12 હેઠળ ગુનો નોંધીને FIR કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર અગાઉ 7 ઓગસ્ટે કુવૈત પહોંચેલા રવિ રમેશભાઈ ચૌધરી નામના એક પ્રવાસીની કુવૈત એરપોર્ટ ઉપર ઈમિગ્રેશન તપાસમાં પાસપોર્ટ બોગસ જણાતાં પાછો ભારત પાછો ડીપોર્ટ કરવામાં આવ્યો હતો. સંદેશો મળતાં દિલ્હી પોલીસે રવિ ચૌધરીની ધરપકડ કરી હતી.

ઉલટતપાસમાં જાણવા મળ્યું કે તેણે ગુજરાતના નારાયણભાઈ ચૌધરીના કહેવાથી પોતાના ફોટો અને સિગ્નેચર મુંબઈના મુશ્તાક જમીલ પિક્ચરવાલાને મોકલી આપયા હતા. મુંબઈના ઝાકિર યુસુફ શેખની સુચનાથી મુશ્તાકે તેને યુરોપીય સંઘના વિસા સાથેનો બોગસ પાસપોર્ટ મોકલ્યો હતો. તેના આધારે રવિ કુવૈત થઈ મૅક્સિકો, નેધરલેન્ડ્સ અને પછી અમેરિકા જવાનો હતો. રવિએ જણાવ્યા મુજબ સોદો 65 લાખ રૂપિયામાં નક્કી થયો હતો. તેમાંથી 15 લાખ રોકડા એડવાન્સ આપ્યા હતા. બાકીના પૈસા રવિ ચૌધરી અમેરિકા પહોંચે તે પછી રવિના પરિવારજનો ગુજરાતના નારાયણ ચૌધરીને આપવાના હતા. રવિ રમેશભાઈ ચૌધરીની ધરપકડના સમાચાર મળતાં જ નારાયણ ચૌધરી, મુશ્તાક અને ઝાકિર અન્ડરગ્રાઉન્ડ થઈ સતત પોતાનું લોકેશન બદલવા લાગ્યા હતા.

# આપના ૪૦ ધારાસભ્યોને ભાજપે ૮૦૦ કરોડ રૂપિયાની ઓફર કરી

## CBIને મનિષ સિસોદીયાના ઘરે દરોડા પાડીને કશું મળ્યુ નથી

**નવી દિલ્હી**

આપ-ભાજપ વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી ચાલતો આરોપ અને પ્રત્યારોપનો સિલસિલો હજુ યથાવત રહ્યો છે. આપે પોતાના ધારાસભ્યોની બેઠક બોલાવવામાં આવી હતી. એ પછી આપના પ્રમુખ-દિલ્હીના સીએમ કેજરીવાલ પોતાના ધારાસભ્યો સાથે મહાત્મા ગાંધીની સમાધિ રાજઘાટ પર પહોંચ્યા હતા. કેજરીવાલે કહ્યુ હતુ કે, દિલ્હીમાં દારૂની દુકાનોના કૌભાંડના આરોપ લગાવનાર ભાજપને આ કૌભાંડ અંગે કશી ખબર જ નથી. દિલ્હીમાં ભાજપે આપના ધારાસભ્યોને ભાજપમાં સામેલ થવા માટે ૮૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આપના ૪૦ ધારાસભ્યો પૈકી દરેકને ૨૦-૨૦ કરોડ રૂપિયાની ઓફર કરવામાં આવી છે. તેમણે કહ્યુ હતુ કે, સીબીઆઈને ડેપ્યુટી સીએમ મનિષ સિસોદીયાના ઘરે દરોડા પાડીને કશું મળ્યુ નથી. તેના બીજા દિવસે સિસોદિયાને ભાજપે મેસેજ આપ્યો હતો કે, તમે અમારી સાથે આવી જાવ તો તમને સીએમ બનાવી દઈશું પણ સિસોદિયાએ આ ઓફર ફગાવી દીધી હતી. કેજરીવાલે કહ્યુ હતુ કે, આપના ૪૦ ધારાસભ્યોને ૨૦-૨૦ કરોડની ઓફર ભાજપે આપી છે પણ એક પણ ધારાસભ્ય આપ છોડવા માટે તૈયાર થયો નથી.

# ટેલિકોમ ક્રાંતિ : રિલાયન્સ જિયો 5G સર્વિસ શરૂ કરવાની તૈયારીમાં

**મુંબઈ**

દેશની સૌથી મોટી ટેલિકોમ કંપની રિલાયન્સ જિયોએ4G સર્વિસમાં ક્રાંતિ કર્યા પછી હવે5G સર્વિસ શરૂ કરવા જઈ રહી છે. એક અંદાજ પ્રમાણે આગામી સોમવારથી, એટલે કે ૨૯ ઓગસ્ટથી દેશમાં5Gસેવા ચાલુ થઈ જશે. આ દિવસે રિલાયન્સ પોતાની ૪૫મી એન્યુઅલ જનરલ મિટિંગ યોજશે. આ ઈવન્ટમાં રિલાયન્સ પોતાનો5Gફોન પણ લોન્ચ કરશે તેમ માનવામાં આવે છે.

શરૂઆતમાં દેશના ૧૩ શહેરોમાં જ ૫૫્ સર્વિસ શરૂ કરવામાં આવે તેવી શકયતા છે. તેમાં દિલ્હી, બેંગલુરુ, ચંદીગઢ, ગાંધીનગર, અમદાવાદ, ગુરુગ્રામ, મુંબઈ, પૂણે, હૈદરાબાદ, ચેન્નાઈ, જામનગર, કોલકાતા અને લખનૌ સામેલ હશે.

તાજેતરમાં સ્પેક્ટ્રમની હરાજી થઈ તેમાં જિયો સૌથી મોટી બિડર હતી. ખાસ કરીને ૭૦૦ હટ્ર્ઝ ફ્રિકવન્સીમાં રિલાયન્સ જિયોએ સૌથી મોટી બિડ કરી હતી. રિલાયન્સ જિયોને લિસ્ટેડ કંપની બનાવવાની તૈયારી ચાલે છે. તેથી તેના આઈપીઓ અંગે પણ ટૂંક સમયમાં જાહેરાત થઈ શકે છે. આગામી છ૫્સ્માં કંપની પોતાના જિયો ફોન 5Gની જાહેરાત કરે તેવી શકયતા છે.

# યુપી ભાજપના અધ્યક્ષ તરીકે ભૂપેન્દ્રસિંહ ચૌધરીની નિમણૂક

**નવી દિલ્હી**

ભાજપે ૨૦૨૪માં ઉત્તર પ્રદેશ લોકસભાની તમામ ૮૦ બેઠકો જીતવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. આ માટે જાતીય અને ક્ષેત્રીય સમીકરણોનું પૂરતું ધ્યાન રાખવામાં આવ્યું છે અને ભૂપેન્દ્ર સિંહ ચૌધરીની નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશમાં ભાજપના અધ્યક્ષ સ્વતંત્રદેવ સિંહે રાજીનામુ આપ્યું ત્યારથી જ પાર્ટી પોતાના નવા પ્રદેશ અધ્યક્ષની રાહ જોઈ રહી હતી. મિશન ૨૦૨૪ને અનુલક્ષીને નવા અધ્યક્ષની પસંદગી માટે લખનૌથી દિલ્હી સુધી મંથન ચાલી રહ્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### ચૂંટણી પંચની મુખ્યપ્રધાન સૌરેનને ધારાસભ્ય તરીકે ગેરલાયક ઠેરવવવાની ભલામણ

**રાંચી :** ભારતના ચૂંટણી પંચે ઝારખંડના મુખ્યપ્રધાન હેમંત સોરેનને ધારાસભ્ય તરીકે ગેરલાયક ઠેરવવાની ભલામણ કરી છે તેમ રાજભવનના સૂત્રોએ જણાવ્યું છે.ચૂંટણીલક્ષી નિયમોનો ભંગ કરવા બદલ ચૂંટણી પંચે હેમંત સોરેનને ધારાસભ્ય તરીકે ગેરલાયક ઠેરવવાની ભલામણ ઝારખંડના ગવર્નર રમેશ બૈસને કરી હોવાનું માનવામાં આવી રહ્યુ છે. જો કે રાજ ભવને સત્તાવાર રીતે આ વાતને સમર્થન આપ્યું નથી. અઆ દરમિયાન ઝારખંડના રાજ્યપાલ આજે બપોરે રાંચી પહોંચી ગયા હતાં. જ્યારે એરપોર્ટ પત્રકારોએ આ સંદર્ભમાં તેમને પૂછ્યુ તો તેમણે જણાવ્યું હતું કે હું હાલમાં આ અંગે કંઇ પણ કહી શકું તેવી સ્થિતિમાં નથી. રાજભવન પહોંચ્યા પછી સ્થિતિની સમીક્ષા કર્યા પછી હું આ અંગે કંઇ પણ નિવેદન આપી શકીશ.ે તેમણે જણાવ્યું હતું કે હું છેલ્લા બે દિવસથી એઇમ્સ, દિલ્હીમાં હતો. રાજભવન પહોંચ્યા પછી જ હું આ અંગે કંઇ પણ જણાવી શકીશ.

### મુદ્રામાંથી પકડાયેલા ડ્રગ્સના કેસમાં દિલ્હીના ઉદ્યોગપતિ સહિત 2ની ધરપકડ

નવી દિલ્હી : નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી-એનઆઈએના અધિકારીઓએ મુંદ્રા બંદરેથી પકડાયેલા ત્રણ હજાર કિલો ડ્રગ્સના કેસમાં દિલ્હીના ઉદ્યોગપતિ કબીર તલવાર અને તેના સાગરિત પ્રિન્સ શર્માની ધરપકડ કરી હતી. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીના કહેવા પ્રમાણે સુગંધિત પાવડરના નામે કબીર તલવાર ઉર્ફે હરપ્રીત સિંહ તલવાર અને તેના સાગરિત પ્રિન્સ શર્માએ ડ્રગ્સની ખેપ મુંદ્રા બંદરે મંગાવી હતી. અફઘાનિસ્તાનમાંથી આ ડ્રગ્સનો જથ્થો કચ્છના મુંદ્રા બંદરે આવ્યો હતો એ વખતે ત્રણ હજાર કિલોનો આ જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. સમ્રાટ હોટેલમાં પ્લે બોય બાર ચલાવતો આ ઉદ્યોગપતિ દિલ્હી-એનસીઆર ઉપરાંત દુબઈમાં પણ રેસ્ટોરન્ટ ચલાવે છે. એનઆઈએના અધિકારીઓએ કબીર તલવારને એનસીઆરમાંથી પકડી લીધો હતો.

### મુસ્લિમ સગીરા માતા-પિતાની મંજૂરી વિના લગ્ન કરી શકે : દિલ્હી હાઈકોર્ટ

**નવી દિલ્હી :** મુસ્લિમ કાયદા મુજબ યુવાવસ્થાએ પહોંચી ગયેલી છોકરી ૧૮ વર્ષની થઈ ન હોવા છતાં માતા-પિતાની મંજૂરી વિના લગ્ન કરી શકે છે તેમ દિલ્હી હાઈકોર્ટે મુસ્લિમ સગીરાની અરજી પર સુનાવણી કરતાં કહ્યું હતું. સગીરાએ પરિવારજનોથી સુરક્ષાની માગણી કરતાં દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી હતી અને કહ્યું કે, તેણે પોતાની મરજીથી લગ્ન કર્યા હતા. સગીરાની અરજી સ્વીકાર કરતાં જસ્ટિસ જસમીત સિંહની બેન્ચે માર્ચ ૨૦૨૨માં મુસ્લિમ રીતિ-રિવાજથી લગ્ન કરનાર મુસ્લિમ યુગલને સુરક્ષા પૂરી પાડી હતી. જસ્ટિસ જસમીત સિંહ જે કેસની સુનાવણી કરી રહ્યા છે તેમાં મુસ્લિમ યુગલે ૧૧મી માર્ચે સગીરાના માતા-પિતાની મંજૂરી વિના લગ્ન કર્યા હતા. આ કેસમાં છોકરાની વય ૨૫ વર્ષ છે જ્યારે સગીરાની વય તેના પરિવારજનોના જણાવ્યા મુજબ ૧૫ વર્ષ છે.

### મની લોન્ડરિંગમાં સત્યેન્દ્ર જૈનની ન્યાયિક કસ્ટડીમાં વધારો, પત્નીને જામીન આપ્યા

**નવી દિલ્હી :** મની લોન્ડરિંગ કેસમાં ફસાયેલા દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનને થોડી રાહત મળી છે. દિલ્હી હાઈકોર્ટે મંગળવારે સ્વસ્થ્ય મંત્રીની પત્ની પૂનમ જૈનને જામીન આપ્યા છે. અગાઉ 6 ઓગસ્ટના રોજ કોર્ટે આ કેસમાં પૂનમ જૈનને વચગાળાના જામીન આપ્યા હતા. હાલમાં સત્યેન્દ્ર જૈનની જામીન અરજી પર નિર્ણય લેવામાં આવ્યો નથી. સાથે જ કોર્ટે મની લોન્ડરિંગ કેસમાં આરોપી અજીત અને સુનીલને નિયમિત જામીન પણ મંજૂર કર્યા છે. બીજી તરફ, આરોપી વૈભવ અને અંકુશ જૈનની જામીન અરજી પર પણ 27 ઓગસ્ટે સુનાવણી થશે.

# વિષ્ણુપદ મંદિરમાં શુદ્ધિકરણ પૂજાનું આયોજન

## ગયાના મંદિરના ગર્ભગૃહમાં ગયા હતા જ્યારે મંદિરમાં હિન્દુ ના હોય એવા લોકોના

**ગયા**



બિહારના ગયા ખાતે વિષ્ણુપદ મંદિરના ગર્ભગૃહમાં મુસ્લિમ સમુદાયમાંથી આવતા બિહારના મંત્રી ઈસરાયેલ મન્સૂરીના પ્રવેશ બાદથી રાજકારણ ગરમાયું છે. ખાસ કરીને ગયાના આ મંદિરમાં શુદ્ધિકરણ પૂજા સાથે ક્ષમા યાચનાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં મંદિરના પ્રમુખ અને ગયા પાલ પંડા સમાજના લોકો સામેલ થયા હતા. આ પૂજા બાદ મંત્રીને બરતરફ કરવાની માગને લઈને ગયા પાલ પંડા સમાજ અડગ બની ગયો છે. હકીકતમાં ૨ દિવસ પહેલા બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર પિતૃપક્ષ મેળાની તૈયારીઓની સમીક્ષા કરવા ગયા પહોંચ્યા હતા જ્યાં તેમણે વિષ્ણુપદ મંદિરમાં પૂજા-પ્રાર્થના પણ કરી હતી. આ ક્રમમાં બિહારના ઈન્ફોર્મેશન એન્ડ ટેક્નોલોજી મંત્રી મોહમ્મદ ઈઝરાયેલ મન્સૂરૂ પણ મંદિરના ગર્ભગૃહમાં ગયા હતા જ્યારે મંદિરમાં હિન્દુ ના હોય એવા લોકોના પ્રવેશ પર પ્રતિબંધ છે. આ અંગે મંદિરના દરવાજા પર મોટા અક્ષરે સૂચના પણ લખવામાં આવી છે. આ ઘટના બાદ ગયા પાલ પંડા સમાજના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# દેશભરના ટોલ બૂથ બંધ કરવાની તૈયારી થઈ રહી છે : નીતિન ગડકરી

**નવી દિલ્હી**

દેશમાંથી પેટ્રોલ-ડીઝલનું વેચાણ જ બંધ કરવાની સંભાવના વ્યકત કરવા બાદ હવે કેન્દ્ર સરકાર દેશભરમાંથી ટોલ પ્લાઝા દૂર કરવાની તૈયારી કરી રહી હોવાનો દાવો નીતિન ગડકરીએ કર્યો છે. ભારત સરકાર નેશનલ હાઈવે પરના ટોલ પ્લાઝાને હટાવવાની યોજના બનાવી રહી છે. રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે ટોલ પ્લાઝા દૂર કરવાની આ યોજના પર કામ કરવામાં આવી રહ્યું છે. ગડકરીએ કહ્યું કે ટોલ બૂથની જગ્યાએ ઓટોમેટિક નંબર પ્લેટ રીડર કેમેરા કામ કરશે અને તેમાંથી જ વાહનોમાં લગાવેલી નંબર પ્લેટ વંચાશે અને વાહન માલિકોના લિંક્ડ બેંક એકાઉન્ટમાંથી ઓટોમેટિક જ ટોલ કપાશે.

# મસ્જિદોમાં સ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવા HCનો ઈનકાર

**હૈદરાબાદ**

કર્ણાટક હાઈ કોર્ટે સોમવારે મસ્જિદોમાં અજાન માટે લાઉડ સ્પીકરના ઉપયોગ પર રોક લગાવવાથી ઈનકાર કરી દીધો છે. હાઈ કોર્ટે કહ્યું કે, લાઉડ સ્પીકર પર અજાનથી અન્ય ધર્મોના લોકોના મૌલિક અધિકારનું ઉલ્લંઘન નથી થતું. કોર્ટે મસ્જિદોને અજાન પર રોકનો આદેશ આપવાનો ઈનકાર કરી દીધો છે. જો કે, કોર્ટે અધિકારીઓને લાઉડ સ્પીકરો સાથે સબંધિત ધ્વનિ પ્રદૂષણ નિયમ લાગુ કરવા અને અનુપાલન રિપોર્ટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે. ાર્યકારી ચીફ જસ્ટિસ જસ્ટિસ આલોક આરાધેની અધ્યક્ષતાવાળી ડિવિઝન બેન્ચે બેંગલુરુના રહેવાસી મંજુનાથ એસ. હલવરની જાહેર હિતની અરજી પર સુનાવણી કરી હતી. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે, અજાન આપવી મુસ્લિમોની એક આવશ્યક ધાર્મિક પ્રથા છે.

# બાઈડેનના વહિવટીતંત્રમાં અત્યાર સુધીના સૌથી વધુ 130 ભારતીયો ઉચ્ચ હોદ્દા પર

## રોનાલ્ડ રીગને ભારતીયોને અમેરિકન વહિવટીતંત્રમાં સ્થાન આપવાની શરુઆત કરી હતી

**વોશિંગ્ટન નવી દિલ્હી**

અમેરિકાના પ્રમુખ જો બાઈડેને ૧૩૦થી પણ વધારે ભારતીય-અમેરિકનોને તેમના વહીવટીતંત્રમાં ચાવીરુપ હોદ્દા પર ગોઠવ્યા છે. અમેરિકાની કુલ વસ્તીમાં માંડ એક ટકા હિસ્સાનું પ્રતિનિધિત્વ કરતાં લોકો માટે આ આંકડો ઘણો સારો કહી શકાય. આ અત્યાર સુધીમાં એક પ્રકારનો રેકોર્ડ જ છે. આમ તેમણે ટ્રમ્પે નીમેલા ૮૦ ભારતીયો અને બરાક ઓબામાએ નીમેલા ૬૦ ભારતીયોના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. આ ઉપરાંત ૪૦થી વધારે ભારતીય-અમેરિકન વિવિધ રાજ્ય અને સંઘીય સ્તરે ચૂંટાયા હતા.

તેમા ચાર ભારતીય અમેરિકન તો યુએસ હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવ્સમાં છે. અહીં તે ભૂલવું ન જોઈએ કે ૨૦થી વધુ ભારતીય અમેરિકન અમેરિકાની અગ્રણી કંપનીઓની



ધુરા સંભાળી રહ્યા છે. ભારતીય અમેરિકનની સૌપ્રથમ નિમણૂક રોનાલ્ડ રીગનના સમયમાં થઈ હતી. બાઈડેને તો લગભગ બધા વિભાગો અને તેમના વહીવટીતંત્રની બધી એજન્સીઓમાં ભારતીયોની નિમણૂક કરી છે.

# વડાપ્રધાન મોદી ટોક્યોમાં શિન્ઝો એબેની અંતિમક્રિયામાં હાજરી રહેશે

**ટોક્યો**

જાપાનના દિવંગત પૂર્વ વડાપ્રધાન શિન્ઝો એબેની આગામી મહિને યોજાનારી અંતિમ ક્રિયામાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહેવાના છે તેમ જાપાનના પ્રસાર માધ્યમોએ બુધવારે જણાવ્યું છે.

દરમિયાન સત્તાવાર રીતે જાણવા મળ્યું છે કે, જાપાનની સરકારે તા. ૨૭મી સપ્ટેમ્બરે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે એબેની અંતિમ ક્રિયા ટોક્યોના નેશનલ ગાર્ડન સ્થિત બુડાકોન એરિનામાં યોજવા નિર્ણય કર્યો છે.

આ માહિતી આપતા ક્યોડો ન્યુઝ એજન્સી જણાવે છે કે વડાપ્રધાન મોદી જાપાનના વડાપ્રધાન ફુમીઓ કીશીદા સાથે મંત્રણા પણ યોજનાર છે. ઉલ્લેખનીય છે કે ઈન્ડો-પેસિફિક વિસ્તારમાં જાપાન ભારતનું એક મહત્વનું સાથી છે બંને દેશો અમેરિકા અને ઓસ્ટ્રેલિયા સાથે યોજાયેલા 'ક્વોડ' સંગઠનના સભ્યો છે. એબેને જ્યારે વડાપ્રધાન પદે હતા ત્યારે પછીથી 'નિવૃત્ત' થયા ત્યારે પણ મોદી અને એબે મિત્રો બની રહ્યા હતા. મોદી ૨૦૧૮માં જાપાનની મુલાકાતે ગયા હતા ત્યારે એબેએ તેઓને તેમના યામાનશી પ્રીફેક્ચર સ્થિત પૈતૃક નિવાસસ્થાને આમંત્ર્યા હતા. તે બંને નેતાઓ વચ્ચેની ઘનિષ્ટતા દર્શાવે છે.

## બ્રામ્પટનમાં નવલ અને રાશી બજાજના ઘરે જન્માષ્ટમીની ઉત્સાહભેર ઉજવણી



ઓન્ટેરિયો - બ્રામ્પટનમાં રાશી અને નવલ બજાજના નિવાસ સ્થાને કૃષ્ણ જન્માષ્ટમી અને નંદ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. તેઓ દાયકા કરતાં પણ વધુ સમયથી બ્રામ્પટનમાં જ આ ઉજવણી કરી રહ્યા છે, અને કેનેડામાં 15 વર્ષથી પણ વધુ સમયથી દરેક જન્માષ્ટમીએ કાર્યક્રમનું આયોજન કરતા રહે છે. આ વર્ષે ભારતની આઝાદીના 75 વર્ષની ઉજવણી કરવા સાથે ભગવાન કૃષ્ણનો જન્મોત્સવ પણ મનાવાયો હતો. સમગ્ર ઇવેન્ટને આઝાદી કા અમૃત મહોત્સવના ભાગ રૂપે એકસાથે મૂકવામાં આવી હતી. સમગ્ર ડેકોરેશન ટ્રાય કલરથી કરવામાં આવ્યું હતું.

# ટોરોન્ટોમાં ઘર વસાવવામાં મોટું વિઘ્ન અનેક લોકોને ઓછા પગારની સમસ્યા

## સરવેમાં 31 ટકા લોકોએ સ્વીકાર્યું કે, ઘર ખરીદવા માટે વધુ કમાણીની જરૂર પડશે

**ટોરોન્ટો**

એક સર્વેક્ષણ મુજબ ટોરોન્ટોમાં રહેતા 4માંથી 3 હજાર લોકો કહે છે કે, તેમનાં માટે ઘર હોવું અગત્યનું છે, પરંતુ એક તૃતિયાંશ કરતા પણ ઓછા લોકો માને છે કે, તેઓનું ક્યારેય શહેરમાં પોતાનું ઘર હશે. રોયલ લેપેજ વતી પોલિંગ ફર્મ લેગર દ્વારા જૂનમાં હાથ ધરવામાં આવેલા સર્વેમાં કેનેડાના 2003 હજાર લોકો (26 થી 41 વર્ષની વયના રહેવાસીઓ તરીકે વ્યાખ્યાયિત)ને ઘરની માલિકી, ઘરની કિંમત અને અંતરિયાળ વિસ્તારોમાં તેનાં કામ અંગેના મંતવ્યો વિશે પૂછવામાં આવ્યું હતું. જે લોકોએ જવાબ આપ્યો તેમાંથી 403 ટોરોન્ટોમાં હતા.

ટોરોન્ટોમાં લગભગ 74 લોકોએ કહ્યું કે ઘર ખરીદવું તેમના માટે મહત્વપૂર્ણ છે, પરંતુ માત્ર 22 ટકા લોકોએ કહ્યું કે તેઓ વિચારે છે કે તેઓ ક્યારેક શહેરમાં મિલકત ખરીદશે. આશરે 37 ટકા ટોરોન્ટોનાં લોકોએ સર્વેમાં જણાવ્યું હતું કે તેઓ માને છે કે તેઓને ક્યારેક ઘરમાલિક બનવા માટે અહીંથી સ્થળાંતર કરવાની જરૂર પડશે. પરિણામો સૂચવે છે કે તે મંતવ્યો લોકોની સ્થિર આવક સાથે જોડાયેલા હોઈ શકે છે. રોયલ લેપેજના સીઈઓ ફિલ સોપરે જણાવ્યું હતું કે, "તમે સ્થાળાંતરણ કરીને સમસ્યાઓ હલ કરી શકો છો, આ તીવ્ર લાગણી રોગચાળાનો એક ભાગ છે."

સોપર કહે છે કે પાંચમાંથી ચાર લોકોએ સર્વેમાં જણાવ્યું હતું કે જો જીવનનિર્વાહના ખર્ચનો મુદ્દો ન હોય, તો તેઓ ટોરોન્ટોમાં રહેવાનું જ પસંદ કરશે.

# રશિયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધને કારણે 5000 ડોલ્ફિનોના પણ મોત નીપજ્યા

**કીવ**

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુધ્ધમાં હજારો સૈનિકો અત્યાર સુધીમાં માર્યા ગયા છે. જોકે આ યુધ્ધ માત્ર માણસ માટે જ નહીં પણ દરિયાની સૌથી બુધ્ધિશાળી જળચર ગણાતી ડોલ્ફિન માટે પણ ઘાતક સાબિત થઈ રહ્યુ છે. જૈવ વૈજ્ઞાનિક ઈવાન રુસેવનુ કહેવુ છે કે, આ યુધ્ધના કારણે 5000 ડોલ્ફિનના મોત થયા છે. રુસેવનુ કહેવુ છે કે, બ્લેક સીમાં તૈનાત જહાજો અ્ને સબમરિનો ડોલ્ફિનની મોતનુ કારણ બની રહ્યા છે. પાણીની અંદર મરનારી ડોલ્ફિન પૈકીની પાંચ ટકા ડોલ્ફિનના જ મૃતદેહ તણાઈને દરિયા કિનારે આવી રહ્યા છે.બાકીના મૃતદેહ દરિયામાં ડુબી રહ્યા છે. તેની ગણતરી શક્ય નથી. ખાલી અનુમાન લગાવી શકાય તેમ છે.

રુસેવના મતે જહાજો અને સબમરિનો પર સોનાર ફીટ



કકરાયેલા છે.જેમાંથી એક ફ્રિકવન્સી નિકળે છે.જો કોઈ વસ્તુ આ ફ્રિકવન્સી વચ્ચે આવે તો તે જહાજના કે સબમરિનના રડારમાં જોવા મળે છે. પાણીમાં રહેલા જળચરોનુ સ્વાસ્થ્ય ખાબ થઈ રહ્યુ છે.

# ફિલિપાઈન્સમાં આકાશી આફત 3 જણાં ઘાયલ, હજારોનું સ્થળાંતર

**મનિલા**

ઉત્તર ફિલિપાઈન્સમાં બુધવારે ઉષ્ણકટિબંધીય વાવાઝોડાને કારણે ઓછામાં ઓછા ત્રણ લોકો ઘાયલ થયા હતા અને હજારોને તેમના ઘર છોડવાની ફરજ પડી હતી. સરકારે તોફાનના કારણે રાજધાની અને અન્ય કેટલાક પ્રાંતોમાં પૂર અને ભૂસ્ખલનની આશંકાથી શાળાઓ અને સરકારી કચેરીઓ બંધ રાખવાની જાહેરાત કરી છે.

હવામાનશાસ્ત્રીઓના જણાવ્યા અનુસાર, ઉષ્ણકટિબંધીય વાવાઝોડું 'મા-ઓન' પર્વતીય ઉત્તરીય પ્રાંતોમાંથી



પસાર થયા બાદ થોડું નબળું પડ્યું હતું. જો કે, મંગળવારે સવારે ઈસાબેલા પ્રાંતના મેકોનકોન શહેરમાં પહોંચ્યા પછી, 95 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો, જે પાછળથી 115 કિમી પ્રતિ કલાકની ઝડપે પહોંચ્યો હતો.

# ઈઝરાયેલી જાસૂસી સ્પાયવેર પેગાસસના સીઈઓ સેલેવ હુલીઓએ રાજીનામું આપ્યું

**જેરુસલેમ**

ભારતના રાજકારણમાં ગત વર્ષે ભૂકંપ સર્જનાર એક ઈઝરાયેલી જાસૂસી સ્પાયવેર, પેગાસસ સ્પાયવેર મામલે હવે નવો વળાંક આવ્યો છે. વિપક્ષી નેતાઓએ સરકાર પર આ સ્પાયવેર થકી સંસ્થાઓ અને નેતાઓની જાસૂસી કરવાનો આરોપ લગાવ્યો હતો. આ સોફ્ટવેર બનાવનારી ઈઝરાયેલી કંપની એનએસોઓના સીઈઓ સેલેવ હુલવીઓએ રાજીનામુ ધરી દીધું છે. કંપનીએ કહ્યું કે, વડાનું રાજીનામું કોર્પોરેટ રીસ્ટ્રકચરિંગનો એક ભાગ છે. કંપનીના ફ્લેગશિપ પેગાસસ સ્પાય સોફ્ટવેરનો ઉપયોગ કરનારા ગ્રાહકો પર દુરુપયોગનો આરોપ છે. ગત વર્ષે અમેરિકાએ આ કંપની પર ઘણા નિયંત્રણો લાદ્યા હતા.

## અનંત બ્રહ્માંડના વધુ એક રહસ્યની ખોજ

# નાસાના હબલ સ્પેસ ટેલિસ્કોપે સૂર્ય કરતાં 200 ગણો મોટો તારો શોધી કાઢ્યો

**વોશિંગ્નટ**

અનંત અને અગોચર બ્રહ્માંડનું વધુ એક રહસ્ય જાણવા મળ્યું છે. આ રહસ્ય એટલે આપણા સૂર્ય કરતાં લગભગ ૨૦૦ ગણા વધુ વિરાટ અને અત્યંત ઝળહળતા તારાની શોધ. આ અતિ વિરાટ તારાની સંજ્ઞા છે - આર૧૩૬ એ૧ અમેરિકાની અંતરીક્ષ સંશોધન સંસ્થા નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)ના આધુનિક હબલ સ્પેસ ટેલિસ્કોપે તેની ૩૨ વરસની અંતરીક્ષ સંશોધનની કારકિર્દીમાં અત્યારસુધીમાં શોધાયેલો સૌથી વિરાટ અને સૌથી વધુ ઝળહળતો તારો આર૧૩૬ એ૧ શોધ્યો છે. નાસાનાં સૂત્રોએ એવી માહિતી આપી હતી કે આર૧૩ એ૧ સ્ટારનું દળ આપણા સૂર્યના દળ કરતાં ૨૦૦ ગણું વધુ છે. આ તારો અતિ ગરમ છે કારણ કે તેનું તાપમાન ૪૬,૦૦૦ કેલ્વિન(તારાનું તાપમાન માપવા માટે કેલ્વિન શબ્દનો ઉપયોગ થાય છે) છે. આપણા સૂર્યનું તાપમાન ૬,૦૦૦ કેલ્વિન છે.

# ગુજરાતી સિનિયર્સ સમાજ ઓફ મીસીસાગા દ્વારા સપ્ટેમ્બરમાં સેકન્ડ walkathon યોજાશે

**ઓન્ટેરિયો** : ગુજરાતી સિનિયર્સ સમાજ ઓફ મીસીસાગા- જીએસએસએમ-ગુજરાતી સિનિયર સમાજ દ્વારા walkathon સપ્ટેમ્બર ૧૧મી તારીખ 2022ના રોજ યોજાનાર છે. જીએસએસએમ ગુજરાતી સિનિયર સમાજ આ ફંડ ત્રિલિયમ હેલ્થ પાર્ટનરની ત્રણ હોસ્પિટલ "ક્રેડિટવેલી, મીસીસાગા હોસ્પિટલ અને કવિનસવે હેલ્થ સેન્ટર હોસ્પિટલને આપશે. આ દિવસે તમારા નામનું રજીસ્ટ્રેશન કરાશે તથા ડોનેશન પણ લેવામાં આવશે. ઓછામાં ઓછું ૫૦ ડોલર સ્વીકારવામાં આવશે. આ અંગે વધુ માહિતી માટે કનુભાઈ પટેલ, કલાબેન પટેલ-647 402 6150, દિલીપભાઈ પટેલ- 647 990 3178, સોશિયલ મીડિયાના ધ્રુવભાઈ શાહ (519 760 3938)નો સંપર્ક કરવો.


Scan to Book Tickets
www.montrealgujarati.com
Also Available on:
EVENTBRITE
Special Price for Gujarati Samaj of Montreal Members
CLUB CERAMIC & WFG WORLD FINANCIAL GROUP
"5584 Chem. de la Côte-de-Liesse"
Gujarati Samaj of MONTREAL
Presents
GUJARATI SAMAJ OF MONTREAL'S
Garba & DJ Night
with
Parthiv GOHIL
Santvani TRIVEDI
10 SEPT 2022
7:00 PM
FREE PARKING
BUS TRANSPORT AVAILABLE
Lucky Draw Gifts Worth of
$3000
Buy COMBO & SAVE MORE
Kids under 3 year free
Date | Garba | Regular
10th SEPT | One | 30$
10th SEPT & 1st OCT | Combo | 45$
PERKS
• Two way Bus Transportation from Metro Station
• Famous Street Food
• Free Parking • Kids Play Area
• Exclusive deals from our Sponsors
Our Sponsors
ROOT ON
make my MEALS by Foodine
Thanjai Snacks
BOMBAY CHAAT & PAAN
Mortgage Broker
DOMINION LENDING CENTRES
Vikram | 514-312-6400
AFFRANCHI
FOODINE
SPICY GRILLE
WALO
Marché Patel
www.marchepatel.com
MARCHÉ OM INDIA
TD Canada Trust
BALWI INC
BINDU PATEL
Tandoori Grille
CHAMPS
Maple Henna Art
SHAH TRADING COMPANY
NP Motors
LAVAL DECOR
SKY LAWN
CHETTINAD
TICKETS AVAILABLE AT OUTLETS FROM AUG 25TH
West Island
Marche Om India: (514) 426-1100
ShreeJi Restaurant: (514) 675-9811
Downtown
Dhruv Patel: (438) 979-3123
Vatsal: (438) 925-7210
Bhandari Cuisine Indienne: (514) 903-9600
Lakshana's Chettinad : (514) 750-0707
Cote-des-neiges
Ashit Patel: (438) 979-1729
Marche Lavaniya: (514) 344-3566
Lakshana's Chettinand: (514) 738-3959
Foodine: (514) 913-3481
South-shore
Tirth Patel: (438) 995-8350
Marche Samar: (450) 672-4440
Saint-hustache
Sagar Sukla: (514) 557-2935
Vaudreuil-Dorion
Bhanderi: (450) 218-9601
Ville-saint-laurent
Bombay Chaat: (514) 917-9000
Club Ceramic: (514) 260-2242
Dhaval Mehta: (514) 792-4599
Laval
Marche Chauhan Bros: (450) 689-6891
Lasalle
Marche Chauhan Bros: (514) 363-5507
ParcX
Epicerie Rama-kishan: (514) 495-4066
Lakshana's Chettinad: (514) 495-8229
Marche Patel - (514)-573 2632
Venue: Tennis 13 Fitness, 1013, Autoroute 13, LAVAL, QC H7W 4V3
PARTH: +1 (438) 875-7211 | VISHAL: +1 (514) 234-3481 | JANAK: +1 (514) 813-3850 | RAHUL: +1 (438) 402-3891

# એશિયા કપ: રવિવારે ભારત-પાકિસ્તાન વચ્ચે મહાજંગ

## 27 ઓગસ્ટે શ્રીલંકા અને અફઘાનિસ્તાન વચ્ચેની મેચ સાથે એશિયા કપનો પ્રારંભ

## ઈરફાન પઠાણ સાથે મુંબઈ એરપોર્ટ પર ગેરવર્તણૂક

**મુંબઈ**



ટીમ ઈન્ડિયાના પૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાણ અને તેના પરિવારે બુધવારના રોજ મુંબઈ એરપોર્ટ ખાતે ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. એશિયા કપ 2022 માટે ક્રિકેટ કોમેન્ટ્રી પેનલમાં સામેલ ઈરફાન પઠાણે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા પોતાની આપવીતી વર્ણવી હતી. ઈરફાન પઠાણ પોતાના પરિવાર સાથે મુંબઈથી દુબઈ માટે રવાના થઈ રહ્યા હતા. તે સમયે એરપોર્ટ પર વિસ્તારાના ચેક-ઈન કાઉન્ટર પર તેમણે પત્ની અને બાળકો સાથે આશરે 1.5 કલાક સુધી ઉભા રહેવું પડ્યું હતું. ઈરફાનની ફરિયાદ બાદ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ લખ્યું હતું કે, તમારા સાથે આ પ્રકારે વ્યવહાર કરવામાં આવ્યો તે જાણીને ખૂબ જ દુઃખ થયું. આ સાથે જ કેન્દ્રીય મંત્રીએ વિસ્તારા એરલાઈન્સને આ અંગે જવાબ આપવા માટે કહ્યું છે.

**દુબઈ**

એશિયા કપ 2022નો 27 ઓગસ્ટથી પ્રારંભ થઈ રહ્યો છે. પ્રથમ મેચ શ્રીલંકા એ અફઘાનિસ્તાન વચ્ચે દુબઈ ખાતે રમાશે. એશિયા કપ ૨૦૨૨માં ભારત અને પાકિસ્તાનની ટીમ ૨૮ ઓગસ્ટે આમને સામને થશે. દરેક લોકો આ મેચની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. બંને ટીમો UAE પણ પહોંચી ગઈ છે. ભારત અને પાકિસ્તાનના ખેલાડીઓએ પણ પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે, જેનો વીડિયો BCCI એ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. જ્યાં બંને ટીમના ખેલાડીઓ એકબીજાને મળતા જોવા મળ્યા હતા.

ભારત-પાકિસ્તાન મેચમાં તમામની નજર પાકિસ્તાની કેપ્ટન બાબર આઝમ અને પૂર્વ ભારતીય કેપ્ટન વિરાટ કોહલી પર ટકેલી છે. ઘણીવાર બંને ખેલાડીઓની સરખામણી કરવામાં આવે છે. જ્યાં કોહલી અત્યારે ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. બીજી તરફબાબર અત્યારે શાનદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. બંને ટીમોએ મેદાન પર જોરદાર પ્રેક્ટિસ કરી હતી. કોહલી અને બાબર પ્રેક્ટિસ સેશનમાં મળ્યા હતા. ભારતીય સ્ટારને જોઈને પાકિસ્તાની કેપ્ટન પોતાની જાતને રોકી ન શકયો અને તેને ઉષ્માભર્યો મળ્યો.



## કોહલી ૧૦૦મી ટી૨૦ ઇન્ટરનેશનલ મેચ પૂરી કરશે

દુબઇ : વિરાટ કોહલી ૨૦૧૯ની નવેમ્બરથી ઇન્ટરનેશનલ ક્રિકેટમાં ભલે સદી ફટકારી શક્યો ના હોય પરંતુ ૨૮મી ઓગસ્ટે એશિયા કપમાં પાકિસ્તાન સામે રમાનારી મેચમાં તમામની નજર તેની ઉપર રહેશે. પાકિસ્તાન સામેની મેચ કોહલીની કારકિર્દીની ૧૦૦મી ટી૨૦ ઇન્ટરનેશનલ મેચ રહેશે. ટી૨૦ ફોર્મેટમાં પાકિસ્તાન સામે તેનો દેખાવ શાનદાર રહ્યો છે. તેણે પાકિસ્તાન સામે ઓવરઓલ સાત મેચમાં ૭૭.૭૫ની એવરેજથી ૩૧૧ રન બનાવ્યા છે અને તે ત્રણ વખત મેન ઓફ ધ મેચ બન્યો હતો. એશિયા કપમાં તે પાકિસ્તાન સામે ઓવરઓલ ચાર મેચ રમ્યો છે.

## હોંગકોંગ એશિયા કપના મુખ્ય ડ્રોમાં

દુબઇઃ એશિયા કપ ૨૦૨૨નો ક્વોલિફિકેશન રાઉન્ડ પૂરો થઇ ચૂક્યો છે અને હોંગકોંગની ટીમે અંતિમ મુકાબલામાં યુએઇને હરાવીને મુખ્ય ડ્રોમાં સ્થાન મેળવીને તમામને ચકિત કર્યા હતા. ક્વોલિફિકેશન રાઉન્ડમાં તમામ મેચ જીતનાર હોંગકોંગ ગ્રૂપ-એમાં ભારત અને પાકિસ્તાન સાથે છે. આ ટીમને વિશ્વની બંને દિગ્ગજ ટીમો સામે એક-એક મુકાબલો રમવાની તક મળશે. હોંગકોંગની ટીમે યુએઇ સામેની મેચેન આસાનીથી જીતી લીધી હતી અને તેણે ત્રણ મેચમાં છ પોઇન્ટ હાંસલ કર્યા હતા. હોંગકોંગ ૩૧મી ઓગસ્ટે ભારત સામે અને બીજી સપ્ટેમ્બરે પાકિસ્તાન સામે ટકરાશે.

## હેડ કોચ રાહુલ દ્રવિડ કોરોના પોઝિટિવઃ લક્ષ્મણ ભારતીય ટીમ સાથે કોચ તરીકે જોડાયા

નવી દિલ્હીઃ યુએઇ ખાતે ૨૭મી ઓગસ્ટથી રમાનારા એશિયા કપ ટી૨૦ પહેલાં ભારતને મોટો ફટકો પડયો છે. ટીમનો હેડ કોચ રાહુલ દ્રવિડ કોરોનાનો શિકાર બન્યો છે. બીસીસીઆઇના સેક્રેટરી જય શાહે આ બાબતને સમર્થન આપીને જણાવ્યું હતું કે દ્રવિડનો રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ તે ટીમ સાથે જોડાઇ શકશે. રોહિત શર્માના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમ સાથે વીવીએસ લક્ષ્મણ કોચ તરીકે જોડાયો છે. તાજેતરમાં ઝિમ્બાબ્વે સામે રમાયેલી ત્રણ વન-ડે મેચની શ્રેણી પૂરી કર્યા બાદ લક્ષ્મણ હરારેથી દુબઇ પહોંચ્યો હતો. ઝિમ્બાબ્વે સામેની શ્રેણીમાં રમાનારા તથા એશિયા કપ માટેની ટીમમાં પસંદ નહીં થયેલા બાકીના ખેલાડીઓ ભારત પરત ફર્યા છે. જોકે ૨૭મી ઓગસ્ટથી રમાનારા એશિયા કપ માટે લક્ષ્મણની કોચ તરીકે વરણી કરવામાં આવી છે તેવી બીસીસીઆઇ તરફથી કોઈ સત્તાવાર જાહેરાત કરાઈ હતી.

# ICC વન ડે રેન્કિંગઃ ભારત ત્રીજા સ્થાને યથાવત્ : ન્યુઝીલેન્ડે ટોચનો ક્રમ જાળવ્યો



**દુબઈ**

ઝિમ્બાબ્વે સામેની વન ડે શ્રેણીમાં ૩-૦થી ક્લિન સ્વીપ કરનારી ભારતીય ટીમ આઈસીસી વન ડે રેન્કિંગમાં ત્રીજા સ્થાને યથાવત્ છે. ભારતના કુલ ૧૧૧ પોઈન્ટ થઈ ગયા છે. હવે તે બીજા સ્થાને રહેલા ઈંગ્લેન્ડ કરતાં ૮ પોઈન્ટ પાછળ છે. ટોચનું સ્થાન ન્યુઝીલેન્ડે વધુ મજબુત કરતાં ૧૨૪ પોઈન્ટ્સ મેળવી લીધા હતા. પાકિસ્તાને પણ નેધરલેન્ડ સામેની શ્રેણી ક્લિન સ્વિપ કરી હતી. જેના કારણે તેઓ ચોથા સ્થાને છે. તેઓના રેટિંગ પોઈન્ટ્સ ૧૦૭ જ છે. ત્યારબાદ ૧૦૧ રેટિંગ પોઈન્ટ્સ સાથે ઓસ્ટ્રેલિયાને સ્થાન મળ્યું છે.ભારત હવે ૬ ઓક્ટોબરે સાઉથ આફ્રિકા સામે ઘરઆંગણે વન ડે શ્રેણી રમશે. ત્યારે તેને રેન્કિંગમાં બીજું સ્થાન મેળવવાની તક રહેશે. જ્યારે પાકિસ્તાનની ટીમ ટી-૨૦ વર્લ્ડ કપ બાદ ઓસ્ટ્રેલિયા સામે વન ડે શ્રેણી રમશે. ન્યુઝીલેન્ડને રેન્કિંગમાં ટોચનું સ્થાન વધુ મજબુત કરવાની તક આવતા મહિને મળશે. જ્યારે તેઓ અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે વન ડે શ્રેણી રમાશે. જો ન્યુઝીલેન્ડની ટીમ ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણી ગુમાવશે તો તેઓને ટોચનું સ્થાન પણ ગુમાવવું પડશે. આવી સ્થિતિમાં ઈંગ્લેન્ડ નંબર વન બની જશે.

## વર્લ્ડ ચેમ્પિયનશિપ : લક્ષ્ય સેન અને સાઈનાનું અભિયાન સમાપ્ત

**નવીદિલ્હી**


બર્મિંગહામ ખાતે તાજેતરમાં યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨ના વર્તમાન ચેમ્પિયન લક્ષ્ય સેનને વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપની મેન્સ સિંગલ્સની પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં ભારતના અનુભવી ખેલાડી એચએસ પ્રણોય સામે પરાજય થયો હતો. બીજી તરફ લંડન ઓલિમ્પિક્સની બ્રોન્ઝ મેડાલિસ્ટ હૈદરાબાદની સાઈના નેહવાલના અભિયાનનો અંત આવી ગયો હતો. ધ્રુવ કપિલા અને એમઆર અર્જુનની જોડીએ મેન્સ ડબલ્સની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. બીજા રાઉન્ડમાં વિશ્વના બીજા ક્રમાંકિત કેન્ટો મોમોટોને હરાવીને મેજર અપસેટ સર્જ્યા બાદ આત્મવિશ્વાસથી ભરપૂર પ્રણોયે લગભગ સવા કલાક સુધી રમાયેલી મેચમાં લક્ષ્ય સેનને ૧૭-૨૧, ૨૧-૧૬, ૨૧-૧૭થી હરાવ્યો હતો. બંને વચ્ચે હવે આમનેસામને રમવાનો રેકોર્ડ ૨-૨નો થયો છે.

ઓલિમ્પિક મેડાલિસ્ટ સાઈના વિમેન્સ સિંગલ્સની પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં ભારે સંઘર્ષ કર્યા બાદ થાઈલેન્ડની બુસાનન ઓંગબામુંગફાન સામે ૧૭-૨૧, ૨૧-૧૬, ૧૩-૨૧થી હારી ગઈ હતી. આ વિજય સાથે બુસાનનનો સાઈના સામેનો રેકોર્ડ હવે ૫-૩નો થયો છે.

## ભારત હવે ચીનને ક્રિકેટ મેચ રમતા શીખવાડશે

**નવી દિલ્હી**

ભારત અને ચીનની વચ્ચે સરહદ અને આર્થિક મોર્ચે તણાવ રહેતો હોય છે. આ દરમિયાન હવે ક્રિકેટના મેદાન પર બંને દેશ સાથે આવવાની તૈયારીમાં છે. ભારત હવે ચીનને ક્રિકેટ રમવાનુ શીખવાડશે અને આ માટે બંને દેશ સહમત પણ થઈ ગયા છે. ચીનના કાઉન્સિલ જનરલ દ્વારા બંગાળ ક્રિકેટ એસોસિએશનને એક પ્રસ્તાવ આપવામાં આવ્યો છે, જેમાં ચીનમાં ક્રિકેટને પ્રોત્સાહન આપવા માટે મદદ માગવામાં આવી છે. ચીનના ત્રણ અધિકારીઓએ બંગાળ ક્રિકેટ એસોસિએશનના અધ્યક્ષ અભિષેક ડાલમિયા સાથે મુલાકાત કરી.



## જોકોવિચને જિદ્દ ભારે પડી, US ઓપનમાંથી પણ બહાર

સર્બિયાઃ વિશ્વના સૌથી સફળ ટેનિસ સ્ટારમાંના એક સર્બિયાના નોવાક જોકોવિચને વધુ એક વેક્સિન નહીં લેવાની જિદ ભારે પડી છે. કોરોના વાઈરસની વેક્સિનનો સૌથી મોટો વિરોધ કરનાર જોકોવિચને વધુ એક વખત વેક્સિન નહીં લેવાના કારણે વર્ષના છેલ્લા ગ્રાન્ડસ્લેમ યુએસ ઓપનને ગુમાવવો પડશે. ચાલુ વર્ષની શરૂઆતમાં પણ ભારે વિવાદની વચ્ચે જોકોવિચને ઓસ્ટ્રેલિયન ઓપનમાં ભાગ લેવા દીધો નહોતો અને કાનૂની લડત બાદ તેને ઓસ્ટ્રેલિયામાંથી ડિપોર્ટ કરવામાં આવ્યો હતો. ન્યૂયોર્ક ખાતે ૨૯મી ઓગસ્ટથી વર્ષના છેલ્લા ગ્રાન્ડસ્લેમની શરૂઆત થશે. ગુરુવારે ૨૫મી ઓગસ્ટે મુખ્ય ડ્રોની જાહેરાત થવાની હતી પરંતુ તે પહેલાં જોકોવિચે પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું. તેણે સોશિયલ મીડિયામાં આ જાહેરાત કરીને તેના સમર્થકોનો આભાર પણ માન્યો હતો. ૩૫ વર્ષીય સર્બિયન પ્લેયરે આશા વ્યક્ત કરી હતી કે તે જલદીથી ટેનિસ કોર્ટ ઉપર પરત ફરશે. જોકોવિચનું યુએસ ઓપનમાં રમવું અનિશ્ચિત બન્યું છે તે લાંબા સમય પહેલા નક્કી થઈ ગયું હતું.

## US ઓપન પડતો મૂકીને સાનિયાએ નિવૃત્તિનો પ્લાન બદલ્યો

ભારતની સ્ટાર ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝાએ ઘટસ્ફોટ કર્યો હતો કે ખભા



અને કોણીની ઈજાના કારણે તે ચાલુ વર્ષે રમાનારા છેલ્લા ગ્રાન્ડસ્લેમ યુએસ ઓપનમાંથી ખસી ગઈ છે. સાનિયાએ જણાવ્યું હતું કે આ મારા માટે નિરાશાજનક બાબત છે. બે સપ્તાહ પહેલાં કેનેડામાં રમતી વખતે મને કોણીમાં ઈજા થઈ હતી અને તે કેટલી ગંભીર હતી તેનો મને કોઈ ખ્યાલ નહોતો. ઈજાનું સ્કેનિંગ કરાવ્યા બાદ મને ખબર પડી હતી. હું કેટલાક સપ્તાહ ટેનિસથી દૂર રહીશ અને યુએસ ઓપનમાંથી ખસી ગઈ છું. આ મારા માટે ખરાબ સમય છે જેના કારણે મેં નિવૃત્તિના પ્લાનિંગમાં ફેરફાર કર્યો છે.

# ટોરોન્ટોમાં ઈન્ડિયા ડે : ગુજરાતના ફ્લોટને એવોર્ડ





**ટોરન્ટો**

ટોરન્ટો કેનેડા ખાતે 21 ઓગસ્ટ 2022ના રોજ નટરાજ યુથ કલ્ચરલ ઓર્ગેનાઈજેશન (NYCO)એ ઈન્ડિયા ડે પરેડમાં ગુજરાત ફ્લોટ રજૂ કર્યો હતો અને ગુજરાતના ફ્લોટને The Best Propse & Decor કેટેગરીનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

આઝાદીના અમૃત મહોત્સવ અને ભારતના સ્વતંત્રતા દિવસની ઉજવણી નાથન ફિલિપ્સ સ્કેવર ટોરન્ટોના હૃદય સમા ડાઉનટાઉનમાં કરવામાં આવી હતી. આ વર્ષે પણ ભારતના 28 રાજ્યના વૈવિધ્યતાથી ભરેલા ભાષા, પહેરવેશ, ભોજન, જીવન શૈલીને દરેક રાજ્યના ઓર્ગેનાઈજેશનોએ ફ્લોટ રજૂ કર્યા હતા. ભારત દેશ વિવિધતામાં એકતા દર્શાવતો લોકશાહી દેશ છે. મુખ્ય સ્ટેજ પર ભારતના વિવિધ રાજ્યના સંગીત, નૃત્યુ પ્રસ્તુત થયા હતા. બોલીવુડ સેલિબ્રિટી રાહુલ દેવ અને મુગ્ધા ગોડસેએ હાજરી આપી હતી અને પનોરમાના ફ્લોટમાં પરેડમાં હાજર રહ્યા હતા. જેમાં નટરાજ યુથ કલ્ચરલ ઓર્ગેનાઈજેશને ગુજરાતનો ફ્લોટ રજૂ કર્યો હતો. જે આઝાદીના અમૃત મહોત્સવની થીમ હતી. ગુજરાતના ફ્લોટમાં પ્રથમ ભાગમાં સરદાર પટેલ (Statue of Unity) દુનિયાની સૌથી ઊંચી પ્રતિમાની રેપ્લીકા પ્રેઝન્ટ કરાઈ હતી. જેની પાસે સરદાર સરોવર દર્શાવ્યું હતું અને ગુજરાતનો નકશો મૂક્યો હતો. બીજા ભાગમાં ગાંધી આશ્રમ બનાવાયું હતું. જેમાં ગાંધી બાપુ તરીકે 87 વર્ષના રમણિકભાઈ રાંચે ભાગ લીધો હતો. બાજુમાં પ્રફુલભાઈ ભાવસાર ચરખો કાંતતા બેઠા હતા. સરસ મઝાની ઝુંપડીની આજુબાજુ કૂવો, ચબૂતરો, જ્વારાના છોડથી સુંદર ડેકોરેશન કરવામાં આવ્યું હતું.

ત્રીજા ભાગમાં મહર્ષિ ભાવસાર અને ગ્રુપે રાસ ગરબાની રમઝટ જમાવી બધાને મઝા કરાવી હતી. લાકડાના સ્ત્રી-પુરુષો વાજિંત્રો વગાડતા હોય તેવી સુંદર પ્રતિમા મૂકી હતી. "જય જગદીશ હરે..."ની આરતી સાથે પરેડની શરૂઆત કરી હતી. ક્રિષ્માભાઈની મ્યુઝીક સીસ્ટમ, હરકાન્તભાઈ ગરબાની સિકવન્સના તાલે ડાઉનટાઉનમાં સૌ ગરબાના તાલે ઝુમવા લાગ્યા હતા. આ ગુજરાતના ફ્લોટને બનાવવા વોલન્ટિયર્સ, કોમ્યુનીટી સપોર્ટસનો ખૂબ જ સાથ સહકાર મળ્યો હતો.

## પરેડ સાથે ભારતના 28 રાજ્યની જીવન શૈલીનો ચિતાર આપતી કૃતિઓ રજૂ થઇ

**કોમ્યુનીટી સપોર્ટ :-** શર્મિલાબેન દવે (રોયલ લેપેજ), સંકલ્પ રેસ્ટોરન્ટ (હાર્ટ સ્ટોન ઈન.) હરકાન્ત પટેલ (હેરી ઈન્સ્યોરન્સ, બેલ કેનેડા), હિમેશ પટેલ અને મુકુન્દ પંચાલ (NU Vision Metal Inc.) મિહિર ભટ્ટ (કોન્ટીનેન્ટલ મોટર્સ), હસમુખ મુખી (સબરસ રેસ્ટોરન્ટ), પારિતોષ પટેલ (ક્વીક ટ્રાવેલ), પ્રશાંત પટેલ (હોમ લાઈફ, મોરગેજ, એકાઉન્ટીંગ), વિનોદ સોની અને શૈલેષ પટેલ (S Andrews Inn & Suit), શિરિષ પટેલ (Baby Side Motel), નમસ્તે ઈન્ડિયન સુપર માર્કેટ, રાજેશ બ્રહ્મભટ્ટ (મિરાજ ઈનિગ્રેશન), રીના અને વિજય પટેલ (રાઈઝીંગ ઈમિગ્રેશન), વિશાલ ઠક્કર (મુંબઈ એક્સપ્રેસ), ચીમન મિસ્ત્રી અને આનંદ મિસ્ત્રી (મોરનેલ ડ્રગ માર્ટ), કૃણાલ ભાવસાર (મેહર ફુડ), સેજલ શાહ (ડિઝાઈન પ્લસ)

**કોમ્યુનીટી ઓર્ગેનાઈજેશન :-** ભજન સંધ્યા કલ્ચરલ ગ્રુપ, અર્પણ ફાઉન્ડેશન, ડાઈવર સીટી કલ્ચરલ ઓર્ગેનાઈજેશન, ઈન્ડિયન ફેમિલી એસોસિએશન ઓફ કેનેડા, ફ્રેન્ડસ ઓફ ઈન્ડો કેનેડિયન સોસાયટી, રીદ્ધિ સિદ્ધિ એન્ટરટેઈનમેન્ટ, BAPS સ્વામિનારાયણ મંદિર, રાધા કૃષ્ણ મંદિર.

**વોલન્ટીયર્સ :** કેતન અને બિંદુ પુરોહિત, હરકાન્ત પટેલ, સંદિપ વોરા, જીગીષાબેન પટેલ, હેમાબેન દવે, અલ્કા પટેલ, મીના પટેલ, પ્રિયાંશ શાહ, મુદિતા શુક્લા.

**મીડિયા સપોર્ટ :-** ગુજરાત ન્યુઝ લાઈન (લલિત સોની), ગુજરાત એબ્રોડ (શિલ્પેશ પરીખ), સ્વદેશ (નિલેશ ટેલર), ગુજરાત એક્સપ્રેસ (અમિત ભટ્ટ), ગુજરાત વિકલી (લલિત ઠાકર), રેડિયો મુસ્કાન (નીલમ પંડિત પૌત્રા), નિસર્ગ મીડિયા (નિસર્ગ લાખમની), આઈટી સોલ્યુસરન (ધ્રુવ ભાવસાર), હેતવસ ડિઝીટલ આર્ટ અને ફોટોગ્રાફી (હેતલ ભાવસાર), મુક્તા એડવર્ટાઈઝીગ (તુષાર ઉનડકટ), ગુજરાત ટુરિઝમ.

**NYCO ટીમ :** ચિંતન ભાવસાર, (ફાઉન્ડર અને પ્રેસીડેન્ટ), કેતન ગાંધી (વાઈસ પ્રેસીડેન્ટ), પ્રફુલભાઈ ભાવસાર (ડાયરેક્ટર), મહર્ષિ ભાવસાર (યુથ કોઓર્ડિનેટર), તુષાર ઉનડકટ (એડવાઈઝરી BOP) ચિંતન ભાવસાર, NYCO ફાઉન્ડર અને પ્રેસીડેન્ટ "કોમ્યુનીટી સપોર્ટર, કોમ્યુનીટી ઓર્ગેનાઈજેશન, વોલન્ટિયર્સ, મીડિયા સપોટ્ર્સ, ઓડિયન્સ, ગુજરાત ટુરીઝમ, NYCO Team આપ સૌનું હૃદયપૂર્વક આભાર માને છે. આપ સૌના સાથ સહકારથી ગુજરાત ફ્લોટનું સુંદર આયોજન થઈ શક્યું."

**વધારે ઇન્ફરમેશન માટે :** ચિંતન ભાવસાર, NYCO ફાઉન્ડર અને પ્રેસીડેન્ટ, www.nyco@canada.com, admin@nycocanada.com

---

।। સ્વામી શ્રીજી ।।

પ. પૂ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી લેખમાળા

# જગતને મહેકાવતી મૂલ્યવાન મહાપુરુષોની સૌરભ

પુષ્પ જ્યારે સોળે કળાએ ખીલી ઉઠે ત્યારે પતંગિયા અને ભમરાઓને આમંત્રણ આપવા જવું નથી પડતું. પુષ્પની સૌરભમાં જ એવો જાદુ છે કે, તે પતંગિયાઓને ખેંચાવા મજબૂર કરી દે છે.

પુષ્પની જેમ જ મહાપુરુષોનું જીવન પણ સદ્ગુણરૂપી સૌરભથી મઘમઘતું હોય છે, આથી જ તેઓનું સાંનિધ્ય સેવનાર સૌ કોઈ સુવાસ અને આહલાદકતાથી તરબતર થઈ જાય છે.

પુષ્પની બીજી એક વિશેષતા છે- સુંઘનાર હોય કે રગદોળનાર, પુષ્પ તો બંનેને સુવાસિત કરી દે છે. તેવી જ રીતે મહાનપુરુષો પણ પોતાના પર ઉપકાર કરનાર કે અપકાર કરનાર બંનેનો બદલો ઉપકારથી જ વાળે છે.


આવા જ એક મહાનપુરુષ હતા સાઉથઆફ્રિકાના રાષ્ટ્રપતિ નેલ્સન મંડેલા. તેમને વગર વાંકે પોતાના જીવનના શ્રેષ્ઠ 27 વર્ષ જેલમાં વીતાવવા પડ્યા. ધોમધખતા તાપમાં ચૂનાના પથ્થરોની ખાણો વચ્ચે મજૂરી કરવી પડી. ઝેરી હવાથી ક્ષયની બીમારી ભોગવી, ભયંકર અપમાનો અને અન્યાયો સહન કરવાના થયા. તેમ છતાં જેલમાંથી બહાર નીકળ્યા પછી, જ્યારે દેશની સર્વશ્રેષ્ઠ સત્તા તેમના હાથમાં આવી, ત્યારે પણ તેમણે પોતાને જેલમાં પૂરનાર કે અપમાન કરનાર વ્યક્તિઓનો બદલો ન લીધો. ઉલટાનું તેમને માફી આપી અને પ્રમાણિકપણે દેશની સેવા કરવાની તક આપી.

તેમને જ્યારે પૂછવામાં આવ્યું કે, તમે એ અત્યાચારીઓને માફ કેમ કર્યા ? ત્યારે તેમણે જણાવ્યું કે, હું જયારે જેલમાંથી બહાર નીકળ્યો હતો ત્યારે મે વિચાર્યું કે, જો હું કડવાશ અને દ્વેષને પાછળ ન છોડું તો હું જેલમાં જ રહીશ.

અહીં સૌરભ અનુભવાય છે ક્ષમાભાવનાની. તેમની આ સદ્ગુણરૂપી સુવાસને લીધે આજે કરોડો લોકો તેમને અનોખા પ્રેમ અને આદરથી જુએ છે.

જેમ પુષ્પની સૌરભ બધાને આનંદ આપે છે, તેમ મહાનપુરુષો પણ પોતાના યોગમાં આવનારને આનંદ અર્પે છે. એવા એક મહાન પુરુષ એટલે ડો. એ.પી.જે અબ્દુલ કલામ.

જૂન 2015માં તેઓ પોતાના અંતિમ પુસ્તક ટ્રાનેસન્ડન્સનું ઉદ્ઘાટન કરાવવા પ્રમુખસ્વામી મહારાજ પાસે ગયેલા. ઉદ્દઘાટન-સભા બાદ તેઓ જયારે સ્ટેજથી નીચે ઉતર્યા ત્યારે જનમેદનીને ચીરીને ગામડાનો એક નાનકડો બાળક તેમની પાસે પહોંચી ગયો. પોતાના ખીસ્સામાં હાથ નાખી એક ડૂચો વાળેલો કાગળ કાઢ્યો અને કલામ સાહેબ પાસે ઑટોગ્રાફ માંગ્યો.



કલામ સાહેબે પ્રેમથી તે કાગળ હાથમાં લીધો. તેની કરચલીઓ ખોલીને સીધો કર્યો. પછી કોઈની પાસેથી પેન માંગી તેમાં સહી કરી અને તે બાળકને પ્રેમથી કાગળ પાછો આપ્યો. પેલો બાળક તો રાજી રાજી થઈ ગયો અને તે કાગળ લઈને ફરી ડૂચોવાળી પોતાના ખીસ્સામાં નાખીને દોડી ગયો.

ત્યારે કલામ સાહેબે પોતાના સાથી મિત્રને કહ્યું ક્યારેય કોઈ બાળકને નિરાશ ન કરવો. કારણ કે તેના આ પૃથ્વી પર પહેલા વર્ષો છે,

પછી તેઓ ગાડી તરફ આગળ જતા હતા ત્યારે ટોળામાંથી પાઘડી અને ચોરણાવાળા એક વડીલ પોતાની લાકડી ઊંચી કરી કરીને તેમના નામની બૂમો પડતા હતા. કલામ સાહેબે કહ્યું, તેમને આવવા દો. પેલા વડીલ તેમની પાસે પહોંચ્યા અને પોતાના પૌત્ર સાથે ફોટો પડાવવાની ઈચ્છા વ્યક્ત કરી. વળી, તેમનો પૌત્ર તેમની સાથે નહોતો. તેને શોધવાનો હતો.

કલામ સાહેબને મોડુ થતું હતું. બપોરના ત્રણ વાગી ગયા હતા. તેમ છતાં તેમના ચહેરા પર અકળામણની એક રેખા પણ નહોતી. તેમણે રાહ જોઈ. પાંચ મિનિટ પછી તે પૌત્ર મળ્યો, ત્યારે તેમની સાથે ફોટો પડાવી તે વડીલને પણ રાજી કર્યા.

એ વખતે કલામ સાહેબે ફરી તેમના સાથી મિત્રને કહ્યું ક્યારેય કોઈ વૃદ્ધ માણસને તમે નિરાશ કરશો નહિ. કારણ કે, આ પૃથ્વી પર એમના છેલ્લા વર્ષો છે. અહીં આનંદ અનુભવાય છે આત્મીયતાની સૌરભનો. પુષ્પની સૌરભ નાના-મોટા સૌને આકર્ષે છે. તેમ મહાનપુરુષોનું મૂલ્યનિષ્ઠ જીવન પણ આબાલ-વૃદ્ધ સૌને આકર્ષે છે. સન 2000 માં જયારે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન પ્રમુખસ્વામી મહારાજને ગાંધીનગરમાં મળ્યા ત્યારે તેમણે કહ્યું હતું હું જયારે પ્રમુખસ્વામીની આંખોમાં જોઉ છું, ત્યારે મને તે શુદ્ધ ભાવનાથી છલકાતી દેખાય છે. મેં એમન આંખોમાં જોયું કે, તેઓ બીજાને આગળ કરીને આગળ આવ્યા છે, બીજાને ઝાંખા પાડીને નહિ.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ હોવાના નાતે ક્લિન્ટન કેટકેટલાય માંધાતાઓને મળ્યા હશે, તેમની આંખોમાં જોયું હશે. પરંતુ તેઓ કેવળ છ ધોરણ ભણેલા પ્રમુખસ્વામી મહારાજની આંખોથી આકર્ષાયા. આ આકર્ષણ હતું તેમના સ્પર્ધારહિત અહંશૂન્ય જીવનનું. ક્લિન્ટન વિદાય થયા અને તરત જ પ્રમુખસ્વામી મહારાજની આંખો કચ્છના ભૂકંપગ્રસ્ત ગામડામાંથી તેમને મળવા આવેલા સામાન્ય ગરીબ ભાવિકોને શોધવા લાગી. આજુબાજુના લોકો તો હજુ ક્લિન્ટનને મળ્યાના આનંદમાં હતા, ત્યારે પ્રમુખસ્વામીજી પેલા ગરીબ ભાવિકોના પ્રશ્નો ઉકેલવામાં વ્યસ્ત થઈ ગયા હતા. મુખ પર એવું જ વાત્સલ્ય અને કરુણા હતી જેવી ક્લિન્ટનને મળતી વખતે હતી. અહીં આકર્ષણ છે સમત્વરુપી સૌરભનું.

તેમના સદગુણમય જીવનના આકર્ષણનો વિશેષ અનુભવ વિશ્વને ત્યારે થયો, જયારે તેમના દેહવિલય વખતે 21 લાખથી વધારે લોકો તેમના અંતિમ દર્શન કરવા આકર્ષાયા.

આવા મૂલ્યોથી મહેકતા અનેક મહાપુરુષોની સૌરભ આ જગતને આજે પણ મહેકાવી રહી છે. તો આવો પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે પ્રગટ થતી આ લેખમાળામાંથી, આપણે પણ આવા મૂલ્યોના પાઠ પ્રતિ સપ્તાહ શીખીએ અને આપણા જીવનની સાથે સમગ્ર વિશ્વને સૌરભથી મહેકાવીએ.

- સાધુ અચલકીર્તિદા

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2021 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...

Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels: LIST & SELL with confidence

Major Achievements: Among TOP 75 PRODUCERS IN CANADA AWARD & CENTURION PRODUCER AWARDS 2017-2021

COMING UP FOR SALE IN AUG/SEPT 2022
- Motel near Hamilton Under $4M
- Franchise Hotel 3 Hrs E of GTA Under $7M
- Franchise Hotel 1.5 Hrs E of GTA- Under $6.5M
- Motel near Windsor Under $6M

URGENT: MOTEL LISTINGS REQUIRED
Preferably Motels around $3 Million price range & within 4 hours from GTA for some serious and qualified buyers.

12 TO 45 ROOM MOTEL IN NORTHERN ONTARIO
Asking Price: $900,000 To $5,000,000
(40% to 50% down payment require)

MOTEL OPERATOR / WORKING PARTNER REQUIRED
Good Salary + Partnership (20% to 50%)
Minimum $200,000 investment required

RECENTLY SOLD MOTELS NEAR.....
Sault Ste. Marie, Blind River, Welland, London, Sarnia, North Nay, Cochrane, Pembroke, Ottawa, Thunder Bay

JOB AVAILABLE: FOR MOTELS IN NORTHERN ONTARIO
- Housekeeper/Cleaner For room cleaning and general work, accommodation available for the couple / small family
- Motel Operator To run the motel professionally. Front desk + housekeeping work- Good salary &free accommodation.
- Working Partner To invest min $200K, stay & operate/manage the motel Partnership % + Salary + accommodation.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph.: 905-366-8100